અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ ઓગસ્ટ ૨૦૨૩, શનિવાર
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ સુદ દશમ
વર્ષ : ૧૫
અંક : ૩૧
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮
ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**નબળા વૈશ્વિક સંકેતોને કારણે ભારતીય સ્થાનિક શેરબજારમાં ઉથલ-પાથલ**

**જિયો ફાઇનાન્શિયલ ૪ ટકા અને વોડાફોન આઇડિયાના શેરમાં ૯ ટકા સુધીનો ઉછાળો, શોપર્સ સ્ટોપ ૧૩ ટકા અને જીએમઆર એરોપોર્ટ ૫ ટકા ઘટ્યો**

## સેન્સેક્સ સતત બીજા સત્રમાં ૪૫૮ પોઈન્ટ ગગડ્યો, નિફ્ટી ૧૯,૩૦૦ની નીચે બંધ

। મુંબઈ, તા.૨૫ ।

વૈશ્વિક બજારોમાં નબળા વલણ વચ્ચે શુક્રવારે ઈક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકોમાં ઘટાડો થયો હતો. સેન્સેક્સ સતત બીજા સત્રમાં ૪૫૮ પોઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી પણ ૧૯,૩૦૦ પર બંધ રહ્યો હતો. જિયો ફાઈનાન્શિયલ ૪ ટકા અને વોડાફોન આઈડિયાના શેરમાં ૯ ટકા સુધીનો ઉછાળો નોંધાયો છે. શોપર્સ સ્ટોપ ૧૩ ટકા અને જીએમઆર એરોપોર્ટ લગભગ ૫ ટકા ઘટ્યો હતો. અસ્થિર વેપારમાં, શુક્રવારે સેન્સેક્સ ૪૫૭.૪૧ પોઈન્ટ અથવા ૦.૭૦% ઘટીને ૬૪,૭૯૪.૯૩ પર બંધ થયો હતો. એ જ રીતે, નિફ્ટી-૫૦ પણ ૧૪૩.૭૦ પોઈન્ટ અથવા ૦.૭૪% ઘટીને ૧૯,૨૪૩ના સ્તરે બંધ થયો હતો. સેન્સેક્સ પેકના ૩૦ શેરોના ૨૩ શેર લાલ નિશાન સાથે બંધ થયા છે. જ્યારે માત્ર ૭ શેર જ નજીવા વધારા બાદ લીલા નિશાન સાથે બંધ થયા હતા. એલકેપી સિક્યોરિટીઝના રિસર્ચ હેડ એસ રંગનાથને બજારની સ્થિતિ અંગે જણાવ્યું હતું કે ફેડની બેઠક અને પોવેલના આજે ભાષણ પહેલાં વૈશ્વિક સંકેતોને અનુરૂપ બેન્ચમાર્ક સૂચકાંકો નબળાઈ સાથે ખુલ્યા હતા. હોમ બેક પર, તમામ સેક્ટોરલ ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ થયા હતા,



મિડકેપ ઈન્ડેક્સ પણ એક ટકાથી વધુ ઘટ્યો હતો. વોડાફોન આઈડિયાએ શુક્રવારે ટોપ ગેનર્સમાં સ્થાન મેળવ્યું હતું, શેર ૯.૪૩ ટકા વધ્યો હતો. અશી ઈન્ડિયા ગ્લાસ ૯.૪૨ ટકા વધ્યો હતો. એ જ રીતે ઈન્ડિયા બુલ્સ હાઉસિંગ ફાઈનાન્સના શેરમાં ૮.૯૧ ટકાનો વધારો થયો હતો. ફર્સ્ટ સોર્સ સોલ્યુશન્સનો શેર ૭.૪૪ ટકા અને સેરી સેનિટરીવેર ૫.૭૫ ટકા વધ્યો હતો.

શોપર્સ સ્ટોપ સૌથી વધુ ૧૨.૭૧ ટકા ઘટ્યો હતો. ગલ્ફ ઓઈલ લુબ્રિકન્ટ્સ ૯.૫૪ ટકા અને ડીએસજેકીપના શેર ૫ ટકા ઘટ્યા હતા. તે જ સમયે, જીએમઆર એરપોર્ટ ૪.૧૬ ટકા અને બીઈએમએલશેર ૩.૯૪ ટકા ઘટ્યા હતા. એ જ રીતે લાર્સન ટુબ્રો, ઈન્ડસઈન્ડ બેંક, પાવરગ્રીડ, આઈટીસી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો અને લાલ નિશાન સાથે બંધ થયો હતો. રૂપિયાની સ્થિતિ અંગે, એલકેપીસિક્યોરિટીઝના વીપીરિસર્ચ એનાલિસ્ટ જતિન ત્રિવેદીએ જણાવ્યું હતું કે ડૉલર ઈન્ડેક્સમાં વધારાને કારણે રૂપિયામાં ૦.૦૮ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો હતો, જે કદાચ ભૂતકાળમાં રૂપિયાના મજબૂત પ્રદર્શનથી પ્રભાવિત છે. ડૉલરની હાલની મજબૂતાઈને આગામી બેઠકોમાં વ્યાજદરના ઊંચા દરની વધતી સંભાવનાને ટેકો મળે તેમ જણાય છે. રૂપિયા માટે ટ્રેડિંગ રેન્જ ૮૨.૫૦ થી ૮૨.૯૦ ની રેન્જમાં રહેવાની ધારણા છે.

---

### ન્યૂઝ બ્રિફ

#### કેન્દ્ર સરકાર ચીનનું સંપૂર્ણ સત્ય કહી રહી નથી : રાહુલ

। લદાખ, તા.૨૫ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને મોટો દાવો કર્યો છે. લદ્દાખમાં કાર્યકર્તાઓ સાથે વાતચીત



દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું, હું તમને ખાતરી આપું છું કે અમે ૨૦૨૪માં બીજેપીને હરાવીશું. આ સાથે તેમણે એમ પણ કહ્યું કે, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને તેલંગાણાની ચૂંટણી પણ જીતીશું. રાહુલ ગાંધીએ કહ્યું કે, કેન્દ્ર સરકાર ચીનનું સંપૂર્ણ સત્ય કહી રહી નથી. લદ્દાખ એક વ્યૂહાત્મક સ્થળ છે. ચીને ભારત પાસેથી હજારો કિલોમીટર જમીન છીનવી લીધી છે.

#### ચંદ્રયાન-૨ના ઓર્બિટરે ચંદ્રયાન-૩ની લેટેસ્ટ તસવીરો મોકલી

। નવી દિલ્હી, તા.૨૫ ।

ચંદ્રયાન-૩ની સફળતાથી ભારત સહિત સમગ્ર વિશ્વ આનંદિત છે. ભારતે એ કરી બતાવ્યું છે જે આજ સુધી દુનિયામાં કોઈ બીજો દેશ કરી શક્યો નથી. ભારતે ચંદ્રના દક્ષિણ ધ્રૂવ પર સફળ લેન્ડિંગ કર્યું હતું. હવે ત્યાં લેન્ડર અને રોવર બંને છૂટાં પડી ગયા છે અને આગળ ચંદ્ર પર રિસર્ચની શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે ચંદ્રયાન-૩ની વિવિધ તસવીરો હવે સામે આવી રહી છે. ચંદ્રયાન-૨ના ઓર્બિટરે ચંદ્રયાન-૩ની લેટેસ્ટ તસવીરો મોકલી હતી. આ અંગે ટ્વિટ કરતાં ઈસરોએ માહિતી આપી હતી કે ચંદ્રયાન-૩ પર ચંદ્રયાન-૨ની નજર છે.

---

**ગુજરાત યુનિવર્સિટીના માનહાનીના કેસમાં કેજરી એક્શનમાં**

## ગુજરાત હાઈકોર્ટમાંથી રાહત ન મળતાં કેજરીવાલ સુપ્રીમમાં

। અમદાવાદ, તા.૨૫ ।



દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની રજૂઆત હતી કે, મેટ્રો કોર્ટ પર ચાલી રહેલા ટ્રાયલ સામે થોડો સમય સ્ટે આપવામાં આવે.

રીવિઝન અરજી પર નિર્ણય આવે ત્યાં સુધી રાહત આપવામાં આવે. તાજેતરમાં કેજરીવાલની હાજર થવા માટેના સમન્સને પડકારતી અરજી પર હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં કેજરીવાલ અને સંજય સિંહને મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ હાજર થવા સમન્સ ઈશ્યુ થયુ હતું. ત્યાર બાદ પણ તેઓ હાજર નહોતા રહ્યાં પરંતુ હવે કેજરીવાલ સુપ્રીમ કોર્ટ પહોંચ્યાં છે. સુપ્રીમ કોર્ટની ડબલ બેંચ આજે આ કેસમાં સુનાવણી હાથ ધરશે. કોર્ટે કેજરીવાલની સ્ટે માટેની અરજીની સુનાવણી દરમિયાન સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. હવે નીચલી કોર્ટમાં કેજરીવાલે હાજર રહેવું પડે એમ હતું પરંતુ તેઓ હાજર રહ્યાં નહોતા. સુનાવણી વખતે કોર્ટે કહ્યું હતું કે, તમે જ કોર્ટને બાહેંધરી આપી હતી કે હાજર રહેશો. કોર્ટ બોલાવે ત્યારે તમારે હાજર રહેવું જોઈએ. જ્યારે કેજરીવાલના વકીલે કહ્યું હતું કે, અગાઉ દિલ્હીમાં પૂરની સ્થિતિ હતી માટે હાજર રહી શક્યા ન હતા.

---

**ભારતની મેચો માટે ૩૦ ઓગસ્ટથી બુકિંગ**

## ભારતમાં રમાનારા વન-ડે વર્લ્ડ કપની ટિકિટનું બુકિંગ શરૂ

। નવી દિલ્હી, તા.૨૫ ।

આ વખતે વન-ડેવર્લ્ડકપ ભારતમાં યોજવાનો છે. એવામાં ક્રિકેટરસ્યાઓ કેટલા સમયથી મેચોની ટિકિટ બુકિંગની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. એવામાં આ તમામ ક્રિકેટપ્રેમીઓ માટે આજે ખુશીના સસમાચાર મળી રહ્યા છે. વન-ડેવર્લ્ડકપની ટિકિટની રાહ આજે પૂરી થવા જઈ રહી છે. ચાહકો થોડા કલાકો પછી ટિકિટ બુક કરી શકશે. ભારતમાં ૫ ઓક્ટોબરથી ૧૯ નવેમ્બર દરમિયાન વર્લ્ડ કપની મેચો રમાવાની છે. પ્રથમ મેચ ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે થવાની છે. ૨૫ ઓગસ્ટથી, ભારત સિવાય, ટુર્નામેન્ટમાં પ્રવેશી રહેલી અન્ય ૯ ટીમોની વોર્મ-અપ મેચોની ટિકિટો અને આ ૯ ટીમોની વર્લ્ડ કપ મેચોની ટિકિટ ઉપલબ્ધ થશે. ચાહકો રાત્રે ૮ વાગ્યાથી ટિકિટ બુક કરાવી શકશે. સૌથી સસ્તી ટિકિટ ૪૯૯ રૂપિયા છે. ચાહકો ૩૦ ઓગસ્ટથી



ટીમ ઈન્ડિયાની મેચ માટે ટિકિટ બુક કરી શકશે. આઈસીસીએ તેમના પ્રશંસકોને ટિકિટની સતત માહિતી માટે વેબસાઈટ https://www.cricketworldcup.com/register પર જઈને રજીસ્ટ્રેશન કરવા કહ્યું હતું. અહીંથી તેઓ ટિકિટ વિશે માહિતી મેળવતા રહેશે. સૌ પ્રથમ તેઓએ રજિસ્ટર્ડ મેઈલ આઈડી દાખલ કરવાનું રહેશે અને લોગીન કર્યા પછી જ તેઓ ટિકિટ બુક કરી શકશે. બુકિંગ કર્યા પછી, ચાહકો તેને પસંદ કરેલ કેન્દ્ર અથવા કુરિયર દ્વારા મેળવી શકે છે. કુરિયર ચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે.

---

**વડાપ્રધાન મોદી બેંગલુરુમાં કરશે રોડ શો**

## ભારત આવીને સીધા ચંદ્રયાન ૩ની ટીમને મળશે વડાપ્રધાન

। બેંગલુરુ, તા.૨૫ ।

ચંદ્રયાન-૩ના સફળ સોફ્ટ લેન્ડિંગ બાદ રોવરે ચંદ્રની સપાટીનું પરીક્ષણ પણ શરૂ કરી દીધું છે. ૨૩ ઓગસ્ટે ચંદ્રયાનના લેન્ડિંગ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચાલી રહેલા બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ પહોંચ્યા હતા. પરંતુ, પીએમ મોદીએ ત્યાંથી લાઈવ જોડાઈને ભારતનું ચંદ્ર મિશન જોયું અને તેની સફળતા માટે ઈસરો અને તમામ વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યા. ભાજપના સૂત્રોએ જણાવ્યું છે કે ગ્રીસ પ્રવાસ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સીધા કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં ઉતરશે. અહીં ISROનું મુખ્યાલય છે. તેમના વિદેશ પ્રવાસથી પરત ફર્યા બાદ તરત જ એટલે



કે ૨૬ ઓગસ્ટે સવારે લગભગ ૭ વાગ્યે પીએમ સીધા જ ઈસરોના હેડક્વાર્ટર પહોંચશે, જ્યાં તેઓ ચંદ્રયાન-૩ની આખી ટીમને મળશે. બેંગલુરુમાં પીએમ મોદીના આગમન પર કર્ણાટક બીજેપી પણ એક નાનો રોડ શો યોજવાની તૈયારી કરી રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે ઈસરોના વૈજ્ઞાનિકોને મળ્યા બાદ પીએમ દિલ્હી જવા રવાના થશે. દિલ્હી એરપોર્ટ પર પીએમ મોદીના સ્વાગતની તૈયારીઓ પણ કરવામાં આવી રહી છે.

---

## પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સરન્ડર કર્યું

**અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ચૂંટણીમાં ફ્રોડ આરોપસર હાલ તો જેલમાં જતા બચી ગયા છે**

। વોશિંગ્ટન, તા.૨૫ ।

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ચૂંટણીમાં ફ્રોડ આરોપસર હાલ તો જેલમાં જતા બચી ગયા છે. કોર્ટે તેમને ૨ લાખ ડોલરના બોન્ડ પર જામીન આપ્યા છે. આ અગાઉ કેસ દાખલ થતા તેઓ સરન્ડર થવા માટે જ્યોર્જિયાની જેલ પહોંચ્યા હતા. તેના આગમનની સૂચના પર જેલની આજુબાજુ સુરક્ષા કડક કરવામાં આવી હતી. ટ્રમ્પે આ કેસને પોતાના વિરુદ્ધ ષડયંત્ર ગણાવ્યું છે. ન્યૂઝ એજન્સી એએફપીના હવાલે મળેલી જાણકારી મુજબ ધરપકડ બાદ ટ્રમ્પનો મગશોટ પણ લેવાયો તો. ટ્રમ્પના જેલમાં સરન્ડર કરવાથી રાષ્ટ્રપતિ ચૂંટણી માટે તેમનું રેટિંગ વધી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ પ્લેનથી ન્યૂજર્સીના નેવાર્કથી જ્યોર્જિયા (એટલાન્ટા) પહોંચ્યા.



રવાના થતા પહેલા ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટૂથ પર ડિસ્ટ્રિક્ટ એટોર્ની ફાની વિલિસ પર બળાપો કાઢ્યો હતો. ફાનીએ જ ટ્રમ્પ વિરુદ્ધ ચોથો કેસ દાખલ કરાવ્યો છે. ટ્રમ્પે દાવો કર્યો કે એટલાન્ટામાં અપરાધનો દર વધવા બદલ તેઓ જ જવાબદાર છે. આ મગ શોટ કોઈ અપરાધીનો રેકોર્ડની શરૂઆત કરવા માટે બનાવવામાં આવે છે. આ એક પ્રકારથી ક્રાઈમ કેસ હિસ્ટ્રી શરૂ કરવાનું માની શકાય છે.

---

**વડાપ્રધાન મોદીએ શી જિનપિંગને કહ્યું**

## ભારત અને ચીન સંબંધોને સામાન્ય બનાવવા માટે LACનું સન્માન જરૂરી

**દક્ષિણ આફ્રિકામાં યોજાયેલા ૧૫માં બ્રિક્સ સંમેલનમાં બધાની નજરો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પર ટકેલી હતી**

। જોહનિસબર્ગ, તા.૨૫ ।

દક્ષિણ આફ્રિકાના જોહનિસબર્ગમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની એક નાની મુલકાત ખુબ ચર્ચામાં આવી છે. બંને નેતા વર્ષ ૨૦૨૦થી પૂર્વી લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર જારી ટકરાવ બાદ બીજીવાર મળ્યા છે. પીએમ મોદીએ આ નાની મુલાકાતમાં શી જિનપિંગને સ્પષ્ટ કરી દીધુ કે ચીને એલએસીનું સન્માન કરવું પડશે. વિદેશ મંત્રાલય તરફથી આ વિશે વિસ્તારથી માહિતી આપવામાં આવી છે. ભારતના વિદેશ સચિવ વિનય ક્વાત્રા તરફથી જણાવવામાં આવ્યું છે કે પીએમ મોદીએ ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વાત કરી અને એલએસી પર વણઉકેલ્યા મુદ્દા પર ભારતની ચિંતાઓ પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રીએ સ્પષ્ટ કહ્યું કે સરહદી ક્ષેત્રમાં શાંતિ બનાવી રાખવી અને એલએસીનું સન્માન કરવું ભારત-ચીન સંબંધોને સામાન્ય બનાવવા માટે જરૂરી છે. જણાવવામાં આવી રહ્યું છે કે બંને દેશના નેતા આ સંબંધમાં અધિકારીઓને જલદીથી જલદી સૈનિકોની વાપસી અને તણાવ ઘટાડવાના પ્રયાસોમાં ગતિ લાવવાનો નિર્દેશ આપવા પર સહમત થયા છે.



## ન્યુઝ બોક્ષ

### રખડતા ઢોરના મુદ્દે ગુજરાત સરકારની નવી ગાઇડલાઇન

। અમદાવાદ, તા.૨૫ ।

રખડતા ઢોરના વધતા ત્રાસ અને હુમલાઓને લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઝાટકણી કાઢ્યા બાદ રાજ્ય સરકાર સફાળી જાગી હતી. હાઈકોર્ટે ૧૧ જુલાઈના અમદાવાદના બિસ્માર રોડ અને રખડતા ઢોર મુદ્દે સરકાર અને અમદાવાદ મહાપાલિકાની ઝાટકણી કાઢી હતી. હવે રાજ્ય સરકારે રખડતા ઢોરને લઈ મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા વિસ્તાર માટે સરકારે માર્ગદર્શિકા જાહેર કરી છે. આ વિસ્તારોમાં રખડતા ઢોરનું રજીસ્ટ્રેશન પણ ફરજિયાત કરવામાં આવ્યું છે. રજીસ્ટ્રેશન વગરનાં ઢોરને જપ્ત કરવામાં આવશે. આ ઉપરાંત મહાનગરપાલિકા તેમજ નગરપાલિકાએ પશુઓમાં ટેગ લગાવવાની કામગીરી કરવી પડશે.પરમિશન માટે નિશ્ચિત ચાર્જ ભરવો પડશે. તો જાહેર રસ્તાઓ પર ઘાસ વેચાણ અને પશુઓને ઘાસ ખવડાવવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યા છે. રખડતા ઢોરોને નિયંત્રણમાં રાખવા માટે માર્ગદર્શિકાનો ડ્રાફ્ટ તૈયાર કરવા ૧૦ સભ્યોની કમિટીને જવાબદારી સોંપ ાઈ હતી. તમામ પાસાઓના વિચારણાની અંતે રાજ્ય સરકારે રખડતા ઢોર માટે માટે એક કોમન માર્ગદર્શિકા જાહેર કરી છે. જેમા હવે મહાનગરપાલિકા ઉપરાંત નગરપાલિકાઓમાં ઢોરનું રજિસ્ટ્રેશન કરી લાયસન્સ ફરજિયાત બનાવાયુ છે. આ ઉપરાંત પશુઓની ઓળખ કરી શકાય તે માટે ચીપ અને ટેગ પણ લગાવવા પડશે. સરકારની નવી ગાઈડલાઈન અનુસાર, રોડ પર રખડતા ઢોરનું રજિસ્ટ્રેશન ફરજિયાત રહેશે અને જો રજિસ્ટ્રેશન નહીં કરવામાં આવે તો ઢોરને જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. સરકાર દ્વારા રાજ્યના તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાને પશુઓને ટેગ લગાવવાની કામગીરી કરવા માટેની સૂચના આપવામાં આવી છે. નવા નિયમો અનુસાર મનપા અને નપામાં ઢોર રાખવા માટે પશુપાલકે ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવું પડશે. લાયસન્સ અને નોંધણી પેટે સરકાર રૂપિયા ૭૫૦ ઉઘરાવશે. સાથે દર ૩ વર્ષે પશુઓના લાયસન્સ અને નોંધણી રીન્યુ કરવવા પડશે. તેમજ ઢોર રસ્તા પર રખડતા દેખાશે તો તેના માલિક પાસેથી ૧૦૦૦થી લઈ ૧૦૦૦૦ રૂપિયા સુધીનો દંડ વસૂલવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. જો પકડાયેલા પશુઓ માલિક નહિ છોડાવે તો દુધાળા પશુઓની હરાજી કરવામાં આવશે. પશુ પકડવાની ટીમમાં સ્થાનિક પોલીસનો સમાવેશ કરવામાં આવશે. પશુ પકડવાની કામગીરીમાં અડચણ કરનાર સામે પણ પોલીસ કાર્યવાહી કરાશે. જે પશુ માલિકો પાસે જગ્યા નહિ હોય તેમને પશુઓ શહેરની બહાર લઈ જવા પડશે.

### કમિશન વધારાની માંગણીનો અમલ થયો નથી

# સસ્તા અનાજના દુકાનદારોએ આંદોલનની ચીમકી ઉચ્ચારી

### દુકાનદારોના કમિશન વધારાની માંગણીનો ઉકેલ ના આવતા સપ્ટેમ્બરમાં રાશન કાર્ડ ધારકોને અનાજ મળશે નહીં

। ગાંધીનગર, તા.૨૫ ।

સપ્ટેમ્બર મહિનામાં રેશનકાર્ડ ધારકોને અનાજ મળશે નહીં. કમિશન વધારાની માંગણીનો અમલ ન થતાં સસ્તા અનાજના દુકાનદારોએ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. મળતી જાણકારી અનુસાર, રેશનિંગ દુકાનદારોના કમિશન વધારાના માંગણીનો ઉકેલ ના આવતા સપ્ટેમ્બર મહિનામાં રાશન કાર્ડ ધારકોને અનાજ મળશે નહીં. આગામી દિવસોમાં તહેવારોની શરૂઆત થઇ રહી છે ત્યારે સરકારને કરેલી રજૂઆતોનું નિરાકરણ ન આવતા રેશનિંગના દુકાનદારોએ સસ્તા અનાજની દુકાનો પરથી અનાજ, ખાંડ અને તેલનું વિતરણ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. જેના કારણે રેશનકાર્ડધારકો મુશ્કેલી પડી શકે છે. ફેર પ્રાઈઝ શોપ વેપારી અસોસિએશનના પ્રમુખે કહ્યુ હતું કે વિધાનસભાની ચૂંટણી પૂર્વે સરકારે સસ્તા અનાજની દુકાનના તમામ ૧૭ હજાર વેપારીઓને કમિશનની ઘટ અંતર્ગત રૂપિયા ૨૦ હજાર સુધીની રકમ ભરપાઈ કરી આપવાની જાહેરાત કરાઈ હતી. પરંતુ તેનો હજી સુધી અમલ કર્યો નથી. આ ઉપરાંત સસ્તા અનાજની દુકાનો પર તપાસ કરવામાં આવે તો પુરવઠાની ઘટ હોય તો તેમાં એક ટકા સુધી રાહત અપાય છે.

### ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગે આ આદેશ અંગે ગેઝેટ નોટિફિકેશન બહાર પાડ્યું છે



હાલ અનાજના વિતરણમાં એક કિલોએ ૧.૪૩ રૂપિયા કમિશન અપાય છે તેના બદલે હરિયાણા સરકારની જેમ અનાજના કિલોએ રૂપિયા બે કમિશન આપવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવી રહી છે. તાજેતરમાં જ સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઇ હતી, પરંતુ તેમાં વાટાઘાટો પડી ભાંગતા વેપારીઓએ પુરવઠો સ્વીકારવા ઇનકાર કર્યો હતો. અગાઉ કેન્દ્ર સરકારે રેશન કાર્ડ સાથે આધાર લિંક કરવાની અંતિમ તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી લંબાવી છે. અગાઉ આ સમયમર્યાદા ૩૦ જૂન ૨૦૨૩ સુધી હતી. ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગે આ આદેશ અંગે ગેઝેટ નોટિફિકેશન બહાર પાડ્યું છે. એકથી વધુ રેશનકાર્ડ રાખવા પર પ્રતિબંધ મૂકવાના હેતુસર સરકાર આધારને રેશનકાર્ડ સાથે લિંક કરવાનો આગ્રહ કરી રહી છે. દેશના કરોડો પાત્ર રાશન કાર્ડ ધારકોને સબસિડીવાળા અનાજ અને બળતણ સસ્તા દરે વિતરણ કરવામાં આવે છે. પાસપોર્ટ, પાન કાર્ડ જેવા દસ્તાવેજોની જેમ રેશન કાર્ડનો પણ ઓળખ અને સરનામાના પુરાવા તરીકે ઉપયોગ થાય છે. ભૂતકાળમાં આવા ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે કે ઘણા જરૂરિયાતમંદ લોકોને સબસિડીવાળા અનાજ નથી મળતું અને આવા કેટલાક કિસ્સાઓ સામે આવ્યા છે કે રેશનકાર્ડ ધારકો તેમના હિસ્સા કરતા સસ્તા દરે અનાજ લઈ રહ્યા છે. જેઓ પાત્રતા ધરાવતા નથી તેઓ પણ રાશનની દુકાનોમાંથી સબસીડીવાળું અનાજ લઈ રહ્યા છે અને જેઓ પાત્ર છે તેઓને સબસીડીવાળું અનાજ નથી મળી રહ્યું. તેને રોકવા માટે કેન્દ્ર સરકારે રેશન કાર્ડને આધાર સાથે લિંક કરવાનો નિર્ણય લીધો છે. રેશનકાર્ડને આધાર સાથે લિંક કરવાના સ્ટેપ અહીં આપ્યા છે

### વરસાદ ખેંચાતા ગુજરાતનો તાત ચિંતીત

## ખેડૂતો દ્વારા ઉર્જા મંત્રીની પાસે વીજળી ૧૦ કલાક આપવા માગ

। સુરત, તા.૨૫ ।

ગુજરાતમાં છેલ્લા થોડા સમયથી વરસાદ ખેંચાઈ રહ્યો છે. જેથી ઉભા પાકને લઈને ખેડૂતોમાં ચિંતા વ્યાપી ગઈ છે. ઉભા પાકને હાલ પાણીની વધુ જરૂર હોવાથી ખેડૂતો દ્વારા ઉર્જા મંત્રી પાસે વીજળી ૧૦ કલાક આપવાની માગ સાથે ખેડૂત આગેવાન જયેશ દેલાડ દ્વારા પત્ર લખીને માગ કરવામાં આવી છે. ઉર્જામંત્રી કનુ દેસાઈને લખવામાં આવેલ પત્રમાં ઓગસ્ટ મહિનામાં વરસાદ ખેંચાતા શેરડી, ડાંગર અને શાકભાજીના પાક માટે પાણીની તાતી જરૂરિયાત હોવાનું કહેવામાં આવ્યું છે. દસ કલાક વીજળી આપવામાં આવે તો પાકને પૂરતું પાણી મળી શકે તેમ છે. દક્ષિણ ગુજરાતમાં ખેડૂતોનો મુખ્ય પાક શેરડીના નવા વાવેતરની શરૂઆત થઈ છે. ત્યારે આ માંગ સંતોષાય તેવી વાત કરવામાં આવી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ખેડૂતો દ્વારા ૧ લાખ એકરમાં શેરડીના પાકનું વાવેતર કરાય છે.દક્ષિણ ગુજરાતમાં ૧.૫૦ લાખ એકરમાં ડાંગરનો પાક તૈયાર કરવામાં આવે છે. ડાંગરના પાકને પાણીની વિશેષ જરૂરિયાત હોય છે. છેલ્લા ૨૦ દિવસથી વરસાદ ખેંચાતા ખેડૂતોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

વરસાદ ખેંચાતા દક્ષિણ ગુજરાતના ખેડૂતોની હાલત ખરાબ થઈ ચૂકી છે. ત્યારે ખેડૂત આગેવાન જયેશભાઈ પટેલ દ્વારા ઉર્જા મંત્રીને એક પત્ર લખવામાં આવ્યો છે. જેમાં ખેતીવાડીની વીજળીનાં કલાકોમાં વધારો કરવા રજૂઆત કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૨૦ દિવસથી વરસાદ ખેંચાવા પામેલ છે. હાલમાં ખેડુતોએ ડાંગરનું અંદાજીત ૧.૨૦ લાખ એકરથી વધુ વિશેષ વાવેતર કરવામાં આવેલ છે. ડાંગરનાં પાકને પાણીની જરૂરીયાત વધુ હોય છે.




### દેવડા કોલોની મોડેલ સ્કુલ ખાતે કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરાયુ

। ભરતભાઈ પંડ્યા દેવડા કોલોની, તા.૨૫ ।

કાનૂની શિક્ષણ શિબિર દિવડા કોલોની મોડેલ સ્કુલ-દિવડા ડો. એચ.એચ. જોષી દ્વારા યોજી બાળકોને પોક્સો અને પ્રારંભિક કાયદાની જાણકારી આપી માહિતગાર કર્યા હતા. કાનૂની સેવા સમિતિ-કડાણા દ્વારા આવી શિબીરો યોજી શાળાઓમાં બાળકોને માહિતગાર કરવાનો અનોખો પ્રયાસ પ્રશંસનીય છે.

### ગાયત્રી વિદ્યાવિહાર વિદ્યાલય નાનીરેલ ખાતે આચાર્યની ભરતી કરાઈ

। દેવડા કોલોની, તા.૨૫ ।

ગાયત્રી વિદ્યાવિહાર વિદ્યાલય-નાનીરેલ શાળામાં આચાર્ય તરીકેની ભરતીમાં શ્રી ડિમ્પલકુમાર વી. પંડ્યાની ભરતી કરાતાં આચાર્ય તરીકે હાજર થતાં મંડળના પ્રમુખશ્રી દશરથભાઈ બારીઆ, તાલુકા પંચાયત સભ્યો, ગામ આગેવાનો, પ્રાથમિક શાળાના આચાર્ય તથા દીપેશભાઈ દવે આંજણવા શાળાના આચાર્ય હાજર રહી



શ્રી પંડ્યાને શુભેચ્છા પાઠવી આદિવાસી બાળકોને પ્રગતિના ઉચ્ચ શિખરો પાર કરાવી સફળતા અપાવવા આહ્વાન કર્યુ હતું...

### ગુજરાતમાં હાલ વરસાદની કોઈ આગાહી નથી

## અલ નિનોને કારણે હવામાંથી વરાળની જેમ ગાયબ થયો વરસાદ

### હવામાન વિભાગે આગામી પાંચ દિવસ ગુજરાતમાં ભારે વરસાદ પડવાની કોઈ સંભાવના ન હોવાનું જણાવ્યું છે

। અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાતમાં હવે આગામી પાંચ દિવસ વરસાદની કોઈ સંભાવના નથી. ગુજરાતના વાતાવરણમાંથી વરાળની જેમ વરસાદ ગાયબ થઈ ગયો છે. ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં એકાદ-બે જગ્યાને બાદ કરતા ક્યાંય પણ ભારે વરસાદ પડ્યો નથી. ત્યારે હવામાન વિભાગે આગામી પાંચ દિવસ ગુજરાતમાં ભારે વરસાદ પડવાની કોઈ સંભાવના ન હોવાનું જણાવ્યું છે. જ્યારે બે દિવસ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હળવા વરસાદની આગાહી છે. જ્યારે અમદાવાદમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. તેમજ બે ડિગ્રી તાપમાન પણ વધવાની શક્યતા છે. ૨ દિવસ બાદ ગુજરાતમાં સૂકું વાતાવરણ જોવા મળશે. હાલ વરસાદને લઈને કોઈ એક્ટિવ સિસ્ટમ નહીં હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. વાતાવરણમાં ભેજના કારણે વરસાદી માહોલ જોવા મળશે, પરંતુ ભારે વરસાદની કોઈ સંભાવના નથી. ભર સીઝનમાં જ વરસાદ ગાયબ થઈ જવાને લઈને હવામાન એક્સપર્ટ પણ ચિંતામાં મુકાયા છે. એક્સપર્ટસે આ વિશેનું કારણ જણાવ્યું કે, ક્લાઈમેટ ચેન્જના કારણે વરસાદ પર અસર થઈ છે. ચાલુ વર્ષે ચોમાસા પર ક્લાઈમેટ ચેન્જની અસર થઈ છે. નિષ્ણાંતોના અભ્યાસમાં આ તારણ સામે આવ્યું છે. તેઓએ જણાવ્યું કે, અલ-નિનોને કારણે લાંબા સમય સુધી વરસાદ પર બ્રેક લાગી શકે છે. જૂનથી ઓગસ્ટ સુધીમાં વરસાદમાં આવેલી વધઘટનું કારણ ક્લાઈમેટ ચેન્જ છે. ક્લાઈમેટ ચેન્જના કારણે ક્યાંક ભારે તો ક્યાંક નહીંવત વરસાદ જોવા મળી રહ્યો છે. ક્લાઈમેટ ચેન્જના કારણે ઘણા લાંબા સમયથી વરસાદે વિરામ લીધો હોવાનું તારણ તેઓએ જણાવ્યું. નિષ્ણાતોના મતે, જૂનમાં બિપરજોયના કારણે કેરળમાં ચોમાસાના આગમનમાં પણ અસર પડી હતી. એક અભ્યાસમાં સામે આવ્યું કે, આ વર્ષે ચોમાસાએ ૧૯૬૧ બાદ પ્રથમ વખત દિલ્લી અને મુંબઈને એકસાથે આવરી લીધું છે. જૂનમાં દેશના ૩૭૭ સ્ટેશન્સમાં ભારે વરસાદ નોંધાયો છે. જે છેલ્લા ૫ વર્ષમાં સૌથી વધુ હોવાની માહિતી છે. નિષ્ણાતોએ જણાવ્યું કે, ક્લાયમેટ ચેન્જને કારણે બંગાળની ખાડી અને અરબ મહાસાગરમાં ચક્રવાતનું પ્રમાણ અને લાંબા સમય સુધી તેની તીવ્રતા રહી છે. જુલાઈમાં ભારે વરસાદની ઘટના વધી હતી, જે છેલ્લા ૫ વર્ષમાં પડેલો સૌથી વધુ વરાસદ છે. હાલ દેશમાં ચોમાસું અનિયમિત બની રહ્યું છે. ક્યારેક વરસાદ પડે તો ક્યારેક સૂકા હવામાનનો અનુભવ થાય હાલ જે થઈ રહ્યું છે તે ક્લાયમેટ ચેન્જની અસર છે.

ઓગસ્ટમાં પણ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદ રહ્યો, જેમાં ૮૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે. ચોમાસા પર બ્રકે અને સામાન્ય વરસાદનો ટ્રેન્ડ ચાલુ રહ્યો છે. અલ નિનોને કારણે ચોમાસા પર બ્રેક લાંબા સમય સુધી રહેશે. તેથી ચાલુ વર્ષે ચોમાસું આવુ જ જોવા મળશે. અલ નિનોની અસર જેટલી તીવ્ર, વરસાદનો બ્રેક એટલો જ લાંબો રહેશે.

## વિશેષ લેખ

### ૧૯૭૨માં છેલ્લી અપોલો મિશન પછી, કોઈ પણ મનુષ્ય ચંદ્ર પર પાછો ફર્યો નથી

# મનુષ્યએ અત્યાર સુધીમાં ચંદ્ર પર કુલ ૬ માનવ સફર કરી છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

માણસે ચંદ્ર પર કુલ છ માનવ સફર કરી છે. આ પ્રવાસો યુનાઈટેડ સ્ટેટ્સની અવકાશ એજન્સી નાસા દ્વારા પ્રખ્યાત એપોલો પ્રોગ્રામના ભાગરૂપે કરવામાં આવી હતી.

૨૦ જુલાઈ, ૧૯૬૯ ના રોજ પ્રથમ માનવસહિત ચંદ્ર ઉતરાણ થયું હતું, જ્યારે અવકાશયાત્રીઓ નીલ આર્મસ્ટ્રોંગ અને એડવિન એલ્ડ્રિન એપોલો ૧૧ મિશન દરમિયાન ચંદ્રની સપાટી પર ચાલ્યા હતા. આ ઐતિહાસિક ઘટના અવકાશ સંશોધનમાં એક સીમાચિહ્નરૂપ છે અને માનવ ઈતિહાસમાં એક પ્રતિકાત્મક ક્ષણ બની ગઈ છે.

એપોલો ૧૧ની સફળતા પછી, ચંદ્ર પર માનવસહિત ઉતરાણ સાથે અન્ય પાંચ એપોલો મિશન હાથ ધરવામાં આવ્યા હતા. નવેમ્બર ૧૨માં એપોલો ૧૯૬૯, ફેબ્રુઆરી ૧૪માં એપોલો ૧૯૭૧, જુલાઈ ૧૫માં એપોલો ૧૯૭૧, એપ્રિલ ૧૬માં એપોલો ૧૯૭૨ અને ડિસેમ્બર ૧૭માં એપોલો ૧૯૭૨. આ દરેક મિશનનો ચોક્કસ વૈજ્ઞાનિક ધ્યેય હતો, જેમાં ચંદ્રના નમૂનાઓ એકત્રિત કરવા, ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણો અને આપણા કુદરતી ઉપગ્રહ અને પૃથ્વી સાથેના તેના સંબંધને વધુ સારી રીતે સમજવા માટે પ્રયોગો હાથ ધરવાનો સમાવેશ થાય છે.


૧૯૭૨માં છેલ્લી અપોલો મિશન પછી, કોઈ પણ મનુષ્ય ચંદ્ર પર પાછો ફર્યો નથી. જો કે, અવકાશયાત્રીઓને મંગળ અને તેનાથી આગળના સ્થળો પર લઈ જવાના હેતુથી અન્ય કાર્યક્રમો અને મિશન સાથે અવકાશ સંશોધન આગળ વધવાનું ચાલુ રાખે છે. ચંદ્ર પર માનવ હાજરી ભવિષ્યના અવકાશ મિશન માટે હોટસ્પોટ બની રહે છે, અને વિશ્વભરની અવકાશ એજન્સીઓ આ મહત્વાકાંક્ષી દ્રષ્ટિને વાસ્તવિકતા બનાવવા માટે પ્રોજેક્ટ્સ અને ટેક્નોલોજીઓ પર કામ કરવાનું ચાલુ રાખે છે.

એ વાત સાચી છે કે આપણે ૧૯૭૨થી ચંદ્ર પર પગ મૂક્યો નથી, એપોલો ૧૭ અવકાશયાત્રી, જીન સેર્નન, ચંદ્ર પરના છેલ્લા માનવ મિશન પછી આપણો ઉપગ્રહ છોડ્યો.

સેલેનાઈટ ભૂમિની સફરનું કારણ શું હતું તે શોધવા માટે, આપણે ૧૯૬૦ ના દાયકાના અંતમાં પાછા જવું પડશે. બીજા વિશ્વયુદ્ધ પછીના શીત યુદ્ધ દરમિયાન, યુનાઈટેડ સ્ટેટ્સ અને સોવિયેત સંઘે વિશ્વ ચેસબોર્ડ પર ચેસની તેમની અનોખી રમત રમી, અને આ રમતની કેટલીક મહત્વપૂર્ણ ચાલમાં સ્પર્ધા કરવામાં આવી જે સ્પેસ રેસ તરીકે જાણીતી બની, બે મહાન શક્તિઓ વચ્ચેની કઠોર લડાઈ જેનું અંતિમ ધ્યેય ચંદ્ર હતું. આ યુદ્ધમાં, બંને દેશો તેમના વિરોધીઓ પર તેમના લશ્કરી અને તકનીકી ફાયદા બતાવવાનો પ્રયાસ કરે છે, જે આખરે તેમને વિશ્વમાં વર્ચસ્વ તરફ દોરી જશે.

શીત યુદ્ધના સંદર્ભ વિના, આપણા ઉપગ્રહોને મિશન કેવી રીતે મોકલવા તે સમજવું મુશ્કેલ લાગે છે. પોતાનામાં અંત કરતાં પણ વધુ, ચંદ્રની સફર બાકીની સદી માટે આંતરરાષ્ટ્રીય રાજકીય એજન્ડાની ગતિ નક્કી કરશે જે વિશ્વને બતાવશે કે કોની પાસે વધુ શક્તિ છે. પરંતુ પરસ્પર પરસ્પર વિનાશ કરવા સક્ષમ સમૃદ્ધ પરમાણુ શસ્ત્રાગાર સાથે બે મહાન શક્તિઓ વચ્ચેના સીધા સંઘર્ષને ટાળવાનો પણ આ એક માર્ગ છે, પરમાણુ વિનાશનો વિલાપ કર્યા વિના મૂડીવાદ અને સામ્યવાદ વચ્ચે વૈચારિક સંઘર્ષ ટાળવો. તેથી જો ચંદ્ર પર અને પીઠ પર માણસને લેન્ડ કરવું એ આજે લગભગ એક યુટોપિયા છે, તો ૫૦ વર્ષ પહેલાં તેનો





અર્થ શું હશે તેની કલ્પના કરવી સરળ છે. અમારા ઉપગ્રહ પર પહોંચીને અને સફળતાપૂર્વક પાછા ફરવાથી, યુનાઈટેડ સ્ટેટ્સે તકનીકી, લશ્કરી અને આર્થિક પરાક્રમનું પ્રદર્શન કર્યું જેણે બાકીના વિશ્વને ખૂબ જ સ્પષ્ટ સંદેશો મોકલ્યો: "આજે, યુનાઈટેડ સ્ટેટ્સ અહીં શાસન કરે છે.

યુનાઈટેડ સ્ટેટ્સ અને સોવિયેત યુનિયન વચ્ચેની અવકાશ સ્પર્ધા શરૂ થઈ ત્યારે શીત યુદ્ધથી, ચંદ્રની થોડી સફર કરવામાં આવી છે. ૧૯૭૨ સુધી જ્યારે અવકાશયાત્રી જીન સેર્નાને છેલ્લી વખત આપણા ઉપગ્રહ પર પગ મૂક્યો ત્યારે માણસે ચંદ્ર પર ઘણી વખત પગ મૂક્યો છે. ત્યારથી, ઘણા લોકો આશ્ચર્ય પામ્યા છે ચંદ્રની કેટલી સફર માણસે કર્યો છે અને શા માટે ચંદ્ર પર વધુ પ્રવાસો કરવામાં આવ્યા નથી

અત્યાર સુધીમાં માણસે ચંદ્ર પર કુલ છ માનવ સફર કરી છે. આ પ્રવાસો યુનાઈટેડ સ્ટેટ્સની અવકાશ એજન્સી નાસા દ્વારા પ્રખ્યાત એપોલો પ્રોગ્રામના ભાગરૂપે કરવામાં આવી હતી.

૨૦ જુલાઈ, ૧૯૬૯ ના રોજ પ્રથમ માનવસહિત ચંદ્ર ઉતરાણ થયું હતું, જ્યારે અવકાશયાત્રીઓ નીલ આર્મસ્ટ્રોંગ અને એડવિન એલ્ડ્રિન એપોલો ૧૧ મિશન દરમિયાન ચંદ્રની સપાટી પર ચાલ્યા હતા. આ ઐતિહાસિક ઘટના અવકાશ સંશોધનમાં એક સીમાચિહ્નરૂપ છે અને માનવ ઈતિહાસમાં એક પ્રતિકાત્મક ક્ષણ બની ગઈ છે.

એપોલો ૧૧ની સફળતા પછી, ચંદ્ર પર માનવસહિત ઉતરાણ સાથે અન્ય પાંચ એપોલો મિશન હાથ ધરવામાં આવ્યા હતા.નવેમ્બર ૧૨માં એપોલો ૧૯૬૯, ફેબ્રુઆરી ૧૪માં એપોલો ૧૯૭૧, જુલાઈ ૧૫માં એપોલો ૧૯૭૧, એપ્રિલ ૧૬માં એપોલો ૧૯૭૨ અને ડિસેમ્બર ૧૭માં એપોલો ૧૯૭૨. આ દરેક મિશનનો ચોક્કસ વૈજ્ઞાનિક ધ્યેય હતો, જેમાં ચંદ્રના નમૂનાઓ એકત્રિત કરવા, ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણો અને આપણા કુદરતી ઉપગ્રહ અને પૃથ્વી સાથેના તેના સંબંધને વધુ સારી રીતે સમજવા માટે પ્રયોગો હાથ ધરવાનો સમાવેશ થાય છે. ૧૯૭૨માં છેલ્લી અપોલો મિશન પછી, કોઈ પણ મનુષ્ય ચંદ્ર પર પાછો ફર્યો નથી. જો કે, અવકાશયાત્રીઓને મંગળ અને તેનાથી આગળના સ્થળો પર લઈ જવાના હેતુથી અન્ય કાર્યક્રમો અને મિશન સાથે અવકાશ સંશોધન આગળ વધવાનું ચાલુ રાખે છે. ચંદ્ર પર માનવ હાજરી ભવિષ્યના અવકાશ મિશન માટે હોટસ્પોટ બની રહે છે, અને વિશ્વભરની અવકાશ એજન્સીઓ આ મહત્વાકાંક્ષી દ્રષ્ટિને વાસ્તવિકતા બનાવવા માટે પ્રોજેક્ટ્સ અને ટેક્નોલોજીઓ પર કામ કરવાનું ચાલુ રાખે છે.

એપોલો ૧૮, ૧૯ અને ૨૦ મિશનને રદ કરીને, એપોલો ૧૭ એ ચંદ્ર પરનું છેલ્લું માનવ મિશન બન્યું છે. આગામી માનવ ઉપગ્રહ મિશન ૨૦૨૪ માં થશે, જેમાં નાસાના આર્ટેમિસ મિશનનું લક્ષ્ય મનુષ્યોને ચંદ્ર પર પાછા લાવવાનું છે. તે પણ શક્ય છે કે, આ વખતે, તે ૧૯૬૯ માં નીલ આર્મસ્ટ્રોંગના ઉદાહરણને અનુસરીને, ચંદ્ર રેગોલિથમાં એક નવું પગલું ભરે છે.

## ન્યૂઝ બ્રિફ

### ભૂતપૂર્વ ડબલ્યુડબલ્યુઈ હેવીવેઈટ ચેમ્પિયન બ્રે વ્યાટની દુનિયાને અલવિદા

। ફ્લોરિડા, તા.૨૫ ।

ભૂતપૂર્વ ડબલ્યુડબલ્યુઈ હેવીવેઈટ ચેમ્પિયન બ્રે વ્યાટે દુનિયાને અલવિદા કહી દીધું છે. ૩૬ વર્ષની વયે તેમના નિધનના સમાચારને કારણે ડબલ્યુડબલ્યુઈજગતમાં શોકનો માહોલ છે. ડબલ્યુડબલ્યુઈના જાણીતા રેસલર બ્રે વ્યાટના મૃત્યુના કારણનો હજુ ખુલાસો થયો નથી. તેમના નિધનના સમાચાર પિતા માઈક રોટુન્ડાએ આપ્યા હતા. અહેવાલ અનુસાર તેઓ કોઈ ગંભીર બિમારી સામે લડી રહ્યા હતા. ભૂતપૂર્વ યુનિવર્સલ ચેમ્પિયન બ્રેએ ૩૬ વર્ષની વયે દુનિયાને અલવિદા કહેવાથી સમગ્ર વિશ્વમાં તેના ચાહકો ખૂબ જ દુઃખી છે. ડબલ્યુડબલ્યુઈએ તેમજ અન્ય રેસલરોએ એક્સપર પોસ્ટ કરીને બ્રે વ્યાટને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. બ્રે વ્યાટ ડબલ્યુડબલ્યુઈના ખતરનાક કુસ્તીબાજોમાંથી એક હતા. તેમનો જન્મ અમેરિકાના ફ્લોરિડા શહેરમાં થયો હતો. તેમનું સાચું નામ વિન્ડહામ રોટુન્ડા હતું. ટ્રિપલ એચએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ દ્વારા તેના મૃત્યુના સમાચાર આપ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બ્રે વ્યાટનું મૃત્યુ હાર્ટ એટેકથી થયું હતું. આ વર્ષની શરૂઆતમાં તેઓ કોવિડ ૧૯નો શિકાર બન્યા હતા. આ કારણે તેની હૃદયની બીમારી થોડી વધી ગઈ હતી. જેના કારણે અચાનક હાર્ટ એટેક આવતા તેમનું મોત થયું હતું.

### મોદીને ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ ઓનર એનાયત કરાયો

। એથેન્સ, તા.૨૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એથેન્સમાં ગ્રીસના રાષ્ટ્રપતિ કેટરિના એન. સાકેલારોપૌલો દ્વારા ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ ઓનર એનાયત કરવામાં આવ્યો હતો. આ પહેલા એથેન્સમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્રીકના રાષ્ટ્રપતિ સાકેલારોપૌલો સાથેની મુલાકાત દરમિયાન ચંદ્રયાન-૩ મિશનની સફળતા વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે, ચંદ્રયાન-૩ની સફળતા માત્ર ભારતની સફળતા નથી, પરંતુ તે સમગ્ર માનવજાતની સફળતા છે... ચંદ્રયાન-૩ મિશન દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટાના પ રિણામો સમગ્ર વૈજ્ઞાનિક સમુદાય અને માનવજાતને મદદ કરશે. જણાવી દઈએ કે, વડાપ્રધાન મોદી ૪૦ વર્ષમાં ગ્રીસની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય પીએમ છે. આ પહેલા ભારતના તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સપ્ટેમ્બર ૧૯૮૩માં ગ્રીસની મુલાકાતે ગયા હતા. ચંદ્રયાન-૩ મિશન દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટાના પરિણામો સમગ્ર વૈજ્ઞાનિક સમુદાય અને માનવજાતને મદદ કરશે. જણાવી દઈએ કે, વડાપ્રધાન મોદી ૪૦ વર્ષમાં ગ્રીસની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય પીએમ છે. આ પહેલા ભારતના તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સપ્ટેમ્બર ૧૯૮૩માં ગ્રીસની મુલાકાતે ગયા હતા.

### મણિપુર હિંસા કેસની સુનાવણી હવે ગુવાહાટી હાઈકોર્ટમાં થશે

। નવી દિલ્હી, તા.૨૫ ।

મણિપુર હિંસા કેસની સુનાવણી હવે ગુવાહાટી હાઈકોર્ટમાં થશે. સુપ્રીમ કોર્ટે આજે મણિપુર હિંસાના ૨૭ કેસ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને આસામની કોર્ટમાં ટ્રાન્સફર કર્યા છે. સુપ્રીમ કોર્ટે ગુવાહાટી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને મણિપુર હિંસાના ૨૭ મામલાઓનો સામનો કરવા માટે ગુવાહાટીમાં એક અથવા વધુ ન્યાયિક મેજિસ્ટ્રેટ અથવા સેશન્સ જજોની નિમણૂક કરવા વિનંતી કરી છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે સુરક્ષાને ધ્યાનમાં રાખીને આરોપીની પેશી અને રિમાન્ડ ઓનલાઈન થશે તેમજ પીડિત અને સાક્ષિઓ કોર્ટમાં ફિઝિકલના બદલે ઘરેથી ઓનલાઈન જુબાની આપી શક્શે. આ સિવાય મણિપુરમાં સ્થાનિક મેજિસ્ટ્રેટની સામે ૧૬૪ હેઠળ સાક્ષીઓ અને પીડિતોના નિવેદન પણ નોંધવામાં આવશે. આ સાથે મણિપુરમાં આરોપીઓની ન્યાયિક કસ્ટડી પણ આપ વામાં આવશે. આ સિવાય મણિપુરમાં સ્થાનિક મેજિસ્ટ્રેટની સામે ૧૬૪ હેઠળ સાક્ષીઓ અને પીડિતોના નિવેદન પણ નોંધવામાં આવશે. આ સાથે મણિપુરમાં આરોપીઓની ન્યાયિક કસ્ટડી પણ આપવામાં આવશે.

### ભારતીય વાયુસેનાની શક્તિ વધારવાની ક્વાયત

# ૧૦૦ એલસીએ તેજસ, MARK-૧ જેટ એરક્રાફ્ટ ખરીદવા તૈયારી

### આવા ૮૩ ફાઈટર જેટ માટે ૪૮ હજાર કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ બે વર્ષ પહેલા જ સાઈન થઈ ચૂક્યો છે

। મુંબઈ, તા.૨૫ ।

ભારતીય વાયુસેનાને વધુ શક્તિશાળી માટે સ્વદેશી રીતે વિકસિત ૧૦૦ વધુ એલસીએતેજસ એમએઆરકે-૧એજેટ એરક્રાફટનો ઓર્ડર આપવાનું વિચારી રહી છે. આવા ૮૩ ફાઈટર જેટ માટે ૪૮ હજાર કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ બે વર્ષ પહેલા જ સાઈન થઈ ચૂક્યો છે. એલસીએતેજસ એમએઆરકે-૧એવર્તમાન વેરિઅન્ટ કરતાં ઘણા વધારાના સુધારાઓ સાથે આવશે. ભારતીય વાયુસેના આવનારા સમયમાં વધુ મજબૂત બનશે. ભારતીય એરફોર્સના હિન્દુસ્તાન એરોનોટિક્સ




લિમિટેડ (એચએએલ)ને વધુ ૧૦૦ એલસીએતેજસ એમએકિ-૧એજેટ એરક્રાફટનો ઓર્ડર આપવાની યોજના બનાવી રહી છે. બે વર્ષ પ હેલા ફેબ્રુઆરી ૨૦૨૧માં આવા ૮૩ ફાઈટર એરક્રાફટની ખરીદી માટે ૪૮ હજાર કરોડ રૂપિયાના સોદા પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સ્વ-નિર્ભર ભારતની દિશામાં સ્વદેશી એરોસ્પેસ ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે. ફેબ્રુઆરી ૨૦૨૧માં ૮૩ એલસીએતેજસ એમએકિ-૧એજેટ માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તે ઓર્ડરથી, એલસીએએ વેરિઅન્ટની કુલ સંખ્યા હવે ૧૨૩ થઈ ગઈ છે. આઈએઓફદ્વારા પહેલેથી જ ઓર્ડર કરાયેલ ૪૦ એલસીએએમએકિ-૧જ પ્રારંભિક ઓપરેશનલ ક્લિયરન્સ (આઈઓસી) અને વધુ અદ્યતન ફાઈનલ ઓપરેશનલ ક્લિયરન્સ (એફઓસી) ગોઠવણીમાં છે.

# દુષ્કર્મના દોષિત દ્વારા વકાલતની મંજૂરી સામે સુપ્રીમ કોર્ટ નારાજ

। નવી દિલ્હી, તા.૨૫ ।

૨૦૦૨ ગુજરાત રમખાણો સંબંધિત બિલકિસ બાનો કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે બાર કાઉન્સીલ પર કડક વલણ દાખવ્યું હતું. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોને પાના આશ્ચર્ય થયું જ્યારે સુનાવણી દરમિયાન સરકારી વકીલ દ્વારા કહેવામાં આવ્યું કે બિલ્કીસ બાનો ગેંગરેપ કેસના દોષિતોમાંનો એક સમય પહેલા જેલમુક્તિ પછી ગુજરાતમાં કાયદાની પ્રેક્ટિસ કરી રહ્યો છે. સુપ્રીમ કોર્ટે બાર કાઉન્સિલને ફટકારતા કહ્યું કે 'વકાલતને ઉમદા વ્યવસાય માનવામાં આવે છે, એક દોષિતને તમે વકીલાત કરવાની મંજુરી કઈ રીતે આપી શકો!' સામુહિક બળાત્કાર અને હત્યાનો દોષિત ઠરેલો માણસ જેલમાંથી છૂટીને વકીલાત કરી રહ્યો છે, એ વાત કોર્ટના ધ્યાન પર ત્યારે આવી જ્યારે એડવોકેટ



ઋષિ મલ્હોત્રાએ સમય પહેલા છૂટેલા ૧૧ દોષિતોમાંના એકરાધેશ્યામ શાહને આપવામાં આવેલી જેલમાફીનો બચાવ કરતા જસ્ટિસ બી.વી. નગરરત્ન અને ન્યાયમૂર્તિ ઉજ્જવલ ભુઈયાને જણાવ્યું હતું કે, 'તેમના અસીલે ૧૫ વર્ષથી વધુની સજા ભોગવી હતી અને રાજ્ય સરકારે તેમના વર્તનની નોંધ લઈને તેમને રાહત આપી હતી. આજે લગભગ ૧ વર્ષ વીતી ગયું છે અને મારા અસીલ સામે એક પણ કેસ આવ્યો નથી. તે મોટર એક્સિડન્ટ્સ ક્લેમ્સ ટ્રિબ્યુનલમાં વકીલ છે. સજા પહેલા તે વકીલ હતો અને તેણે ફરીથી પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે.' આ અંગે ખેદ વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, શું સજા બાદ પ્રેક્ટિસનું લાયસન્સ આપી શકાય? વકીલાતને ઉમદા વ્યવસાય ગણવામાં આવે છે. બાર કાઉન્સિલ (ઓફ ઈન્ડિયા) એ જણાવવું જોઈએ કે શું દોષિત કાયદાની પ્રેક્ટિસ કરી શકે છે! તમારા અસીલ દોષિત છે, તેમાં કોઈ શંકા નથી. તેણે આપ વામાં આવેલી છૂટને કારણે તે જેલની બહાર છે. યાદ રહે, માત્ર સજા ઓછી થાય છે, પરંતુ તે દોષિત જ છે' આના પર દોષિતના વકીલે કહ્યું, 'હું આ વિશે ચોક્કસ કહી શકતો નથી. એડવોકેટ્સ એક્ટની કલમ ૨૪૭ જણાવે છે કે નૈતિક અધમતા સાથે જોડાયેલા ગુના માટે દોષિત ઠરેલી વ્યક્તિની એડવોકેટ તરીકે નોંધણી કરી શકાતી નથી.

# કેમ્પનો ફોટો શેર કરવા બદલ વિરાટ સહિતના ક્રિકેટર્સને કડક સુચના

। બેંગલુરૂ, તા.૨૫ ।

એશિયા કપની તૈયારી માટે ભારતીય ટીમનો કેમ્પ બેંગલુરુમાં ચાલી રહ્યો છે. વિરાટ કોહલી પણ આ કેમ્પનો એક ભાગ છે. ભારતીય બેટ્સમેને પોતાના ઈન્સ્ટાગ્રામ પર કેમ્પના પ હેલા દિવસનો એક ફોટો શેર કર્યો હતો, જે બીસીસીઆઈને પસંદ ન આવતા તમામ ક્રિકેટરોને કડક સૂચના આપી છે. ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીનું કદ ક્રિકેટની દુનિયામાં ચોક્કસ પણે ઘણું મોટું છે, પરંતુ વિરાટ કોહલી ઘણી વખત ક્રિકેટ સિવાય તેના વર્તન અને તેના જોલી સ્વભાવ માટે ચર્ચામાં રહે છે. કોઈ ઝઘડો હોય કે સોશિયલ મીડિયા વિવાદ વિરાટનું નામ હંમેશા આવે છે. આવો જ એક વિવાદ ફરી એકવાર વિરાટ કોહલીના નામ સાથે જોડાયો છે. ગઈકાલે તેણે સોશિયલ મીડિયા પર તેના ફોટાની સાથે યો-યો ટેસ્ટના સ્કોરનો



ફોટો પણ શેર કર્યો હતો. આ ફોટાથી બીસીસીઆઈના અધિકારીઓ અને ટીમ ઈન્ડિયાના મેનેજમેન્ટ નારાજ થયું હતું. એક સુત્રોના અહેવાલ મુજબ, વિરાટ કોહલી દ્વારા ગઈકાલે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી અને અન્ય સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર શેર કરવામાં આવેલા યો-યો ટેસ્ટના સ્કોર્સે બીસીસીઆઈના ટોચના અધિકારીઓને નારાજ કર્યા છે. અહેવાલો અનુસાર વિરાટ કોહલીએ આ ગુપ્ત માહિતી શેર કર્યાના એક કલાકની અંદર ભારતીય ટીમ મેનેજમેન્ટે તમામ ભારતીય ક્રિકેટરો માટે કડક માર્ગદર્શિકા જાહેર કરી દીધી હતી. જો કે આ મૌખિક રીતે કહેવામાં આવ્યું હતું. વિરાટની આ ઈન્સ્ટા સ્ટોરી થોડી જ વારમાં વાયરલ થઈ ગઈ હતી. સુત્રોના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે બીસીસીઆઈના ટોચના મેનેજમેન્ટે ક્રિકેટરોને યો-યો ટેસ્ટ જેવી ગુપ્ત માહિતી શેર ન કરવાની કડક સૂચના આપી હતી. બીસીસીઆઈઆવી માહિતી જાહેરમાં શેર કરવા પર કાર્યવાહી કરી શકે છે.

### યુક્રેન સામે યુદ્ધ માટે પુતિન સામે વોરંટ

# પુતિન ભારત આવે તો ધરપકડની શક્યતા : જી૨૦ માટે નહીં આવે

### વ્લાદિમીર પુતિને દક્ષિણ આફ્રિકામાં બ્રિક્સ જૂથના નેતાઓની બેઠકમાં વીડિયો કોન્ફરન્સથી હાજરી આપી હતી

। મોસ્કો, તા.૨૫ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સપ્ટેમ્બરમાં ભારતમાં યોજાનારી જી૨૦ સમિટમાં વ્યક્તિગત રીતે ભાગ લેશે નહીં. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે પુતિન પર યુક્રેનમાં યુદ્ધ અપરાધોનો આરોપ લગાવતા ધરપકડ વોરંટ જારી કર્યું છે, જેનો અર્થ છે કે વિદેશમાં મુસાફરી કરતી વખતે તેમની ધરપકડ થવાનું જોખમ છે. પુતિને વિડિયો લિંક દ્વારા બ્રિક્સ નેતાઓની બેઠકમાં પણ ભાગ લીધો હતો. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની સપ્ટેમ્બરમાં ભારતમાં યોજાનારી જી-૨૦ સમિટમાં વ્યક્તિગત રીતે હાજરી આપવાની કોઈ યોજના નથી. ક્રેમલિને શુક્રવારે આ જાણકારી આપી. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (આઈસીસી) એ પુતિન પર યુક્રેનમાં યુદ્ધ અપરાધોનો



આરોપ લગાવતા ધરપકડ વોરંટ જારી કર્યું છે. મતલબ કે વિદેશમાં મુસાફરી કરતી વખતે તેમની ધરપકડ થવાનું જોખમ રહેલું છે. જોકે, ક્રેમલિને આ વાતને નકારી કાઢી છે. આ અઠવાડિયે પણ, પ ુતિને દક્ષિણ આફ્રિકામાં ઉભરતી અર્થવ્યવસ્થાઓના બ્રિક્સજૂથના નેતાઓની બેઠકમાં હાજરી આપી હતી, વ્યક્તિગત રૂપે નહીં પરંતુ વીડિયો લિંક દ્વારા. નેતાઓની બેઠકને સંબોધતા પુતિને પશ્ચિમી દેશો પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે પશ્ચિમી દેશોએ યુક્રેનના ડોનબાસ વિસ્તારમાં રહેતા લોકો સામે યુદ્ધ છેડ્યું છે. રશિયા આ યુદ્ધનો અંત લાવવા માંગે છે. નેતાઓની બેઠકને સંબોધતા પુતિને પશ્ચિમી દેશો પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે પશ્ચિમી દેશોએ યુક્રેનના ડોનબાસ વિસ્તારમાં રહેતા લોકો સામે યુદ્ધ છેડ્યું છે. રશિયા આ યુદ્ધનો અંત લાવવા માંગે છે. પુતિને એમ પણ કહ્યું કે પશ્ચિમી દેશો દુનિયામાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા માંગે છે. તેની ઈચ્છાને કારણે યુક્રેનમાં ગંભીર સંકટ ઉભું થયું છે. તેમણે કહ્યું કે રશિયા તેમની સંસ્કૃતિ, પરંપરા, ભાષા અને ભવિષ્ય માટે લડતા લોકોને સમર્થન આપશે.

### એનડીએને આગામી ચૂંટણીમાં પડકારવા ઈન્ડિયા સજ્જ

# ઈન્ડિયાના નેતૃત્વ માટે રાહુલ ગાંધી લોકોની પહેલી પસંદ

### ૧૫ ટકા લોકોએ મમતા બેનરજીની તરફેણ કરી, દિલ્હીના સીએમ કેજરીવાલને પણ ૧૫ ટકા લોકોનું સમર્થન મળ્યું

। નવી દિલ્હી, તા.૨૫ ।

વિપક્ષનું ઈન્ડિયાગઠબંધન ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં એનડીએ ગઠબંધનને પડકારવા સજ્જ છે. કુલ ૨૬ વિરોધ પક્ષોની બે સફળ બેઠકો બાદ હવે ત્રીજી બેઠક ૩૧ ઓગસ્ટ અને ૧ સપ્ટેમ્બરે મુંબઈમાં યોજાવાની છે. આ બેઠકમાં ઈન્ડિયાગઠબંધનના સંયોજક અને બેઠકોની વહેંચણી જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા થવાની આશા છે. જેના પર બધાની નજર ટકેલી છે. જોકે, મહાગઠબંધનની આગેવાની કોણ કરશે તે અંગે લોકોના મનમાં અનેક સવાલો છે. દરમિયાન સીવોટરના મૂડ ઓફ ધ નેશન સર્વેના માધ્યમથી વિપક્ષી ગઠબંધનના સંયોજક કોણ હોવા જોઈએ? ૨૬ પક્ષોના



ઈન્ડિયાગઠબંધનનું નેતૃત્વ કોણ કરી શકે છે? તેના જવાબો જાણવા પ્રયાસ કરાયો હતો. સરવેમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, આપના વડા અરવિંદ કેજરીવાલ અને તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનરજીનું નામ સૂચવવામાં આવ્યું હતું, જેના પર લોકોએ પોતાનો અભિપ્રાય આપ્યો હતો. સરવે અનુસાર ૨૬ વિપક્ષી પાર્ટીઓના ગઠબંધનનું નેતૃત્વ કરવા માટે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર પ્રથમ પસંદગી ઉતારાઈ છે. સરવેમાં ભાગ લેનારા સૌથી વધુ ૨૪ ટકા લોકોનું માનવું છે કે રાહુલ ગાંધી ઈન્ડિયાગઠબંધનના સંયોજક તરીકેનો શ્રેષ્ઠ વિકલ્પ છે. જ્યારે ૧૫ ટકા લોકોએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની તરફેણ કરી હતી. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલને પણ ૧૫ ટકા લોકોનું સમર્થન મળ્યું છે.

### ભારતના સ્ટાર એથ્લેટે ૮૮.૭૭ મીટર ભાલો ફેંક્યો

# નિરજ વર્લ્ડ એથ્લેટિક્સની ફાઈનલમાં, પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય

### આ સિઝનમાં નીરજ ચોપરાનો આ સર્વશ્રેષ્ઠ સ્કોર છે

। બુડાપેસ્ટ, તા.૨૫ ।

ભારતના સ્ટાર એથ્લેટ નીરજ ચોપરાએ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપના પ્રથમ પ્રયાસમાં જ ૮૮.૭૭ મીટર ભાલો ફેંકીને ફાઈનલમાં જગ્યા બનાવી હતી. ડીપી મનુ પણ નીરજની સાથે ગ્રુપ એમાં છે, જ્યારે કિશોર જેના ગ્રુપ બીમાં એકમાત્ર ભારતીય છે. આ સાથે જ નીરજ ચોપરાએ પેરિસ ઓલિમ્પિક માટે પણ ક્વોલિફાય કર્યું છે. આ સાથે જ નીરજ ચોપરાએ પણ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ માં ૮૫ મીટરથી વધુ ભાલા ફેંકીને પેરિસ ઓલિમ્પિક માટે પણ ક્વોલિફાય કર્યું છે. પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થવા માટે ઓછામાં ઓછા ૮૫.૫૦ મીટરની જરૂર છે અને નીરજે તેના પહેલા જ પ્રયાસમાં ૮૮.૭૭ મીટર દુર ભાલો ફેંક્યો હતો. એટલું જ નહીં તે ટેબલમાં પણ ટોપ પર પહોંચી ગયો છે. એથ્લેટિક્સમાં વર્લ્ડ ચેમ્પિયનશીપની ફાઈનલમાં ક્વોલિફાય થવા માટે, ઓછામાં ઓછા ૮૩ મીટરની ભાલા ફેંક જરૂરી છે અથવા તે જૂથમાં ટોચના એથ્લેટ બનવું જરૂરી છે. નીરજે તેના પહેલા જ પ્રયાસમાં ૮૩ મીટરથી વધુનું અંતર કાપ્યું અને ફાઈનલમાં જગ્યા બનાવી. નીરજ સિવાય કોઈ એથ્લેટ પ્રથમ પ્રયાસમાં ૮૩ મીટર દૂર ફેંકી શક્યો નહોતો. આ સિઝનમાં નીરજ ચોપરાનો આ સર્વશ્રેષ્ઠ સ્કોર છે. ઈજામાંથી પરત ફર્યા બાદથી તે લુસાને ડાયમંડ લીગમાં આઉટ ઓફ ફોર્મ હતો, પરંતુ આ સ્પર્ધામાં તે તેના પ્રથમ થ્રોમાં જ ઘણું અંતર મેળવવામાં સફળ રહ્યો હતો. એક જ થ્રોના આધારે તેણે ચેમ્પિયનશિપની ફાઈનલમાં અને ઓલિમ્પિકમાં જગ્યા બનાવી લીધી છે.

# વધારે હિસ્સો ધરાવતા એફપીઆઈ માટે એડિશનલ ડિસ્ક્લોઝર ફરજિયાત

### એ તમામ સંસ્થાનો વિશે જણાવવું પડશે જ્યાં તેમની ભાગીદારી, ઈકોનોમિક હિત અને કન્ટ્રોલ રાઈટ્સ હશે

। નવી દિલ્હી, તા.૨૫ ।

શેરબજારમાં વધારે પારદર્શકતા લાવવા માટે બજાર નિયામક સેબી (સેબી)એ એક કંપની કે ગ્રૂપમાં વધારે હિસ્સો ધરાવતા એફપીઆઈ (એફપીઆઈ) માટે એડિશનલ ડિસ્ક્લોઝર આપવાનું ફરજિયાત કરી દીધું છે. આ ડિસ્ક્લોઝરમાં એફપીઆઈમાં એ તમામ સંસ્થાનો વિશે જણાવવું પડશે જ્યાં તેમની ભાગીદારી, ઈકોનોમિક હિત અને કન્ટ્રોલ રાઈટ્સ હશે. સેબીતરફથી આ પ્રકારના ડિસ્ક્લોઝર માટે ટાઈમલાઈન નક્કી કરાઈ છે.

સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા જારી કરાયેલા સર્ક્યુલમાં કહેવાયું છે કે નવું ફ્રેમવર્ક એક નવેમ્બરથી લાગુ પડશે. તે એવા ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર (ફોરેન પોર્ટફોલિયોઈન્વેસ્ટમેન્ટ) કે જેમના એયુએમમાં ૫૦%થી વધુની ભાગીદારી એક ગ્રૂપ કે કંપનીમાં છે, તેવા એફપીઆઈએ હોલ્ડિંગ માટે એડિશનલ ડિસ્ક્લોઝર આપવાનું રહેશે. તેની સાથે એફપ ીઆઈની ભારતી બજારમાં હોલ્ડિંગ ૨૫૦૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવી જોઈએ. નિયામક તરફથી જણાવાયું કે એફપીઆઈદ્વારા એડિશનલ ડિસ્ક્લોઝર અપાયા બાદ કેલેન્ડરના આગામી ૩૦ દિવસ સુધી તે એ કંપનીમાં ખરીદી નહીં કરી શકે. સરકાર સાથે સંકળાયેલા એકમો જેમ કે કેન્દ્રીય બેંક, સોવરેન વેલ્થ ફંડ અને પ બ્લિક રિટેલ ફંડ્સ જે એફ પીઆઈતરીકે રજિસ્ટર્ડ છે તેમને આ નિયમમાં છૂટ અપાઈ છે. નિષ્ણાતોનું માનવું છે કે અદાણી ગ્રૂપ માં અમુક એફપીઆઈના માલિકોની ઓળખ ન થઈ શકવાને કારણે બજાર નિયામક તરફથી આ નિયમ બનાવાયો છે. વર્તમાન નિયમ એફપ ીઆઈના સાચા રોકાણોના અસલી માલિકોની ઓળખ કરવામાં ઢીલા છે. આ નિયમ આવતા બજારમાં વધુ પારદર્શકતા આવશે.

### વિપક્ષી ગઠબંધનની મુંબઈમાં ત્રીજી બેઠક

# ઈન્ડિયાના લોગોમાં તિરંગાના ત્રણ રંગ ઉપરાંત વાદળી રંગ જોવા મળશે

। નવી દિલ્હી, તા.૨૫ ।

વિપક્ષી ગઠબંધન આઈએનડીઆઈએની મુંબઈમાં ત્રીજી બેઠક યોજાશે. આ બેઠક પહેલા ગઠબંધન આઈએનડીઆઈએએ તેનો લોગો તૈયાર કર્યો છે. આ લોગોમાં રાષ્ટ્રધ્વજના ત્રણ રંગો ઉપરાંત વાદળી રંગનો ઉપયોગ કરવામાં આવશે.

આ લોગો ત્રણ દિવસીય બેઠકના પ્રથમ દિવસે એટલે કે ૩૧ ઓગસ્ટના રોજ રિલીઝ કરવામાં આવશે. આ બેઠકમાં સીટોની ફોર્મ્યુલા નક્કી કરવા માટે ૧૧ સભ્યોની સમિતિ બનાવવામાં આવશે. જેડીયુના સૂત્રોના જણાવ્યા અનુસાર ગઠબંધન માટે દસ લોકોને તૈયાર કરવામાં આવ્યા હતા. આમાંના એક લોગો પર તમામ સહકર્મીઓ સહમત થયા છે. લોકો પાસે આઈએનડીઆઈએના પ્રથમ બે અક્ષર (આઈઅને એન) કેસરીમાં હશે, આમાંના એક લોગો પર તમામ સહકર્મીઓ સહમત થયા છે. લોકો પાસે આઈએનડીઆઈએના પ્રથમ બે અક્ષર (આઈઅને એન) કેસરીમાં હશે, વચ્ચેનો એક (ડી) સફેદ અને વાદળી અને છેલ્લા બે અક્ષર (આઈઅને એ) લીલામાં હશે. બેઠકમાં ૭ મુદ્દાનો એજન્ડા ચર્ચા માટે રાખવામાં આવશે.

આ ત્રણ દિવસની બેઠકમાં ગઠબંધન આઈએનડીઆઈએસંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ૧૧ સભ્યોની સમિતિની રચના કરવામાં આવશે. આ સમિતિમાં કોંગ્રેસ, જેડીયુ, સમાજવાદી પાર્ટી, શિવસેના (ઉદ્ધવ ઠાકરે જુથ), સીપીઆઈ(એમ), એનસીપી, ડીએમકે, આરજેડી, જેએમએમજેવા ૧૧ પક્ષોના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવશે. બેઠક વહેંચણીની ફોર્મ્યુલા સૂચવવા ઉપરાંત, આ સમિતિ ગઠબંધનના લોકસભા ચૂંટણી પ્રચારના મુદ્દાઓ નક્કી કરશે.

## તંત્રી લેખ...

# સંશાધનનો દુરુપયોગ

વિશ્વમાં એકબીજાથી આગળ નિકળવા માટેની ગળાકાપ સ્પર્ધાના કારણે ઊભારે નુકસાન થઈ રહ્યુ છે. માનવી આના માટે ધરતીના સંશાધનોને એટલી ઝડપથી ખતમ કરી રહ્યો છે કે તેની ક્ષતિપૂર્તિ કરવાની બાબત તેના માટે શક્ય જ નથી. આ બાબતને અમે સિદ્ધાંતની દ્રષ્ટિથી પહેલાથીજ જાણીએ છીએ. જો કે આંતરરાષ્ટ્રીય રિસર્ચ સંગઠન ગ્લોબલ ફુટપ્રિન્ટ નેટવર્ક દ્વારા વાજબી અને સત્તાવાર રીતે ગણતરી કરીને હવે કહ્યુ છે કે વિચાર કર્યા વગર આડેધડ સંશાધનોના ઉપયોગના કારણે પૃથ્વીના સંશાધનોને અમે ઝડપથી ખતમ કરી રહ્યા છીએ. આ સંશાધનો હવે ખતમ થવાની નજીક છે. આ તારીખ પણ હવે નજીક પહોંચી રહી છે. જીએફએનના પોતાના રિપોર્ટમાં કહ્યુ છે કે પૃથ્વી દર વર્ષે પોતાના સંશાધનોના કેટલાક હિસ્સાને પુર્નિમિત કરી શકે છે. સાથે સાથે માનવી તેની આ ક્ષમતા કરતા કેટલા વધારે પ્રમાણમાં સંશાધનોનુ નુકસાન કરી રહ્યા છે. આ સિલસિલો ૧૯૭૦ના દશકથી શરૂ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદના કેટલાક અપવાદના વર્ષોને બાદ કરતા દર વર્ષે ઉલ્લંઘનની હદ વધી રહી છે. ૨૦ વર્ષ પહેલા સ્થિતી એ હતી કે વર્ષ ભરના સંશાધનો ના ક્વોટાને ૩૦મી સપ્ટેમ્બરના દિવસે પૂર્ણ થઈ જતા હતા. આ તારીખને ઓવરશુટ ડે તરીકે ગણવામાં આવે છે. દસ વર્ષમાં આ તારીખ હવે ખસીને ૧૫મી ઓગષ્ટ સુધી પહોંચી ગઈ છે. આ વર્ષે ગયા વર્ષની તુલનામાં બે દિવસ પાછળ છે અને તારીખ પહેલી ઓગષ્ટ થઈ ગઈ છે. એટલે કે સાલના બાકીના પાંચ મહિનામાં જે સંશાધનોનો ઉપયોગ કરવામાં આવશે તે સંશાધન ભવિષ્ય માટે લેવામાં આવનાર સંશાધન તરીકે રહેશે. કહેવા માટેની કોઈ જરૂર નથી કે ભવિષ્યની કિંમતપર વર્તમાનને ચકાચક બનાવી રાખવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ વૃતિ સર્વનાશના પળને ઝડપથી અમારી નજીક લાવી રહી છે. સારી બાબત એ છે કે આ પ્રક્રિયા હજુ સુધી બેકાબુ થઈ નથી. સાવધાનીપૂર્વક જો આગળ વધવામાં આવે તો આ ગતિવિધીને રોકી શકાય છે. કારણ કે સંશાધનોનો ઉપયોગ સીધી રીતે અમારા વિકાસ સાથે અને તેની ગતિ સાથે જોડાયેલા છે. જેથી જેમ જ વિકાસની ગતિ કોઈ કારણસર ધીમી પડે છે ત્યારે આ મોરચે રાહત મળવા લાગી જાય છે. વર્ષ ૨૦૦૭-૦૮ની મંદીના કારણે ઓવરશુટ ડેને પાંચ દિવસ આગળ ધકેલી દેવામાં સફળતા મળી હતી. પરંતુ કયાં દેશની કઈ સરકાર મંદીને આમંત્રણ આપવા ઈચ્છશે. રોજી રોજગાર, કામ ધંધા, વિકાસ તો તમામ લોકોને જોઈએ છે. પરંતુ સરકારો જીડીપીની ગણતરી કરતી વેળા કેટલીક બાબતોને ધ્યાનમાં રાખે તે જરૂરી છે. સંશાધનોનો સાવધાનીપૂર્વક ઉપયોગ કરવામાં આવે તે સમયની જરૂરિયાત છે. આવનાર સમયમાં આ મામલે જનજાગૃતિ પણ જગાવવા માટેની જરૂર દેખાઈ રહી છે. પૃથ્વીના સંશાધનોને આડેધડ ઉપયોગ ન કરવામાં આવે તે મામલે નિષ્ણાંતો સમય સમય પર કહેતા રહ્યા છે.

## અમારી જૈવિક ઘડિયાળ કેમ બગડી ?

ખરાબ જીવનશેલી અથવા તો લાઈફસ્ટાઈલના કારણે અમારી જૈવિક ઘડિયાળ અથવા તો બાયોલોજિકલ ક્લોક બગડી રહી છે. ખરાબ ટેવને બદલીને આ તમામ સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય છે. બાયલોજિકલ ક્લોકની વિરુદ્ધ ચાલવાથી અનેક પ્રકારની સમસ્યાઓ આવે છે જેમાં માનસિક સમસ્યા, સ્થુળતા, ઓછી ઉંઘ, ડાયાબિટીસ અને કેન્સર જેવી તકલીફનો સમાવેશ થાય છે. જાણકાર લોકો કહે છે કે જે બિમારી થાય છે તેના કારણે વધારે સમસ્યા ઉભી થાય છે. બાયલોજિકલ ક્લોકની વિરુદ્ધ ચાલવાથી જે સમસ્યા થાય છે તેની વાત કરવામાં આવે તો તો સૌથી મોટી સમસ્યા ડાયાબિટીસની છે. મોડી રાત્રે ભોજન કરવાની સ્થિતીમાં આને પચાવવા માટે પેનક્રિયાઝ એન્જાઈમનુ સ્ત્રાવ કરે છે. આવુ સામાન્ય રીતે વારંવાર કરવાની સ્થિતીમાં ડાયાબિટીસની આશંકા વધી જાય છે. જો પહેલાથી જ ડાયાબિટીસ રોગી છે તો બ્લડ શુગરમાં ઉતારચઢાવની સ્થિતી રહી શકે છે. આવી જ રીતે બાયલોજિકલ ક્લોકની વિરુદ્ધ ચાલવાથી કેન્સર જેવા જીવલેણ રોગ થવાનો પણ ખતરો રહે છે. લાંબા સમય સુધી જૈવિક ઘડિયાળની વિરુદ્ધ ચાલવાથી શરીરમાં કેટલાક પ્રકારના હાર્મોન્સના સ્ત્રાવ અનિયંત્રિત થાય છે. લાંબા સમય સુધી અસંતુલનના કારણે પણઁ જીન્સમાં બદલાવ થાય છે. જેના કારણે કેન્સર રોગને આમંત્રણ મળે છે. બાયલોજિકલ ક્લોકની વિરુદ્ધ ભોજન કરવાની ટેવથી શરીર પૂર્ણ રીતે ભોજનને પચાવી લેવાની સ્થિતીમાં રહેતુ નથી. જેથી તે શરીરમાં ચર્બી તરીકે જમા થવા લાગે છે. જેથી શરીરમાં સ્થુળતાનુ પ્રમાણ વધવા લાગી જાય છે. માનસિક સમસ્યા પણ થાય છે. એકાગ્રતા ઘટવા લાગી જાય છે. ભુલવા અને ગુંચવણ જેવી સમસ્યા થાય છે. આના કારણે ઉંઘ ન આવવાની સમસ્યા થાય છે. આના કારણે યાદશક્તિ પર માઠી અસર થાય છે. શરીરના બાયલોજિકલ ક્લોકની સામે કામ કરવાના કારણે પાચન ક્રિયા બગડી જાય છે. આ જ કારણ છે કે મોડી રાત્રે ભોજન કરનાર વ્યક્તિને એસિડીટી જેવી સમસ્યા ઉભી થાય છે. ખરાબ લાઈફસ્ટાઈલને દુર કરીને તેને પાટા પર લાવી શકાય છે. ચાર પગલા જો લેવામાં આવે તો લાઈફસ્ટાઈલને પાટા પર લાવી શકાય છે. રાત્રે રોજ આઠ કલાકની ઉંઘ માણવામાં આવે તે જરૂરી છે. બાળકોને ૧૦ અને મોટી વયના લોકો સાત કલાક સુધી નીંદ લે તે જરૂરી છે. સમયસર ભોજનની પણ લાઈફસ્ટાઈલને પાટા પર લાવવામાં ભૂમિકા છે. ઉઠી ગયા બાદ બે કલાક પછી પૌષ્ટિક ભોજન લેવામાં આવે તે જરૂરી છે. સવારમાં નાસ્તો કરવાની જરૂર હોય છે. બપોર પહેલા ફળ લેવાની જરૂર હોય છે. બપોરમાં ૧૨થી એક વાગે વચ્ચે લંચ લેવાની જરૂર હોય છે. સાંજે ચાર-૫ વાગે વચ્ચે હળવો ભોજન કરવાની જરૂર હોય છે. રાત્રે આઠ વાગ્યા સુધી ડિનર કરી લેવા નિષ્ણાંતો સલાહ આપે છે. શરીરના વજન મુજબ ભરપુર પ્રમાણમાં પાણી પીવાની જરૂર હોય છે. પ્રતિ ૨૦ કિલોગ્રામ વજન પર એક લીટર પાણીની જરૂર હોય છે. એક વખતમાં એક ગ્લાસ જ પાણી પિવામાં આવે તે જરૂર છે. કોઈ રોગ છે તો તબીબના કહેવા મુજબ પાણીનો ઉપયોગ કરવાની જરૂર હોય છે. એક સ્વસ્થ વ્યક્તિને રોજ ૪૫-૬૦ મિનિટ સુધી વ્યાયામ કરવાની જરૂર હોય છે. થાક બાદ આરામ જરૂરી છે. જો આવુ કરવામાં ન આવે તે જૈવિક ઘડિયાળ બગડી જાય છે. જો કેટલીક ખોટી ટેવ પડેલી છે તો તેને બદલી નાંખવાની જરૂર હોય છે. જેમ કે જો મોડી રાત્રી સુધી જાગવા અને પાર્ટી કરવાની ટેવ છે તો તેને તરત જ બદલી નાંખવાની જરૂર છે. સપ્તાહમાં રજાના દિવસે મોડી રાત્રી સુધી જાગવા, સવારમાં મોડે સુધી નીંદ લેવાની બાબત, સ્વસ્થ શરીર માટે યોગ્ય નથી. રાત્રે ઉંઘવા અને દિનમાં સક્રિયતા માટે શરીર હાર્મોનનુ સ્ત્રાવ કરે છે. રાત્રી ગાળામાં વ્યાયામ અથવા તો કસરત કરવી જોઈએ નહીં. નીંદ લેતા પહેલા ત્રણ કલાક પહેલા કસરત કરી લેવાની જરૂર હોય છે. રાત્રી ગાળામાં ચા કોફીનો ઉપયોગ કરવો જોઈએ નહીં. આ ચીજોમાં કેફીનનુ પ્રમાણ વધારે હોય છે. જેથી તે બીપી અને શુગરના દર્દી માટે ઘાતક બની શકે છે.

# વૈજુ નામનો એ ગોપબાળ વાસ્તવમાં શ્રીહરિ વિષ્ણુ જ હતાં ! જેમણે તે શિવલિંગ જમીન પર મૂકી દીધું, અને એટલે વૈજનાથ કહેવાયા!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



ભગવાન શિવ શંકરનાં સાકાર સ્વરૂપનું નિવાસ્થાન કૈલાસ પર્વત છે, જ્યારે નિરાકાર રુપે તે સ્મશાન માં અને કલ્યાણ ની ભાવના રાખનાર સૌમાં રહે છે. પરંતુ આપણે ત્યાં શ્રાવણ મહિનામાં ભગવાન શંકર કૈલાસ પરથી શિવાલયમાં આવીને વસે છે, એવી એક અતિ પ્રાચીન માન્યતા છે, અને એ કારણે શ્રાવણમાં શંકરનું ખૂબ જ મહત્વ હોય છે. અન્ય દેવ દેવીઓ કરતાં શંકરને ભજવો સહેલો છે, એને આમ તો ભોળા ભાવ સિવાય બીજી કોઈ વસ્તુનો ખપ હોતો નથી, પરંતુ ભાવિકો તેને પૂજનવિધીમાં બીલીપત્ર દૂધ-પાણી ધતુરો વગેરે દ્રવ્યનો ઉપયોગ કરે છે, અને રૂદ્રાભિષેક વગેરે કરી શંકરને આરાધતા હોય છે. શંકરની સ્તુતિ ઓમ નમઃ શિવાય, અને સીધાસાદા બીજા પણ નાના મંત્રો ભાવપૂર્વક સ્મરણ કરતા તે અતિ પ્રસન્ન થઈ જાય છે. એકદમ ભોળાભાવે શંકરને ભજો તો ભવસાગર પાર છે, શંકર ભગવાને દેવ અને દાનવ કે માનવ એવો ભેદ ક્યારેય જોયો નથી. ભજનારા પછી દાનવ સ્વરૂપે હોય તોપણ પ્રસન્ન થઈ અને વરદાન માગવાનું કહેતાં. આ બીલીપત્ર ચઢાવવા પાછળ એક નાનું એવું કારણ છે, કે જે કોઈ વ્યક્તિ શંકરને આરાધે અને બીલીપત્ર તેના શિવલિંગ પર અર્પણ કરે અથવા તો ચડાવે તેને ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળ મહાદેવ ને સમર્પિત કરી હવે નિશ્ચિંત થઈ જાઉં છું, એવું કહેવા માંગે છે. હકીકત મા સંસારી જીવ એટલું ઝડપથી નિશ્ચિત થઈ શકતો નથી, પરંતુ જે કંઈ થાય છે તે સારા માટે જ થતું હોય, એમ સમજી શકવાની ક્ષમતા તેનામાં આવી જાય છે. આજે આપણે આવા જ એક જ્યોતિર્લિંગ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ જેના ઈતિહાસમાં એક દાનવ પણ સ્થાન ધરાવે છે.

ભારતની ભૂમિ એ તો દ્વાદશ જ્યોતિર્લિંગના દર્શનની ભૂમિ છે. અને આ બાર જ્યોતિર્લિંગમાં પાંચમું સ્થાન ધરાવે છે બાબા વૈદ્યનાથ. બાબા વૈદ્યનાથને ભક્તો વૈદ્યનાથેશ્વર, બૈદ્યનાથ તેમજ વૈજનાથ જેવાં નામોથી પણ સંબોધે છે. શિવપુરાણમાં ઉલ્લેખ અનુસાર મહેશ્વરનું આ વૈદ્યનાથ સ્વરૂપ એ તો દર્શન માત્રથી ભક્તોના તમામ પાપકર્મનું હરણ કરી લેનારું છે. એટલું જ નહીં, તે તો દર્શન માત્રથી સંપૂર્ણ મનોવાંચ્છિત ફળની પ્રાપ્તિ કરાવનાર શિવલિંગ છે, અને એટલે જ તો તેને કામના લિંગ પણ કહે છે.

ભોળાનાથનું જ્યોતિર્મય વૈદ્યનાથ સ્વરૂપ ઝારખંડમાં દેવઘર નામના સ્થાન પર શોભાયમાન છે. દ્વાદશ જ્યોતિર્લિંગ સ્તોત્રમાં ''પરલ્યાં વૈદ્યનાથં ચ'' તરીકે વૈદ્યનાથ જ્યોતિર્લિંગના સ્થાનનો ઉલ્લેખ મળે છે. તે સ્થાન મૂળે તો ઝારખંડનું દેવઘર જ હોવાનું મનાય છે. અલબત્, મહારાષ્ટ્રના પરલીમાં તેમજ હિમાચલ પ્રદેશના કાંગડામાં આ જ્યોતિર્લિંગ સ્થિત હોવાના દાવા થતાં રહ્યા છે, પણ, દેવતાઓનું ઘર મનાતું દેવઘર જ મુખ્ય હોવાની માન્યતા વધુ પ્રચલિત છે. એ જ કારણ છે કે દર વર્ષે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં દર્શને આવે છે. અને બાબા વૈદ્યનાથના આશીર્વાદ મેળવી પરમશાંતિની અનુભૂતિ કરે છે.

શિવપુરાણની કોટિરુદ્રસંહિતાના અધ્યાય ૨૭-૨૮માં વૈદ્યનાથ જ્યોતિર્લિંગના પ્રાગટ્ય સંબંધી કથાનું વર્ણન છે. કથા અનુસાર રાક્ષસરાજ રાવણે ભગવાન ભોળાનાથ મહાદેવ ને કે મહેશ્વરને પ્રસન્ન કરવા કૈલાસ પર્વત પર જઈ ને કેટલાય વર્ષો સુધી દુષ્કર તપ કર્યું. પણ, રાક્ષસરાજના મનોભાવોને જાણનારા શિવજી ઝડપથી પ્રસન્ન ન થયા,તો રાવણ એ બીજી રીતે ભગવાન શંકરને મનાવવા કોશિશ કરી પણ ભગવાન તો પણ પ્રસન્ન ન થયાં ત્યારે આખરે, રાવણે એક પછી એક પોતાનું મસ્તક કાપી શિવજીને અર્પણ કરવાનું શરૂ કર્યું. જ્યારે દસમું અને અંતિમ મસ્તક કાપવા રાવણ તૈયાર થયો ત્યારે મહાદેવે પ્રગટ થઈ તેને રોક્યો. કરુણાનિધાને રાવણને તેના બધાં મસ્તક પછા આપી તેની ઈચ્છા અનુસાર તેને પરમ બળની પ્રાપ્તિના આશિષ આપ્યા.


મહાદેવના વરદાનથી પ્રસન્ન થઈ રાવણ સ્વયં તેમને જ લંકા લઈ જવા હઠાગ્રહ કરી બેઠો. ત્યારે શિવજીએ તેને લંકા લઈ જવા પોતાના અંશ રૂપી એક શિવલિંગ આપ્યું. સાથે જ કહ્યું કે, ''તુ તેને જમીન પર જ્યાં મુકીશ ત્યાં જ તે સ્થાપિત થઈ જશે !'' રાવણ હર્ષ સાથે લંકા જવા નીકળ્યો. પરંતુ, માર્ગમાં શિવજીની જ માયાથી રાવણને લઘુશંકાની ઈચ્છા થઈ. કહે છે કે દેવઘરની આ ભૂમિ પર રાવણે એક ગોપબાળને જોયો. વૈજુ નામના તે બાળકના હાથમાં રાવણે શિવલિંગ મૂકી દીધું. દંતકથા એવી છે કે, વૈજુ નામનો તે ગોપબાળ વાસ્તવમાં શ્રીહરિ વિષ્ણુ જ હતા ! જેમણે તે શિવલિંગ જમીન પર મૂકી દીધું, અને પછી શિવજીના વરદાન અનુસાર તે ત્યાં જ સ્થિર થઈ ગયું. રાવણે પૃથ્વી પરથી શિવલિંગને ઊંચકવાનો ઘણો પ્રયાસ કર્યો, પણ તે હલ્યું સુદ્ધા નહીં. આખરે, તે નિરાશ થઈ પરત ફર્યો. ત્યારબાદ સર્વ દેવતા અને ઋષિમુનિઓએ મળી મહાદેવના આ દિવ્ય રૂપની પૂજા કરી અને તેને વૈદ્યનાથ નામ આપ્યું. એક માન્યતા અનુસાર શ્રીવિષ્ણુના વૈજુ નામ પરથી પ્રભુ વૈજનાથના નામે પ્રસિદ્ધ થયા. કે જેમના દર્શન માત્ર ભક્તોના સર્વ મનોરથોની પૂર્તિ કરનારા મનાય છે.

રાવણ તો ભગવાન આશુતોષના દિવ્ય સ્વરૂપને મનમાં રાખી અને લંકા તરફ આગળ ચાલ્યો ગયો, પરંતુ દેવતાઓના મનમાં શંકા થઈ કે ભગવાન શંકરને અહીં સુધી લાવનાર રાવણ આગળ જઈને આ શક્તિનો કોઈ દુરુપયોગ પણ કરી શકે છે, એટલે તેમણે નારદ મુનિને લંકા મોકલ્યા અને રાવણને કહ્યું કે તે કૈલાસ પર્વત ને ઊંચકી ને તારી શક્તિનો સામર્થ્ય બતાવો તો હજી મહાદેવ વરદાનના પારખાં થઈ જાય. રાવણે કૈલાશને ઊંચો કર્યો ત્યારે ભગવાન શંકર કૈલાસમાં નિવાસ કરતા હતાં, તેથી તેઓ ક્રોધાયમાન થઈ ગયાં, અને રાવણને શ્રાપ આપ્યો કે એ દુષ્ટ તારી આ હિંમત!જા, ઝડપથી કોઈ દિવ્ય પુરુષ આ ધરતી પર આવશે અને તેના હાથે તારું મૃત્યુ નિશ્ચિત છે. આમ દેવતાઓના ષડયંત્રથી એ રાવણ કે જે વરદાનનો અધિકારી હતો એ જ રાવણ મહાદેવનાં હાથે શાપિત થયો.

શિવપુરાણ અનુસાર આ જગ્યા સીતા ભૂમિ નજીક છે, અને સીતા ભૂમિમાં દક્ષયજ્ઞ પછી તેના અર્ધ બળેલાં શરીર માંથી સતીનું હૃદય પડયું હોવાથી, ૫૧ શક્તિપીઠોમાં એક મુખ્ય શક્તિપીઠ એટલે કે હાર્દ પીઠ અહીં નજીકમાં સ્થિત છે. આ ઉપરાંત મંદિરના હિતિહાસમાં મંદિરના સ્થાન અને તેના કળશને લઈને પણ એક રસપ્રદ કથા જોડાયેલી છે, મંદિરના શિખરનો મુખ્ય કળશ અત્યારે સોનાનો છે,જે અંગ્રેજોના સમયમાં આ કળશ ત્રાંબા ધાતુનો હતો, અને એકવાર સંથાળ જાતિના કેટલાક લોકો આ મંદિર પાસે આવી પહોંચ્યાં, અને તેઓ પૂર્ણપણે નાસ્તિક હતાં. તેમણે મંદિરના ધ્વંશ માટે થઈને તાંબાના કળશમાં તીરથી છેદ કર્યો, અને કહેવાય છે કે આ કળશમાંથી અસંખ્ય ભ્રમર બહાર નીકળ્યાં, અને સંથાળ લોકોને કરડવા લાગ્યાં, ઈજાગ્રસ્ત બનેલા આ લોકો બાબા વૈજનાથ ના શરણે આવ્યાં, અને ત્યારથી તેઓ પૂર્ણ શિવ ભક્ત થઈ ગયાં. ગિધોર નરેશની રાજમાતા ને ભગવાન વૈજનાથ એ સ્વપ્રમાં આવીને કહ્યું કે, મારો કળશ જીર્ણ થઈ ગયો છે અને તેનો જીર્ણોદ્ધાર કરો, આથી ત્યારથી મંદિરમાં સોનાના કળશની સ્થાપના કરવામાં આવી. આમ આ જ્યોતિર્લિંગની સ્થાપના ત્રેતા યુગમાં થઈ હોય તેવું જાણવા મળે છે. ભગવાન શંકર કણકણમાં વ્યાપ્ત છે, અને આપણે આસપાસના કોઈપણ શિવાલયમાં જઈ અને જ્યોતિર્લિંગનો ભાવ ધરી તેને ભજીયે તો પણ તે ભોળાનાથ પ્રસન્ન થાય છે. તો બોલો ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર ભોલે, હર હર ભોલે,હર હર ભોલે.

## શ્રાવણ માસમાં શિવ મહિમા- ૦૯

# સદા શિવ ભોળાનાથના અર્ધનારીશ્વરના રૂપનો મહિમા જોઈએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



ચાંદ પર વિક્રમ લેન્ડરે દક્ષિણ ધ્રુવ સફળતા પૂર્વક ઉતરાણ કરી ભારતનો વિશ્વમાં ડંકો વગાડી દીધો. ત્યારે ભગવાન સદા શિવ ભોળાનાથ દેવાધિદેવ મહાદેવનો મહિમા- પવિત્ર શ્રાવણ માસ ચાલી રહયો છે ત્યારે જાણવા થોડો પ્રયત્ન ઉપાસના આરાધના અભિષેક રૂપ કરી રહ્યા છીએ.. ગઈકાલે શિવમહિમા ૦૮માં સદા શિવ ભોળાનાથના નંદિશ્વર અવતાર નો મહિમા જોયો. એક ફોટામાં ભગવાન શિવ ભોળાનાથ દેવાધિદેવ મહાદેવનો અર્ધનારીશ્વરનો શણગાર જોવામાં આવ્યો ત્યારે કલમને થોડી તાલાવેલી થઈ કે આ અર્ધનારીશ્વર સ્વરૂપનું રહસ્ય શું છે તો આજે શ્રાવણ માસમાં શિવ મહિમા-૦૯ સદાશિવ ભોળાનાથના અર્ધનારી શ્વરના રૂપનો મહિમા''ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક ના માધ્યમ થી જાણવા પ્રયત્ન કરીએ. હિન્દુ પુરાણ કથામાં ભગવાન એક એવી માનવ કલ્પનાનું પ્રતીક છે કે જયાં સ્વતંત્ર શિવ અથવા તો ભાગ દેવીમાં ફેરવાય છે, પરંતુ દેવીનો શ્રાવણ અડધો ભાગ ક્યારેય દેવમાં બદલાતો શિવ વિશ્વસનીય ભગવાન વિષ્ણુ તરીકે જેની પૂજા થઈ શકે, બીજી બાજુ દેવી પ્રકૃતિ નું પ્રતીક છે.માનવ કલ્પનાને પ્રકૃતિ ની જરૂર હોય છે,પરંતુ તેનું વિપરીત સાચું નથી. તેથી ભગવાન અથવા ઈશ્વર નો અડધો નથી. અર્ધનારીશ્વરની પ્રતિમાઓ કરતા એની વાર્તાઓ ઘણી ઓછી હોવાનું જણાય છે. લિંગ પુરાણ અનુસાર, સૃષ્ટિની શરૂઆતમાં કમળ ખીલ્યું હતું. તેમાં બ્રહ્મા બેઠા હતા.જાગૃત થયા ત્યારે તેમને એકલતાનો અનુભવ થયો. તેઓ ભયભીત થઈ ગયા અને તેઓને સાથ આપવા માટે તે કોઈ અન્ય જીવનું નિર્માણ કેવી રીતે કરી શકે તે પ્રશ્નમાં સપડાયા. અચાનક જ તેમને આંખો સામે શિવનો અનુભવ થયો, શિવનો જમણો ભાગ પુરુષ અને ડાબો ભાગ સ્ત્રીનો હતો. તેનાથી પ્રેરાઈને બ્રહ્માએ પોતાને પણ બે ભાગમાં વિભાજિત કરી લીધા, બધા પુરુષ જીવો જમણી બાજુથી અને સ્ત્રી જીવો ડાબી બાજુથી આવ્યા.નાથ જોગીઓની મૌખિક પરંપરામાં કહે છે કે જયારે તેઓ શિવને મળવા કૈલાસ પર્વત પર ગયા, ત્યારે એ જોઈને આશ્ચર્ય થયું કે શિવ પાર્વતી સાથેના આલિંગનમાં એટલા મગ્ન છે કે તેમણે જોગીઓ તરફ ધ્યાન જ ન આપ્યું.તે પછી તેઓ સમજી ગયા કે શિવ અને પાર્વતીનાં આલિંગનને રોકવું એ શરીરના જમણા ભાગને ડાબા ભાગથી અલગ કરવા જેવું થશે. તેથી તેમણે શિવને નમન કરી તેમની અર્ધનારીશ્વરના રૂપે કલ્પના કરી.દક્ષિણ ભારતનાં મંદિરોમાં શિવ સામે સ્નેહથી જોઈ રહેલો શૃંગી નામનો વ્યક્તિ દેખાય છે. મૃગી શિવના અન્ય ઉપાસકોથી અલગ છે-નિર્બળ છે.હકીકતે ફક્ત તેના હાડકાં જ દેખાય છેઅને તેના બે નહી પણ ત્રણ પગ છે. એવું કહેવાય છે કે ભૃગી શિવનો ઉપાસક હતો, એક દિવસ કૈલાસ પર્વત પર આવ્યા પછી તેણે શિવ ની પ્રદક્ષિણા કરવાની ઈચ્છા વ્યક્ત કરી. પ્રદક્ષિણા કરતી વખતે પાર્વતીએ માંગ કરી હતી કે ભૃગી એ તેમની પણ પ્રદક્ષિણા કરવી જોઈએ. પરંતુ ભૃગી શિવ પ્રત્યે એટલા મોહિત થઈ ગયો હતો કે તેને પાર્વતીની પ્રદક્ષિણા કરવાની ઈચ્છા ન થઈ. આ જોઈ પાર્વતી શિવના ખોળામાં બેસી ગયા અને એ કારણે ભંગીને હવે બંનેની ફરતે ફરવાની ફરજ પડી પરંતુ તેને તો ફક્ત શિવની જ પ્રદક્ષિણા કરવી હતી, તેથી તેણે નાગનું રૂપ ધારણ કરી શિવ અને પાર્વતીની વચ્ચેથી ખસવાનો પ્રયાસ કરવા લાગ્યો. શિવને તે મનોરંજક લાગ્યો અને એમણે પાર્વતીને પોતાના શરીરનો અડધો ભાગ બનાવીને અર્ધનારી શ્વરમાં રૂપાંતરિત થઈ ગયા. પણ ભૃગીએ તેની જીદ ન છોડી. તે ક્યારેક ઉંદર તો ક્યારેક મધમાખી નું રૂપ લઈને શિવ અને પાર્વતીની વચ્ચે જવાનો પ્રયત કરતો. જેનાથી પાર્વતી એટલા બધા ખિજાઈ ગયાં કે એમણે ભૃગીને શ્રાપ આપી દીધો કે તે તેની માતા પાસેથી મળેલાં શરીરનાં તમામ અંગો અને તે જમીન પર ફસડાઈ પડ્યા. ત્યારે ભૃગી પર દયા કરીને શિવજીએ તેને ત્રીજો પગ આપ્યો, જેથી તે ટિપોઈની જેમ ઊભો રહી શકે.આ ઘટના બતાવે છે કે ભગવાન ના સ્ત્રી-ભાગને ન પૂજતા શું દુર્દશા થાય છે. અન્ય એક લોક વાયકા અનુસાર,જયારે પાર્વતીજી એ શિવજીના શિરે જોયા ત્યારે તે ખૂબ ક્રોધિત થઈ ગયા. ત્યારે એમને શાંત કરવા,શિવે બંનેનાં શરીરને એક કર્યાં અને આમ તેઓ અર્ધનારીશ્વર બન્યા હિન્દુ પુરાણ કથામાં ભગવાન એક એવી માનવ કલ્પનાનું પ્રતીક છે કે જયાં સ્વતંત્ર શિવ અથવા તો વિશ્વસનીય ભગવાન વિષ્ણુ તરીકે જેની પુજા થઈ શકે, બીજી બાજુ, દેવી પ્રકૃતિ નું પ્રતીક છે.માનવ કલ્પનાને પ્રકૃતિ ની જરૂર હોય છે. પરંતુ તેનું વિપરીત સાચું નથી. તેથી ભગવાન અથવા ઈશ્વરનો અડધો ભાગ દેવીમાં ફેરવાય છે, પરંતુ દેવીનો અડધો ભાગ ક્યારેય દેવાં બદલાતા નથી, અર્ધનારીશ્વરની પ્રતિમાઓ કરતાં એની વાર્તાઓ ઘણી ઓછી હોવાનું જણાય છે. લિંગ પુરાણ અનુસાર, સૃષ્ટિની શરૂઆતમાં કમળ ખીલ્યું હતું, તેમાં બ્રહ્મા બેઠા હતા. જાગૃત થયા ત્યારે તેમને એક્લતાનો અનુભવ થયો. તેઓ ભયભીત થઈ ગયા અને તેઓને સાથ આપવા માટે તે કોઈ અન્ય જીવનું નિર્માણ કેવી રીતે કરી શકે તે પ્રશ્નમાં સપડાયા. અચાનક થયો. શિવનો જમણો ભાગ પુરુષ અને ડાબો ભાગ સ્ત્રીનો હતો. તેનાથી પ્રેરાઈને બ્રહ્માએ પોતાને પણ બે ભાગમાં વિભાજિત કરી લીધા. બધા પુરુષ જીવો જમણેથી અને સ્ત્રી જીવો ડાબી બાજુથી આવ્યા, નાથ જોગીઓની મૌખિક પરંપરા માં કહે છે કે જયારે તેઓ શિવને મળવા કૈલાસ પર્વત પર ગયા, ત્યારે એ જોઈને આશ્ચર્ય થયું કે શિવ પાર્વતી સાથેના આલિંગનમાં એટલા મગ્ન છે કે તેમણે જોગીઓ તરફ ધ્યાન જ ન આપ્યું. તે પછી તેઓ સમજી ગયા કે શિવ અને પાર્વતીનો આલિંગનને રોકવું એ શરીરના જમણા ભાગને ડાબા ભાગથી અલગ કરવા જેવું થશે. તેથી તેમણે શિવને નમન કરી તેમની અર્ધનારીશ્વરના રૂપે કલ્પના કરી. દક્ષિણ ભારતના મંદિરોમાં શિવ સામે સ્નેહથી જોઈ રહેલો ભૂંગી નામનો વ્યક્તિ દેખાય છે. ભંગી શિવના અન્ય ઉપાસકોથી અલગ છે - નિર્બળ છે. હકીક્ત, ફક્ત તેના હાડકાં જ દેખાય છે અને તેના બે નહી પણ ત્રણ પગ છે. એવું કહેવાય છે કે ભુગી શિવનો ઉપાસક હતા. એક દિવસ કૈલાસ પર્વત પર આવ્યા પછી તેણે શિવ ની પ્રદક્ષિણા કરવાની ઈચ્છા વ્યક્ત કરી. પ્રદક્ષિણા કરતી વખતે પાર્વતીએ માંગ કરી હતી કે ભૂંગી એ તેમની પણ પ્રદક્ષિણા કરવી જોઈએ. પરંતુ ભૃગી શિવ પ્રત્યે એટલા મોહિત થઈ ગયો હતો કે તેને પાર્વતીની પ્રદક્ષિણા કરવાની ઈચ્છા ન થઈ. આ જોઈ પાર્વતી શિવના ખોળામાં બેસી ગયા અને એ કારણે ભંગીને હવે બંનેની ફરતે ફરવાની ફરજ પડી. પરંતુ તેને તો ફક્ત શિવની જ પ્રદક્ષિણા કરવી હતી. તેથી તેણે નાગનું રૂપ ધારણ કરી શિવ અને પાર્વતીની વચ્ચેથી ખસવાનો પ્રયાસ કરવા લાગ્યો,શિવને તે મનોરંજક લાગ્યો અને એમણે પાર્વતીને પોતાના શરીરનો અડધો ભાગ બનાવીને અર્ધનારીશ્વરમાં રૂપાંતરિત થઈ ગયા. પણ ભૂંગીએ તેની જીદ ન છોડી. તે ક્યારેક ઉંદર તો ક્યારેક। મધમાખીનું રૂપ લઈને શિવ અને પાર્વતીની વચ્ચે જવાનો પ્રયત કરતા. જેનાથી પાર્વતી એટલા બધાં ખિજાઈ ગયા કે એમણે ભંગીને શ્રાપ આપી દીધો કે તે તેની માતા પાસેથી મળેલો શરીરનાં તમામ અંગો અને તે જમીન પર ફસડાઈ પડ્યા. ત્યારે ભૂંગી પર દયા કરીને શિવજીએ તેને ત્રીજો પગ આપ્યો, જેથી તે ટિપોઈની જેમ ઊભો રહી શકે. આ ઘટના બતાવે છે કે ભગવાનના સ્ત્રી-ભાગને ન પૂજતા શું દુર્દશા થાય છે. અન્ય એક લોકવાયકા અનુસાર, જયારે પાર્વતીજીએ ગંગાને શિવજીના શિરે જોયા, ત્યારે તે ખૂબ થઈ ગયાં. ત્યારે એમને શાંત કરવા, શિવે બંનેનાં શરીરને એક કર્યા અને આમ તેઓ અર્ધનારીશ્વર બન્યા વાચકમિત્રો શિવભક્તો આપણે શ્રાવણ માસ માં શિવ મહિમાનું રસપાન કરતાં કરતાં નવમા દિવસ સુધી પહોંચ્યા છીએ .સૌને તપ વ્રત ઉપાસના આરાધના અભિષેકનું ઉત્તમ ફળ પ્રાપ્ત થાય. દેશભરમાં ચંદ્રયાન-૩ ના વિક્રમ લેન્ડરની સફળતા આપણા વૈજ્ઞાનિકોની ધીરજ મહેનતે રંગ રાખ્યો છે ને સદા શિવ ભોળાનાથ શંભુની કૃપા દષ્ટિ હોઈ શકે.. સદા શિવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

# ઝટપટ કૂકિંગ માટે સરળ ટીપ્સ (Easy Cooking Tips)



**સોડા બાયકાર્બ**

તે જ રીતે સોડા બાયકાર્બ, કોર્નફ્લોર તથા ક્રીમ ઑફ ટાર્ટારનું મિશ્રણ એટલે બેકિંગ પાઉડર જેનો ઉપયોગ કેક (cake), બિસ્કીટ વગેરેને ફુલાવવા માટે વપરાય છે.

**કેક**

કેક (cake) બનાવતી વખતે આઈસિંગ સુગર શબ્દ સાંભળીએ છીએ આ આઈસિંગ સુગર એટલે જલદી જામી જાય તેવી ખાંડ અને જો બ્રાઉન સુગર કહે તો ખાંડ (sugar) ને ગરમ કરીને બ્રાઉન કરવામાં આવે. પણ શું તમને ખબર છે કે તમે બ્રાઉન સુગરને બદલે અડધા ભાગની ખાંડ અને અડધા ભાગનો ગોળનો ભૂકો વાપરી શકો છો.

**દેશી ચાઇનીઝ વાનગીઓ**

ચાઈનીઝ વાનગીઓમાં મુખ્યત્વે નુડલ્સ (noodles), આજીનો મોટો, ચીલી સોસ, સોયાસોસ (soya sauce), વિનેગરનો ઉપયોગ થાય છે. નુડલ્સ એ મેંદાની બનાવટ છે. જ્યારે કોઈ પણ શાકભાજીને જલદીથી ચડાવવા માટે આજીનો મોટો વપરાય છે પણ આરોગ્યની દૃષ્ટિ તેનું સેવન બને તેટલું ટાળવું હિતાવહ છે. વિનેગરને સરકો પણ કહે છે. કોઈ પણ વસ્તુને લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે તેનો ઉપયોગ થાય છે. તે સ્વાદમાં ખાટો હોય છે. ચીલી સોસ રેડ અને ગ્રીન એમ બે કલરમાં આવે છે એટલે કે લીલાં મરચાંનો સોસ અને લાલ મરચાંનો સોસ. સોયાબીનમાંથી બનાવેલા સોસને સોયાસોસ કહે છે જે જાડો કથ્થઈ રંગનો હોય છે. ચાઈનીઝ વાનગીઓમાં મુખ્યત્વે આનો વપરાશ વધુ થાય છે. આ ઉપરાંત ચાઈનીઝ વાનગીઓ મોટે ભાગે છીછરા વાસણમાં અને ફાસ્ટ ગેસ ઉપર થાય છે. તેમ જ આ વાનગીઓ ગરમ જ પીરસવાની હોય છે. સ્ટોક વોટર એટલે શાકભાજીને બાફી તે પાણી અલગ કાઢી લેવું તેને સ્ટોક વોટર કહે છે. સૂપ બનાવવામાં આ પાણીનો ઉપયોગ કરી શકાય છે.

# પૃથ્વીની વધેલી ભ્રમણ ગતિના પરિણામો

## કોરોનાના આ દિવસોમાં લોકો છીંક રોકવાની કોશિશ કરે છે



**૧. ટૂંકા વર્ષ:**

પૃથ્વી દ્વારા સૂર્યની આસપાસ એક પરિક્રમા પૂર્ણ કરવામાં જે સમય લાગે છે તેને એક વર્ષ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. જો પૃથ્વીની ભ્રમણકક્ષાની ઝડપ વધે તો વર્ષનો સમયગાળો ટૂંકો થઈ જશે. આનો અર્થ એ છે કે ઋતુઓ વધુ ઝડપથી બદલાશે, અને કેલેન્ડર વર્ષમાં ઓછા દિવસો હશે.

**૨. બદલાયેલ આબોહવા પેટર્નઃ**

પૃથ્વીની આબોહવાની પેટર્ન તેની ભ્રમણકક્ષા અને તેની ધરીના ઝુકાવથી પ્રભાવિત થાય છે. ભ્રમણકક્ષાની ગતિમાં ફેરફાર સમગ્ર ગ્રહ પર સૌર ઊર્જાના વિતરણને અસર કરશે, જે સંભવિતપણે હવામાનની પેટર્ન અને આબોહવા ઝોનમાં ફેરફાર તરફ દોરી જશે. તે તાપમાનના ઢાળ, વરસાદની પેટર્ન અને સમગ્ર આબોહવા સમતુલાને અસર કરી શકે છે.

**૩. ભરતીની અસરોમાં વધારોઃ**

પૃથ્વી પર ચંદ્ર અને સૂર્યનું ગુરુત્વાકર્ષણ ખેંચાણ ભરતીનું કારણ બને છે. પૃથ્વીની પરિભ્રમણ ગતિમાં વધારો ભરતી દળોને અસર કરી શકે છે. ઉચ્ચ ભ્રમણકક્ષાની ગતિ થોડી મજબૂત અથવા વધુ ભારે ભરતી તરફ દોરી શકે છે, જે દરિયાકાંઠાના વિસ્તારો અને દરિયાઈ ઈકોસિસ્ટમને અસર કરી શકે છે.

**૪. ભ્રમણકક્ષા સ્થિરતાઃ**

પૃથ્વીની ભ્રમણકક્ષા સૂર્યના ગુરુત્વાકર્ષણ આકર્ષણ અને તેની પોતાની જડતા વચ્ચે સંતુલિત છે. ઝડપમાં નોંધપાત્ર વધારો આ નાજુક સંતુલનને વિક્ષેપિત કરી શકે છે, જે સંભવિતપણે વધુ લંબગોળ ભ્રમણકક્ષા તરફ દોરી શકે છે અથવા અન્ય અવકાશી પદાર્થો સાથે ક્રિયાપ્રતિક્રિયા કરે છે, જે સૂર્યમંડળમાં પૃથ્વીની સ્થિરતા પર લાંબા ગાળાના પરિણામો લાવી શકે છે.

**૫. ઉપગ્રહો અને અવકાશ મિશન પર અસરોઃ**

ભ્રમણકક્ષાની વધેલી ગતિ ઉપગ્રહો અને અવકાશ મિશન પર પણ અસર કરશે. પૃથ્વીની ભ્રમણકક્ષામાં ઉપગ્રહો બદલાયેલા માર્ગનો અનુભવ કરશે અને તેમની ઈચ્છિત સ્થિતિ જાળવી રાખવા માટે ગોઠવણોની જરૂર પડશે. પૃથ્વીની ભ્રમણકક્ષાની બદલાયેલી ગતિશીલતાને કારણે અવકાશ મિશનનું લોન્ચિંગ અને નેવિગેટ કરવું વધુ પડકારજનક બનશે.

**૬. માનવ પ્રવૃત્તિઓ પર અસરોઃ**

આબોહવાની પેટર્ન અને ઋતુઓના સમયના ફેરફારોની માનવ પ્રવૃત્તિઓ જેમ કે કૃષિ, જળ સંસાધન વ્યવસ્થાપન અને મોસમી ચક્ર સાથે જોડાયેલ સાંસ્કૃતિક પ્રથાઓ પર વિવિધ અસરો હોઈ શકે છે. તેને ખેતીની પદ્ધતિઓ, પાણીની ફાળવણીની વ્યૂહરચનાઓમાં ગોઠવણોની જરૂર પડશે અને ચોક્કસ ઋતુઓ સાથે જોડાયેલી અમુક સાંસ્કૃતિક અને પરંપરાગત ઘટનાઓને અસર કરશે.

**૭. ગુરુત્વાકર્ષણ દળોમાં ફેરફારઃ**

ગુરુત્વાકર્ષણના કારણે પ્રવેગક બે પદાર્થો અને તેમના સમૂહ વચ્ચેના અંતર પર આધારિત છે. જેમ જેમ પૃથ્વીની ભ્રમણકક્ષાની ઝડપ વધે છે તેમ તેમ પૃથ્વી અને સૂર્ય વચ્ચેના ગુરુત્વાકર્ષણ ખેંચાણને અસર થશે. બદલાયેલ ગુરુત્વાકર્ષણ બળો સૂર્યમંડળમાં અન્ય અવકાશી પદાર્થોની ભ્રમણકક્ષા પર સૂક્ષ્મ અસર કરી શકે છે.

# કેરી અને કાજુ કરતાં ડ્રેગન ફ્રુટ્સ મોંઘા કેમ?



આવું કેમ?

એનું કારણ એ કે કાજુ અને કેરી એવી આઈટમો છે જેના સ્વાદિષ્ટ હોવા વિષે કોઈને શંકા નથી. અને એટલે માણસજાતે સેંકડો વર્ષ અને કરોડો રૂપિયા આ પાકોને વિકસાવવા માટે ખર્ચી કાઢ્યા છે. કાજુ અને કેરીને ઉગાડવા માટે દર વર્ષે ડ્રેગન ફ્રૂટ કરતા અનેક ગણા વધુ જમીન, પૈસા અને મહેનત દાંવ પર લગાવાય છે, કારણ કે ખેડુતોને ખાતરી હોય છે કે આ પાક બજારમાં જરૂર વેચાશે. આને લીધે આ પાકોની બજારમાં એક સ્થીર અને ભરોસેમન્દ સપ્લાય ઉભી થઈ છે. અને તેથી જ તે નોવેલટી આઈટમો કરતા સસ્તા છે. જો રશિયન કાવિયાર ખરેખર જેટલું ઢોલ નગારા પીટીને કહેવાય છે એટલું સ્વાદિષ્ટ હોત તો ભારત જેવા ગરમ દેશોના ફૂડ સાયન્ટિસ્ટોએ અત્યાર સુધી તો એને અહીં પકવવાની કોક રીત શોધી જ કાઢી હોત. જેમ અમૂલે વાછરડાના રેનેટ વગર ચીઝ બનાવવાની કળા શોધી કાઢી તેમ. આટલી તસદી હજી આપણે લીધી નથી એજ એ વાતની સાબિતી છે કે કાવિયારમાં કંઈ કાઢી લેવાનું નહિ હોય. અમુક આઈટમો રેર/વિરલ હોય છે કારણકે એ રેર હોવાને જ લાયક છે. જે આઈટમો ખરેખર ઉચ્ચ ગુણવત્તાની હોય, બજાર હંમેશા એને માસ પ્રોડ્યુસ કરવાની યુક્તિ શોધી જ લે છે. દસ રૂપિયાની બોલપેન બસો રૂપિયાની ફાઉન્ટન પેન કરતા સત્તર દરજ્જે ચઢિયાતી પ્રોડક્ટ છે. અને એટલે જ બધે મળે છે, અને આટલી સસ્તી મળે છે. ઘણીવાર અમુક ટોપીબાજ વિક્રેતાઓ આપણને મોંઘી આઈટમ એમ કહીને વળગાડવાનો પ્રયત્ન કરે છે કે “સારી હશે તો જ આટલી મોંઘી છે ને!” જ્યારે ખરેખર એ ગુણવત્તામાં ઉતરતી હોવાને લીધે રેર, અને રેર હોવાને લીધે મોંઘી હોય છે. આપણા માંથી ઘણાને આમેય વસ્તુની ગુણવત્તા ભાવ થી સ્વતંત્ર રહીને આંકતા આવડતું જ નથી એટલે ભાવ એક માત્ર ગુણવત્તાનો સૂચક બની રહે છે.

# શું બ્રહ્માંડનાં અન્ય ગ્રહોમાં માનવજીવન અસ્તિત્વ ધરાવે છે?



જરૂર હોવું જ જોઈએ. ૨૦ સદીના અંત પહેલાં બીજા ગ્રહના મહેમાનો પૃથ્વીની મુલાકાત લેશે તેવી વૈજ્ઞાનિકોની ધારણા હતી, પણ એવું બન્યું નથી. સદીનો સૌથી મોટો બનાવ આ ગણાશે. પૃથ્વી પર એલિયન આવે છે તે અવારનવાર ચર્ચામાં છે જ. એમ કહેવાય છે કે અમેરિકાએ કેટલાક એલિયન્સ ને પકડી ને રાખ્યા છે અને નેવાડા રાજ્યના Area-51 તરીકે ઓળખાતા વિસ્તારમાં રાખ્યા છે. આ વિસ્તારમાં કોઈને જવાની મંજુરી નથી અને ત્યાં શું ચાલે છે તે કદી જાહેર થતું નથી. તાજેતરમાં અમેરિકાના મીડિયા માં હતું કે ડોનાલ્ડ ટ્રમ્પ એલિયન્સ વિશે જાણે છે અને જાહેર કરશે પણ રાબેતા મુજબ વાત દબાઈ ગઈ છે. દરેક અમેરિકન પ્રમુખ કંઈક તો જાણે છે પણ ટ્રમ્પ બોલી જાય તેવા હતા. ત્યાં એવું શું છે કે અમેરિકન પ્રજા કે દુનિયાને કહેવામાં આવતું નથી? સમગ્ર વિસ્તાર આર્મીના કબજા અને જાપ્તા હેઠળ છે. હવે આ લોકો આવે તો શું થાય? આપણી કરતા વિજ્ઞાનમાં ખૂબ આગળ હોય અને મિત્ર ભાવે આવે તો ફાયદો થાય. જો પૃથ્વી પર કબજો,નુકસાન કરવા આવે તો હાહાકાર મચે. દરેક ધર્મ ગ્રંથોમાં બીજી દુનિયા વિશે ઉલ્લેખ છે જ. લાખો પ્રકાશ વર્ષ દૂરથી જો આવે તો તેમની પાસે ખૂબ આગળ વધેલું વિજ્ઞાન હશે જ. લેખકો, ફિલ્મ નિર્માતાઓનો આ માનીતો વિષય છે. સ્ટાર વૉર્સ, ઈન્ટરસ્ટેલર વગેરે. આ અંગે સારો પ્રકાશ ફેંકે છે. ઈન્ટરસ્ટેલર માં તો ભારતીય તત્વજ્ઞાન, બ્રહ્માંડ અંગે ભારતીય શાસ્ત્રોના અવતરણો ટાંકવામાં આવ્યા છે. અધ્યાત્મના નિષ્ણાંતો કહે છે કે સૂક્ષ્મ દુનિયા ,અલગ ફ્રેક્વેનસી ની આપણી આજુબાજુ પણ વિકસી રહી છે પણ પુરાવા પર આવતા હજુ સમય જશે. મકરંદ દવે જાણીતા રહસ્યવાદી,અધ્યાત્મ માં આગળ વધેલા હતા. લેખક, કવિ તો હતાં જ. વલસાડના ધરમપુરમાં તેમનો “નંદીગ્રામ” આશ્રમ છે અને તેમના પત્ની અને જાણીતા લેખિકા કુન્દનિકા કાપડીઆ સંભાળે છે. હું વલસાડ કલેકટર હતો ત્યારે ખાસ તેમને મળવા ગયો. તેમને તેમના ઘણા લખાણો માં બહારની દુનિયામાં વર્ણનો કર્યા છે. “યોગી હરનાથના સાનિધ્યમાં” નામનું તેમનું પુસ્તક ગોંડલના સંત નાથાબાપા પર આધારિત છે.

BOLLYWOOD NEWS FLASH

## અભિનેત્રીના પૂર્વ પતિ આદિલે પણ અભિનેત્રી રાખી સાંવત પર કેટલાક ગંભીર આરોપ લગાવ્યા છે



### આદિલે તેનો ન્યૂડ વીડિયો એક વ્યક્તિને ૪૭થી ૫૦ લાખમાં વેચ્યો


। મુંબઈ, તા.૨૫ ।

અભિનેત્રી રાખી સાવંત હાલ આદિલ ખાન દુર્રાની સાથેના પોતાના તૂટેલા સંબંધને લઈને ખુબ ચર્ચામાં છે. રાખી અને આદિલ બંને પ્રેસ કોન્ફરન્સમાં એક બીજા પર ગંભીર આરોપો લગાવી ચૂક્યા છે. એકબાજુ જ્યાં આદિલે રાખી પર તેને ડ્રગ્સ આપવાનો અને ન્યૂડ વીડિયો બનાવવાનો આરોપ લગાવ્યો તો બીજી બાજુ અભિનેત્રીએ પણ આવા જ કઈક આરોપ લગાવ્યા છે જેને જાણીને હવે ફેન્સ સ્તબ્ધ થઈ ગયા છે. હાલમાં જ એક પ્રેસ કોન્ફરન્સમાં રાખી સાવંતે જણાવ્યું કે હનીમૂન દરમિયાન આદિલે તેનો ન્યૂડ વીડિયો બનાવ્યો હતો. અભિનેત્રીએ એવો પણ હવે આરોપ લગાવ્યો છે કે આદિલે તેનો ન્યૂડ વીડિયો એક વ્યક્તિને ૪૭થી ૫૦ લાખ રૂપિયામાં વેચ્યો છે. રાખીએ આદિલ સાથેની પોતાની પરિસ્થિતિઓ વિશે પણ વાત કરી. રાખીએ કહ્યું કે “આદિલ ખાન દુર્રાની મારા પતિએ મારા ન્યૂડ વીડિયો ૫૦ લાખ અને ૪૭ લાખમાં મારા હનીમૂનના ટબમાં બેઠી છું, બાથરૂમમાં ન્હાઈ રહી છું, તેની સાથે બેડ પર છું, બધા વીડિયો શૂટ કરીને એક અરબને વેચ્યા છે. કોને વેચ્યા છે... મારા ન્યૂડ વીડિયો, પત્નીના ન્યૂડ વીડિયો વેચ્યા છે.” આ ઉપરાંત પ્રેસ કોન્ફરન્સમાં રાખી સાવંતે એમ પણ જણાવ્યું કે તેના આદિલ સાથેના લગ્ન કઈ રીતે થયા હતા. રાખીએ જણાવ્યું કે આદિલની બહેન શૈલી મને એક કાર ગિફ્ટ કરવા માંગતી હતી અને આ માટે તેણે મને મૈસૂર આવવાનું કહ્યું હતું. રાખીએ જણાવ્યું કે “મે શૈલીને કહ્યું કે તે મને મુંબઈમાં જ કાર મોકલી દે.

# અદિતિ બુધાથોકીએ સાડી લૂકમાં બતાવ્યો એથનિક અવતાર

। મુંબઈ, તા.૨૫ ।

ઈન્ટરનેટ પર નેપાળી એક્ટ્રેસ અને મૉડલ અદિતિ બુધાથોકી ખુબ જ ચર્ચામાં છે. અદિતિ બુધાથોકીના બૉલ્ડ અને ગ્લેમરસ લૂકને કારણે ઈન્ટરનેટ પર તે જલવો બિખેરી રહી છે. જ્યારે પણ અભિનેત્રી ઈન્સ્ટાગ્રામ પર તેની તસવીરો પૉસ્ટ કરે છે, ત્યારે તેના લૂકને જોઈને લોકોના દિલ ધડકી જાય છે. તાજેતરમાં તેના એથનિક લૂકે ઈન્ટરનેટ પર ધૂમ ચર્ચા જગાવી છે. આ તસવીરોમાં સાડીમાં તેની કિલર સ્ટાઈલ દેખાઈ રહી છે. નેપાળની



બ્યૂટિફૂલ અને ગ્લેમરસ અભિનેત્રીઓની યાદીમાં અદિતિ બુધાથોકીનું નામ સામેલ છે. તેની દરેક સ્ટાઈલ ફેન્સની વચ્ચે આવતાની સાથે જ ઝડપથી વાયરલ થવા લાગે છે. ઉપરાંત, અદિતિ બુધાથોકીનો દરેક લૂક લોકોમાં ખુબ ટ્રેન્ડ કરી રહ્યો છે. તાજેતરમાં, અભિનેત્રીએ તેની લેટેસ્ટ પરંપરાગત શૈલીમાં ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો પૉસ્ટ કરી છે. આ ફોટોશૂટ દરમિયાન અદિતિ બુધાથોકીએ બનારસી લૂકમાં સાડી પહેરી છે. આ લૂકમાં અભિનેત્રી ખૂબ જ સુંદર લાગી રહી છે. અભિનેત્રીએ પોતાના ખુલ્લા વાળમાં ગજરા, ગળામાં માળા, હાથમાં બંગડીઓ અને ચળકતા મેક-અપ દ્વારા તેના અંદાજને પૂરક બનાવ્યો છે. આ તસવીરોમાં અભિનેત્રી કેમેરાની સામે કિલર આંખો સાથે પૉઝ આપી રહી છે અને ફેન્સના દિલ પર છવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, અભિનેત્રીએ પંજાબીથી લઈને હિન્દી મ્યૂઝિક આલ્બમ્સમાં પણ પોતાની સ્ટાઈલ ફેલાવી છે. અભિનેત્રી પોતાની ગ્લેમરસ સ્ટાઈલથી સોશ્યલ મીડિયાનું તાપમાન વધારે છે. અભિનેત્રીએ પંજાબીથી લઈને હિન્દી મ્યૂઝિક આલ્બમ્સમાં પણ પોતાની સ્ટાઈલ ફેલાવી છે. અભિનેત્રી પોતાની ગ્લેમરસ સ્ટાઈલથી સોશ્યલ મીડિયાનું તાપમાન વધારે છે.

**આ શોનું નામ જો બચે હૈ સંગ સમેટ લો છે : આ શોની વાર્તા આગળ ત્યારે વધે છે જ્યારે સિકંદરને નોકરી કરવા ઈટલી જવું પડે છે**

# નેટફ્લિક્સ પર આવશે પહેલો પાકિસ્તાની શો

। મુંબઈ, તા.૨૫ ।

બોલીવુડ ફિલ્મોમાં પાકિસ્તાની કલાકારોની એન્ટ્રી બૈન છે પરંતુ ટૂંક સમયમાં જ નેટફ્લિક્સ પર એક સીરીઝ રિલીઝ થશે જેમાં બોલીવુડમાં કામ કરી ચૂકેલી મહિલા ખાન અને ફવાદ ખાન જોવા મળશે. નેટફિક્સ પર આ પહેલો પાકિસ્તાની શો રિલીઝ થવાનો છે. આ પાકિસ્તાની શો ફરહત ઈશ્તિયાકના ઉર્દુ ઉપન્યાસ પર આધારિત છે. આ ઉપન્યાસ વર્ષ ૨૦૧૩ માં પ્રકાશિત થયો હતો. ઉપન્યાસ ની વાર્તા અનિદ્રાથી પીડિત એક યુવક સિકંદર પર આધારિત છે. આ વ્યક્તિને જ્યારે પણ ઊંઘ આવે છે ત્યારે તેને વિચિત્ર સપના આવે છે. આ શોનું હાલ નામ જો બચે હૈ સંગ સમેટ લો છે. આ શોની વાર્તા આગળ ત્યારે વધે છે જ્યારે સિકંદર ને નોકરી કરવા માટે ઈટલી જવું પડે છે. ત્યાં તેની મુલાકાત લિઝા નામની એક સુંદર ઈટાલિયન યુવતી સાથે થાય છે. તેમની વચ્ચે વાતચીત શરૂ થાય છે અને પછી સંબંધ પ્રેમ સુધી પહોંચે છે. પરંતુ તેમની વચ્ચે તેમના ભૂતકાળના રહસ્યો સામે આવે છે અને સંબંધોમાં તણાવ ઉભો થાય છે. આ શોમાં ફવાદ ખાન અને મહિરા ખાન મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે. જણાવી દઈએ કે ફવાદ ખાન પાકિસ્તાનના સુપરસ્ટારમાંથી એક છે. તેણે બોલીવુડ ફિલ્મોમાં પણ કામ કર્યું છે. ફવાદ ખાન બોલીવુડની ખૂબસૂરત, કપૂર એન્ડ સન્સ અને એ દિલ હે મુશ્કિલ ફિલ્મોમાં કામ કરી ચૂક્યો છે.




# ડિપનેક આઉટફીટમાં અવનીત કૌરનો હોટ અંદાજ વાયરલ

। મુંબઈ, તા.૨૫ ।

ટીવી અભિનેત્રી અને સોશિયલ મીડિયા સ્ટાર અવનીત કૌર આજે કોઈ પરિચય પર નિર્ભર નથી. દરેક વ્યક્તિ તેને ખૂબ જ નાની ઉંમરથી જ ઓળખવા લાગ્યા છે. અવનીતે કેમેરા સામે એક કરતા વધુ કિલર પોઝ આપ્યા છે. આ પોઝ આપતાં અવનીતે એવી સ્ટાઈલ બતાવી છે કે લુક્સ જોઈને ફેન્સ બેકાબૂ થઈ જાય છે. આ ડ્રેસ પહેરીને, અવનીત કેમેરાની સામે તેના પરફેક્ટ બોડીને ફ્લોન્ટ કરતી જોવા મળે છે. અનવીત કૌર સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અવનીતને સોશિયલ મીડિયા સ્ટાર પણ કહેવામાં આવે છે. અભિનેત્રી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. અભિનયની સાથે સાથે અવનીત તેની બોલ્ડ ઈમેજ માટે પણ ચર્ચામાં છે. અવનીત દરરોજ તેનું ફોટોશૂટ કરાવતી જોવા મળે છે. ફરી એકવાર અવનીતનું નવું ફોટોશૂટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. અવનીતના આ ફોટા ચાહકોને પણ પસંદ આવ્યા છે. અવનીત દરરોજ તેનું ફોટોશૂટ કરાવતી જોવા મળે છે. ફરી એકવાર અવનીતનું નવું ફોટોશૂટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. અવનીતના આ ફોટા ચાહકોને પણ પસંદ આવ્યા છે.



# અભિનેત્રી ડેઝી શાહ ૩૯મો જન્મદિવસ ઉજવી રહી છે

। મુંબઈ, તા.૨૫ ।

ફિલ્મ અભિનેત્રી ડેઝી શાહને આજે કોઈ પરિચયની જરૂર નથી. તેણે તેની કારકિર્દીમાં માત્ર થોડી જ ફિલ્મોમાં કામ કર્યું છે, પરંતુ તે ખૂબ જ પ્રખ્યાત થઈ છે. ડેઝીનો જન્મદિવસ ૨૫ ઓગસ્ટે છે, તે તેનો ૩૯મો જન્મદિવસ ઉજવી રહી છે. તેમના જન્મદિવસ નિમિત્તે તેમની ફિલ્મી કારકિર્દી પર એક નજર કરીએ. ડેઝીએ વર્ષ ૨૦૧૪માં ફિલ્મ જય હોથી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. આ ફિલ્મમાં તે સલમાન ખાન સાથે જોવા મળી હતી. જય હો તેની મુખ્ય બોલિવૂડ ડેબ્યૂ ફિલ્મ હતી, પરંતુ તે પહેલા વર્ષ ૨૦૧૩માં તે બ્લડી ઈશ્ક ફિલ્મમાં પણ જોવા મળી હતી. જો કે આ ફિલ્મમાં તે આઈટમ નંબર સોંગમાં જ જોવા મળી હતી. આ ફિલ્મ ફ્લોપ રહી હતી. ડેઝી શાહની ફિલ્મ જય હો સેમી હિટ રહી હતી. જે બાદ તેણે ૨૦૧૫માં હેટ સ્ટોરી ૩માં પણ કામ કર્યું હતું. તેની આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ સાબિત થઈ હતી. વર્ષ ૨૦૧૭માં તે રોમેન્ટિક કોમેડી ફિલ્મ રામ રત્નમાં જોવા મળી હતી. આ ફિલ્મ ફ્લોપ રહી હતી. કરિયરની શરૂઆતમાં સલમાન ખાન જેવા મોટા સુપરસ્ટાર સાથે સ્ક્રીન શેર કરનાર ડેઝી શાહ પોતાની કરિયરમાં કંઈ ખાસ બતાવી શકી નથી. વર્ષ ૨૦૧૭માં તે રોમેન્ટિક કોમેડી ફિલ્મ રામ રત્નમાં જોવા મળી હતી. આ ફિલ્મ ફ્લોપ રહી હતી. કરિયરની શરૂઆતમાં સલમાન ખાન જેવા મોટા સુપરસ્ટાર સાથે સ્ક્રીન શેર કરનાર ડેઝી શાહ પોતાની કરિયરમાં કંઈ ખાસ બતાવી શકી નથી.



# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીના વિદ્યાર્થીએ ચંદ્રયાન -3 ચંદ્ર પર સફળ લેન્ડિંગ કરતા ઉજવણી





। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૫ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી કાર્યરત છે જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે સાથે સાથે એકલવ્ય પરીક્ષા, શિષ્યવૃતિ પરીક્ષા જ્ઞાન સાધના પરીક્ષા, સૈનિક સ્કૂલ પ્રવેશ પરીક્ષા તેમજ અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવવામાં આવે છે જેમાં અનાથ બાળકો અને અપંગ બાળકોને વિનામૂલ્યે માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી - મોરા અને સુખસર તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણાએ ચંદ્રયાન મિશન -૩ અંતર્ગત વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.૧૪૦ કરોડ ભારતીયોના સપના સાથે ઉડેલુ ચંદ્રયાન -૩ એ ૪૧ દિવસની સફર પછી ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કર્યું ત્યારે આખા દેશની છાતી ગર્વથી પહોળી થઈ ગઈ હતી. ત્યારે ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી ખાતે નવોદય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ વંદે માતરમ્ - ભારત માતા કી જય ના નારા સાથે જય જય કાર કરી હતી.

મોરા નવોદય ક્લાસના સંચાલક શ્રી અશ્વિનભાઈ સી. સંગાડા અને સુખસર ક્લાસના સંચાલક શ્રી રાજુભાઈ એસ. મકવાણાએ તમામ વિદ્યાર્થીઓને આપણા માટે એક ગૌરવભરી ક્ષણ વિશે વિદ્યાર્થીઓને રસપ્રદ માહિતી આપ વામાં આવી હતી.ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી ના સંચાલક શ્રી દિલીપકુમાર મકવાણાએ તમામ ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા અને અંતમાં જન મન અધિનાયક જય હે ભારત ભાગ્ય વિધાતાના ગીત સાથે હર્લોલ્લાસ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

# જસદણની સરકારી હોસ્પિટલમાં હવે એમ ડી દર મંગળ અને ગુરુવારે બે કલાક સેવા આપશે

હુસામુદીન કપાસી

। જસદણ, તા.૨૫ ।



જસદણની સરકારી હૉસ્પિટલમાં લાંબા સમય બાદ હવે અઠવાડિયામાં બે દીવસ બે કલાક એમ ડી તબીબ સેવા આપવાનાં હોવાથી જસદણના દર્દીઓમાં આનંદની લાગણી ફેલાઈ છે જાણીતાં (એમ ડી જનરલ મેડીસિન) તબીબ યોગેશભાઈ કાછડીયા પોતાનો કિંમતી સમય અઠવાડિયામાં બે દિવસ સરકારી હૉસ્પિટલમાં ફાળવશે તેઓ દર મંગળવાર અને ગુરૂવારે બપોરે ૧૨ થી ૨ વાગ્યાં સુધી તેઓ સેવા આપશે તો જરૂરીયાતમંદ દર્દીઓ આ સેવાનો લાભ લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.



ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

કડાણા તાલુકાના લીમપુર ગામે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ શ્રાવણ માસ દરમિયાન શ્રી હરસિદ્દેશ્વર મહાદેવના મંદિરે પૂજન અર્ચન તેમજ જલાભિષેક થાય છે ગામમાંથી વારા ફરથી દરેક ગ્રામજનો મંદિરે આવે છે. શ્રી ભરતભાઈ એ.પંડ્યા દ્વારા શ્રી ભોળાનાથ શંભુની સહ પરિવાર શાસ્ત્રોક્ત મંત્રો વડે પૂજન અર્ચન કરવા માં આવે છે. પવિત્ર શ્રાવણ માસ દરમિયાન શિવજી ની કૃપા મેળવવા ભક્તો પ્રભુમય રહી પ્રસન્નતા અનુભવે છે.

# ભરૂચ જિલ્લાની વિવિધ શાળાઓના બાળકોનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું

### ભરૂચ જિલ્લાની વિવિધ શાળાઓના બાળકોનું મેડિકલ ચેકઅપ કરી, ધો.૫ અને ધો.૧૦ ના બાળકોને TD રોગ સામે રક્ષણ આપતી રસી વિનામૂલ્યે મૂકવામાં આવી

। કેતન મહેતા ભરૂચ, તા.૨૫ ।



રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા ૦ થી ૧૮ વર્ષના તમામ બાળકોનું મેડિકલ ચેકઅપ કરી જરૂરિયાત મંદ બાળકોને સરકારી હોસ્પિટલ, ખાનગી હોસ્પિટલ (જેમાં સરકાર શ્રી સાથે સારવાર માટે MOU થયા હોય તેવી હોસ્પિટલ), આયુષ્યમાન કાર્ડ અંતર્ગત વિવિધ જન્મજાત ખામીઓ ધરાવતા જેવી કે હ્રદયરોગ, કપાયેલા હોઠ-તાળવા, ક્લબ ફૂટ વગેરે, ઉપરાંત અલગ-અલગ મેડિકલ અને સર્જીકલ સારવાર ફ્રીમાં આપવામાં આવે છે જેમાં રાષ્ટ્રીય બાળવિકાસ કાર્યક્રમ અંતર્ગત મોબાઈલ હેલ્થ ટીમ દ્વારા અલગ-અલગ સરકારી શાળા, ખાનગી શાળા, સરકારી આંગણવાડીઓ વગેરેમાં જઈને બાળકોનું હેલ્થ સ્ક્રીનીંગ કરી મેડિકલ તથા સર્જિકલ સારવારની જરૂરિયાત ધરાવતા બાળકોને સંદર્ભ કાર્ડ ભરી આપીને રાજ્ય સરકાર દ્વારા રાજ્યની વિવિધ સરકારી તથા ખાનગી હોસ્પીટલોમાં વિનામૂલ્યે સારવાર કરાવવામાં આવે છે. આ ઉપરાંત રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત મોબાઈલ હેલ્થ ટીમ દ્વારા દરેક સરકારી અને ખાનગી શાળામાં ધોરણ ૫ અને ધોરણ ૧૦ નાં બાળકોને **TD (TETANUS AND DIPTHERIA)** ના રોગ સામે રક્ષણ આપ તી રસી પણ દરેક બાળકોને વિનામૂલ્યે આપવામાં આવે છે.

# ઝાલોદ તાલુકાના સુથારવસા ગામેથી ટાટા સુમો ગાડીમાં લઈ જવાતો વિદેશી દારૂ ઝડપી પાડતી લીમડી પોલિસ

### ટાટા સુમો ગાડીમાં "ON DUTY PANCHMAHAL DAIRY GODHRA"નું પાટિયું મારેલું હતું

। ઝાલોદ, તા.૨૫ ।



ઝાલોદ તાલુકાના સુથારવસા ગામે મુવાડી ફળિયામાં ટાટા સુમો માંથી ઈંગ્લીશ દારૂનું કટીંગ કરી મુકતી વખતે રેડ કરી ૧૩૧૧૫૦ નો વિદેશી દારૂ તેમજ ટાટા સુમો ગાડી નંબર ય્ત્ન-૧૭-દ્ગ-૯૭૪૯ મળી કુલ ૫૩૧૧૫૦ ના મુદ્દામાલ સાથે એક ઈસમને લીમડી પોલિસના પી.એસ.આઇ એમ.એફ.ડામોર દ્વારા અન્ય પોલીસ સ્ટાફને સાથે રાખી આરોપી હિંમત દશરથ વડેલ ,લીમખેડા ને ઝડપી પાડી સફળતા મેળવેલ છે તેમજ અન્ય ત્રણ આરપી વોન્ટેડ જાહેર કરી તપાસની કાર્યવાહી હાથ ધરેલ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે દારૂના વેચાણ કરનારાઓ દ્વારા નવો કિમિયો અજમાવી દારૂની હેરાફેરી કરતા હોય તેમ લાગી રહ્યું હતું કેમકે જે ટાટા સુમો ગાડીના હેરફેરમાં વપરાયેલ છે તે ગાડીમાં **"ON DUTY PANCHMAHAL DAIRY GODHRA"** નું પાટિયું મારેલું હતું. હવે તપાસનો વિષય છે કે ખરેખર આમાં કેટલી સત્યતા છે. આમ દારૂની હેરફેર કરનાર અવનવા કીમિયાઓ અજમાવી દારૂની હેરફેર કરવાના કિસ્સાઓ જોવા મળી રહેલ છે.

# નર્મદા જિલ્લા એકતા સમિતિના સભ્ય પત્રકાર લેખક દીપક જગતાપની સભ્ય તરીકે સરકાર દ્વારા નિમણુંક

### સાંસદ, ધારાસભ્ય, કલેક્ટર, ડીએપી, ડીડીઓ સહીત વિવિધ વર્ગના ફૂલ ૨૦સભ્યોની નિમણુંક

। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૫ ।

ગૃહ વિભાગ, ગુજરાત સરકાર અનેનર્મદા જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારાગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક અને જિલ્લા કલેક્ટર કચેરીના હુકમ કમાંક મુજબ નર્મદા જિલ્લા એકતા સમિતિના સભ્ય તરીકે જાણીતા પત્રકાર અને લેખક દીપક જગતાપની સભ્ય તરીકે સરકાર દ્વારા નિમણુંકકરવામાં આવી છે. જેમાં સાંસદ, ધારાસભ્ય, કલેક્ટર, ડીએપી, ડીડીઓ સહીત વિવિધ વર્ગના ફૂલ ૨૦સભ્યોની નિમણુંકકરવામાં આવી છે.જેમાં સરકારી સભ્યોમાં ગુજરાત સરકારના ગૃહ વિભાગના ઠરાવથી રાજ્યમાં કોમી એકતા અને એખલારાભર્યું વાતાવરણ જાળવી રાખવા, કોમી બનાવોને નિવારવા માટે તેમજ કોમી તંગદીલી નિવારવામાં ઉપયોગી થાય તે માટે રાજ્યના દરેક જિલ્લાઓમાં કાયમી રીતે જિલ્લા એકતા સમિતિની રચના કરવાનું ઠરાવેલ.



જે મુજબ નર્મદા જિલ્લા કલેક્ટર કચેરીના હુકમથી અત્રેના નર્મદા જિલ્લામાં જિલ્લા એકતા સમિતિની રચનાકરવામાં આવેલ હતી. આ સમિતિમાં બિનસરકારી સભ્યોની મુદત પૂર્ણ થયેલ હોઇ, નીચે મુજબ જિલ્લા એકતા સમિતિની પુનઃ રચના કરવામાં આવી છે. જેમાં ૧. જિલ્લા મેજીસ્ટ્રેટ નર્મદા ૨. જિલ્લા પોલીસ અધિક્ષક, નર્મદા ૩. જિલ્લા વિકાસ અધિકારી, નર્મદા ૪. જિલ્લા શિક્ષણાધિકારી, નર્મદા ૫. નિવાસી અધિક કલેક્ટર, નર્મદા અને બિનસરકારી સભ્ય તરીકે ૬. મનસુખભાઇ વસાવા સંસદ, ભરૂચ લોકસભા મતવિભાગ ૭. શ્રીમતી ગીતાબેન રાઠવા, સંસદસભ્ય છોટાઉદેપુર લોકસભા મતવિભાગ, ૮. ડૉ. દર્શનાબેન દેશમુખ, ૧૪૮-નાંદોદ વિધાનરાભા મતવિભાગ ધારાસભ્ય, નાંદોદ ૯. ધારાસભ્ય ચૈતરભાઈ દામજીભાઈ વસાવા ૧૪૯ - દેડીયાપાડા વિધાનરાભા મતવિભાગ, ૧૦. શ્રીમતી પર્યુષાબેન વસાવા પ્રમુખ જિલ્લા પંચાયત, નર્મદા ૧૧. નિલકુમાર પ્રેમશરણ રાવ અગ્રગણ્ય નાગરિક-૧ ૧૨. ભાસ્કરભાઈ સોની અગ્રગણ્ય નાગરિક-૨ ૧૩. અમિતભાઈ કનુભાઈ સોલંકીઅનુસૂચિત જાતિના સભ્ય ૧૪. કપિલાબેન વસાવા અનુસૂચિત જનજાતિના સભ્ય ૧૫. પત્રકાર દીપકભાઈ જગતાપ ૧૬. અલ્પાબેન ભાટીયા મહિલા સભ્ય ૧૭. જયકુમાર પંચાલસા. શૈ. રીતે પછાત વર્ગના સભ્ય ૧૮. આસિફભાઈ તાઈલઘુમતી કોમના સભ્ય ૧૯. નયનભાઈ કાપ ડિયા ટ્રેડ યુનિયનના કાર્યકર ૨૦. સોનજીભાઈ વસાવા ગ્રાહક સુરક્ષા સમિતિના રાભ્યનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિએ જિલ્લામાં કોમી રાદભાવ બનાવી રાખવા માટે માર્ગદર્શક સૂચનો કરવા તથા કોમીતંગદિલી નિવારવા માટે ઉપાયો સૂચવવાના રહેશે. સમિતિના બિનસરકારી સભ્યોની મુદત બે વર્ષની રહેશે.

# જામનગર-તિરુનેલવેલી અને હાપા-મડગાંવ એક્સપ્રેસ ટ્રેનો LHB રેક સાથે દોડશે

। જામનગર, તા.૨૫ ।

મુસાફરોને વધુ આરામદાયક અને સલામત મુસાફરીનો અનુભવ આપવા માટે, પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ ડિવિઝનમાં થી દોડતી ટ્રેન નંબર ૧૯૫૭૮/૧૯૫૭૭ જામનગર-તિરુનેલવેલી અને ટ્રેન નંબર ૨૨૯૦૮/૨૨૯૦૭ હાપા-મડગાંવ એક્સપ્રેસ ટ્રેનોને પરંપરાગત રેક ની જગ્યાએ LHB રેક થી બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેન નંબર ૧૯૫૭૮/૧૯૫૭૭ જામનગર – તિરુનેલવેલી એક્સપ્રેસ જામનગરથી ૨૬.૦૮.૨૦૨૩થી અને ૨૯.૦૮.૨૦૨૩થી તિરુનેલવેલીથી LHB રેક સાથે દોડશે. એ જ રીતે ટ્રેન નંબર ૨૨૯૦૮/૨૨૯૦૭ હાપા-મડગાંવ એક્સપ્રેસ ૩૦.૦૮.૨૦૨૩થી હાપાથી LHB રેક સાથે અને ૦૧.૦૯.૨૦૨૩થી મડગાંવથી LHB રેક સાથે દોડશે. આ બંને ટ્રેનોમાં કુલ ૨૨ કોચ હશે જેમાં ૨ સેકન્ડ એસી, ૬ થર્ડ એસી, ૮ સેકન્ડ સ્લીપર, ૩ જનરલ, ૧ પેન્ટ્રી કાર, ૧ લગેજ વાન અને ૧ જનરેટર વેન કોચ હશે.

# "૩ એક્કા" ફિલ્મના કલાકારોએ નેક્સસ અમદાવાદ વન મોલની મુલાકત લીધી




। અમદાવાદ, તા.૨૫ ।

યશ સોની, એશા કંસારા, મિત્ર ગઢવી, કિંજલ રાજપ્રિયા, અને તર્જની ભાડલા એ ફિલ્મ ૩ એકકા ના પ્રચાર માટે નેક્સસ અમદાવાદ વન મોલની મુલાકાત લીધી હતી. આ ફિલ્મ ૨૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે.

# જસદણ પંથકની યુવતી કુંવારી માતા બની : પુત્રને આપ્યો જન્મ

। જસદણ, તા.૨૫ ।




જસદણ પંથકમાં યુવતીને પ્રેમીએ ગર્ભવતી બનાવી દેતા યુવતીએ નવમાં મહીને બાળકને જન્મ આપતા ખળભળાટ મચી જવા પામી છે. ભોગ બનનાર અને નવજાત શિશુને દુષ્કર્મ આચરનારને સોંપવાની તૈયારી દર્શાવી પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવવાની ઈકાર કર્યો છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ જસદણ પંથકમાં રહેતી ૨૦ વર્ષની યુવતી પોતાના ઘરે હતી ત્યારે બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં પ્રસુતિની પીડા ઉપડતા તેણીને ભાડલા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં યુવતીએ પુત્રને જન્મ આપ્યો હતો કુમારી માતા બનેલી યુવતીની તબિયત લથડતા તેણીને તાત્કાલિક સારવાર માટે જસદણ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી આ બનાવ અંગે જાણ થતા ભાડલા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો અને પોલીસે ભોગ બનનાર અને તેના પરિવારની પૂછપરછ હાથ ધરી હતી.

આ અંગ ભોગ બનનાર યુવતીના પરિવારની પ્રાથમિક પૂછપરછમાં કુંવારી માતા બનેલી યુવતી એકના એક ભાઈની એકની એક બહેન છે. અને તેણી દવા લેવા માટે ઘરેથી જતી હતી ત્યારે ઠંડકની દવા લેવા જાઉં છું તેમ કહેતી હતી પરંતુ તેણીને નવ માસ સુધી ગર્ભ રહી જતા તેણીને પ્રસૂતિની પીડા ઉપડતા હોસ્પિટલે જતા તેણીએ બાળકને જન્મ આપ્યો હતો અને કુવારી માતા બનેલી યુવતીને દહીસરા ગામના નરેશ નામના શખ્સે દુષ્કર્મ આચરી ગર્ભ રાખી દીધો હોવાનું જાણવા મળ્યું છે અને કુવારી માતા બનેલી યુવતીના પરિવારે ભોગ બનનાર અને નવજાત શિશુને દુષ્કર્મ આચરી ગર્ભ રાખી દેનાર નરેશને સોંપી દેવાની અને પોલીસ ફરિયાદ નહીં નોંધાવવા ઈનકાર કર્યો હતો આ અંગે ભાડલા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. આજે ખાલી સમય કોઈક નકામાં કામ માં બગડી શકે છે. આજે તમે તમારા જીવનસાથી સાથે તમારા જીવનનો શ્રેષ્ઠતમ દિવસ વિતાવશો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. તમારા કેટલાક સારા કામ માટે આજે કામના સ્થળે તમારૂં સન્માન થશે. આજે તમે નવરાશ ની પળો માં કોઈ નવું કામ કરવા વિશે વિચારશો, પરંતુ આ કામ માં તમે એટલા ફસાઈ શકો છો કે તમારું આવશ્યક કામ પણ ચૂકી જશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ભૂતકાળનો ખરાબ નિર્ણય આજે હતાશા તથા માનસિક અશાંતિ તરફ દોરી જશે-તમે જાણે રઝળી પડ્યા હો એવું લાગશે અને આગળ શું કરવું તેની દ્વિધામાં પડી જશો- અન્યો પાસેથી મદદ લો. જો તમે વ્યસ્ત દિનચર્યા પછી પણ તમારા માટે સમય શોધવામાં સમર્થ છો, તો તમારે આ સમય નો યોગ્ય રીતે ઉપયોગ કરવા નું શીખી લેવું જોઈએ.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારા જીવનસાથી આજ તમને વખાણશે, તમારા વિશે સારી વાત કરશે અને તમારા પ્રેમમાં નવેસરથી પડશે. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. વ્યાજબી રહેવાનો પ્રયાસ કરજો ખાસ કરીને એવા લોકો સાથે જેઓ તમને પ્રેમ કરે છે અને તમારી દરકાર કરે છે. તમારે તમારા સાથી પર ઈમોશનલ બ્લૅકમૅલનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ. આજે તમે તમારા જીવનસાથીની વાતનો ખોટો અર્થ લેશો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમારી ચીજો પ્રત્યે બેદરકાર રહેશો તો તે ખોવાઈ શકે છે અથવા ચોરી થઈ શકે છે. તમારા જીવનસાથીના કારણ વગરના બબડાટને કારણે તમે ચીડાશો, પણ તે તમારી માટે કશુંક અદભુત કરશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. તમારા જીવનસાથી તમારી સાથે આટલા સારા ક્યારેય નહોતા.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. કાર્યક્ષેત્ર માં કોઈ કામ અટવાઈ જવા ને કારણે તમારો સાંજ નો કિંમતી સમય બગડી શકે છે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે આલ્કોહૉલનું સેવન ન કરો કેમ કે એનાથી તમારી ઊંઘમાં બગાડ થશે અને ગાઢ આરામ લેવાથી તમને વંચિત કરશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રોમાન્સ પર અસર પડશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો. તમારૂં નાનકડું પગલું તેમનો ઉત્સાહ વધારશે. તમારો કોઈ જૂનો મિત્ર તમે તમારા જીવનસાથી સાથે વિતાવેલી યાદગાર ક્ષણોની યાદ પોતાની સાથે લઈને આવશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. સોશિયલ મિડિયા પર તમને લગ્ન વિશેના મેસેજીસ આવતા હોય છે, પણ આજે તમે આશ્ચર્યચકિત થઈ જશો જ્યારે લગ્નજીવનને લગતી કેટલીક ચોંકાવનારી વાસ્ચવિક્તાઓ તમારી સામે આવશે.

**ન્યૂઝ બ્રિફ**

## આ મહિનામાં કર્મચારીઓ માટે ડીએના વધારાની જાહેરાત થઈ શકે

। નવી દિલ્હી, તા.૨૫ ।

સરકારી કર્મચારીઓ ખૂબ જ આશા સાથે સપ્ટેમ્બર મહિનાની રાહ જોઈ રહ્યા છે. માહિતી મુજબ કેન્દ્ર સરકાર આ મહિનામાં પોતાના તમામ કર્મચારીઓ માટે ડીએના વધારાની જાહેરાત કરી શકે છે. જોકે આ માટે હજુ સુધી સત્તાવાર તારીખની જાહેરાત સામે આવી નથી. પરંતુ મીડિયા રિપોર્ટ્સ જણાવી રહ્યા છે કે સપ્ટેમ્બરની શરુઆતમાં આ વધારો થઈ શકે છે. રિપોર્ટ મુજબ દેશમાં રિટેલ મોંઘવારીનો દર જુલાઈ દરમિયાન ૧૫ મહિનાના ઉચ્ચતમ સ્તરે પહોંચી ચૂક્યો હતો. તેવામાં સરકારી મોંઘવારી ભથ્થું ૩ ટકા જેટલું વધારીને ૪૫ ટકા કરી શકે છે. તેમજ પગાર વધારો કર્મચારીઓને ૧ જુલાઈ ૨૦૨૩થી ગણાશે જેથી તેમણે એરિયર્સ પણ મળશે. કેન્દ્ર સરકાર કર્મચારીઓ અને પેન્શન ધારકો માટે મોંઘવારી ભથ્થાનું કેલક્યુલેશન દર મહિને શ્રમ બ્યુરો દ્વારા જાહેર CPI-IW આધારે કરે છે. ઓલ ઈન્ડિયા રેલવેમેન ફેડરેશનના મહાસચીવ શિવ ગોપાલ મિશ્રાએ કેટલાક દિવસ પહેલા કહ્યું હતું કે જૂન ૨૦૨૩ માટે સીપીઆઈ આઈડબલ્યુ ૩૧ જુલાઈ ૨૦૨૩ના જાહેર કરવામાં આવ્યા હતા. અમે મોંઘવારી ભથ્થામાં ૪ અંકના વધારાની માગ કરીએ છીએ. જોકે સરકાર ૩ ટકાથી વધારે ડીએ વધારવા પર વિચાર થી કરી રહી.

## મંદિરની દાનપેટીમાં કોઈ ભક્ત ૧૦૦ કરોડનો ચેક નાખીને ગયો

। વિશાખાપટનમ, તા.૨૫ ।

આંધ્ર પ્રદેશના વિશાખાપટનમમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક ભક્તે મંદિરમાં ૧૦૦ કરોડ રૂપિયાનો ચેક મંદિરના દાનપાત્રમાં નાખ્યો છે. જ્યારે મંદિર પ્રશાસને ચેકને કેશ કરાવવા માટે બેક્નો સંપર્ક કર્યો તો ચોંકી ગયા. કારણ કે જે અકાઉન્ટમાંથી ચેક આપવામાં આવ્યો હતો, તે અકાઉન્ટ ફક્ત ૧૭ રૂપિયા બેલેન્સ હતું. હવે આ ચેકનો ફોટો ઝડપ થી વાયરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પર આ ચેક નાખનારા પર લોકો ખરીખોટી સંભળાવી રહ્યા છે. હકીકતમાં જોઈએ તો, આ કિસ્સો વિશાખાપટ્ટનના સિમ્હાચલમના શ્રી વહાર લક્ષ્મી નરસિમ્હા સ્વામી વારી દેવસ્થાનમ મંદિરનો છે. મંદિરમાં રહેલી દાનપેટીમાં આવેલા ચડાવો જોઈ રહ્યા હતા. આ દરમ્યાન મંદિર પ્રશાસનને નોટોની વચ્ચે એક ચેક મળ્યો. ચેકમાં ૧૦૦ કરોડની રકમ લખેલી હતી. તેને જોઈને મંદિર પ્રશાસનમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ. ત્યાર બાદ ચેકને કેશ કરાવવા માટે મંદિર પ્રશાસનના લોકો બેક્માં પહોંચ્યા અને ચેકને કેશ કરવા માટે આપ્યા. કોટક મહિન્દ્રા બેક્કે આ ચેકને જ્યારે બેક્વાળાઓએ ચેક જે અકાઉન્ટ સાથે જોડાયેલ હતો, તેને ચેક કર્યો. આ જોઈને બેક્વાળા અને મંદિર પ્રશાસનના હોશ ઉડી ગયા. કેમ કે ૧૦૦ કરોડ રૂપિયાનો ચેક હતો, પણ તેના અકાઉન્ટમાં ફક્ત ૧૭ રૂપિયા બેલેન્સ હતું. હવે આ સમગ્ર મામલો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ૧૦૦ કરોડ રૂપિયાવાળા ચેકની તસવીર પણ સામે આવી છે. જો કે આ સંબંધમાં કોઈ પણ પ્રકારની પોલીસ ફરિયાદ થઈ હોય તેવું સામે આવ્યું નથી.

### હજારો ઈમિગ્રન્ટ્સ તકનો લાભ લઈ ઘુસી ગયા

# અમેરિકાએ મેક્સિકો બોર્ડર ઉપર દરવાજા ખોલી દીધા

### ૧૦૦થી વધુ ફ્લડગેટ ખોલવામાં આવ્યા છે જેના કારણે ૧૫૦૦ જેટલા ગેરકાયદે ઈમિગ્રન્ટને ઘુસવાની તક મળી

। વોશિંગ્ટન, તા.૨૫ ।

અમેરિકા અને મેક્સિકોની બોર્ડર પર હંમેશા ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની ભીડ હોય છે જેઓ ગમે ત્યારે મેક્સિકોમાંથી અમેરિકામાં ઘુસણખોરી કરવાની તક શોધતા હોય છે. આવા લોકોમાં ભારત, પાકિસ્તાન, ચીન સહિત સાઉથ એશિયામાંથી આવેલા ઘણા પરિવારો પણ હોય છે. જેમનો એક માત્ર હેતુ ગમે તેમ કરીને અમેરિકામાં ઘુસણખોરી કરવાનો હોય છે. આ કારણથી અમેરિકાએ મેક્સિકો બોર્ડર પર ઉંચી દિવાલ બનાવી છે, છતાં ઘુસણખોરી ૧૦૦ ટકા અટકાવી શકાઈ નથી. તાજેતરમાં અમેરિકાએ આ બોર્ડર પર લગભગ ૧૦૦થી વધુ જગ્યા પર દરવાજા ખોલવા પડ્યા છે જેનો ફાયદો લઈને ઈમિગ્રન્ટ્સ અમેરિકામાં ઘુસી રહ્યા છે. બન્યું એવું કે અમેરિકાના એરિઝોના રાજ્યમાં મેક્સિકો બોર્ડર પર વરસાદના પાણીનો નિકાલ થઈ શકે તે માટે ૧૧૪ જેટલા ફ્લડગેટ ખોલવામાં આવ્યા છે. આમ કરવાથી પાણીનો ભરાવો દૂર થશે અને અહીં જોવા મળતા હરણની એક પ્રજાતિને પણ માઈગ્રેશન કરવા મળશે. પરંતુ આ ફ્લડગેટ ખુલતાની સાથે જ ઈમિગ્રન્ટ્સ પણ તેનો ઉપયોગ કરવા લાગ્યા છે અને પાણીના પ્રવાહના રસ્તામાં ઘુસી રહ્યા છે.

તાજેતરના એક રિપોર્ટ પ્રમાણે અમેરિકાએ મેક્સિકો બોર્ડર પર પાણીનો નિકાલ કરવા માટે ફ્લડગેટ ખોલ્યા તેમાં ૧૫૦૦ જેટલા ઈમિગ્રન્ટ્સે ફાયદો ઉઠાવ્યો છે અને તેઓ અમેરિકામાં પ્રવેશી ગયા છે. તેમાં ચાઈનીઝ લોકો પણ સામેલ છે. પરંતુ અમેરિકન બોર્ડર એજન્ટ્સ કંઈ કરી શકે તેવી સ્થિતિમાં નથી કારણ કે તેમની સંખ્યા ઓછી છે અને ગેરકાયદે માઈગ્રેશન કરનારા લોકો મોટી સંખ્યામાં છે. આ ઉપરાંત તેઓ કોઈપણ ભોગે મેક્સિકોની દિવાલ પાર કરવાના હેતુ સાથે આવેલા છે તેથી તેમને સમજાવીને પાછા મોકલી શકાય તેમ નથી. આના કારણે એરિઝોનાની ટક્સન પોસ્ટ અત્યારે અમેરિકામાં ગેરકાયદે એન્ટ્રી માટે સૌથી વ્યસ્ત પોઈન્ટ ગણાય છે. મેક્સિકોમાંથી અમેરિકામાં માણસોનો ઘુસાડવાના ધંધામાં ઘણા સ્મગલર્સ પણ સામેલ છે. તેઓ અમેરિકામાં એન્ટ્રી કરી શકાય તેવા તમામ રસ્તા જાણે છે અને ઈમિગ્રન્ટ્સ પાસેથી ડોલર લઈને આગળ લઈ જાય છે.

એક અમેરિકન ઓફિસરે જણાવ્યું કે મેક્સિકો અને સેન્ટ્રલ અમેરિકામાંથી યુએસએમાં ઘુસણખોરી કરવાની હોય ત્યારે મોટા ભાગના સ્મગલરો ટક્સનના રસ્તાનો ઉપયોગ કરે છે. અગાઉ તો છુટા છવાયા માણસો જોવા મળતા હતા. પરંતુ હવે સેંકડો લોકો એકસાથે આવે છે અને તેમને હટાવી શકાતા નથી.

### ચંદ્રયાન-૩ની સફળતા પર રાજસ્થાનનો NRI ખુશ

# રાજસ્થાનનો NRI ઈસરોના વૈજ્ઞાનિકોને ૧ કરોડ આપશે

### હજુ એ સ્પષ્ટ નથી થયું કે એનઆરઆઈમિશન મૂન સાથે જોડાયેલા તમામ વૈજ્ઞાનિકોને એક કરોડનું ઈનામ આપશે

। નવી દિલ્હી, તા.૨૫ ।

રાજસ્થાનના બાડમેરના એક એનઆરઆઈ, પૃથ્વીરાજ સિંહ કોલુએ મિશન મૂન પર ભારતીય ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગ પર ઈસરોના વૈજ્ઞાનિકોને ૧ કરોડ રૂપિયાની ભેટ આપવાની જાહેરાત કરી છે. ગઈકાલે સાંજે ૬ વાગ્યે ચંદ્રયાન-૩એ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડિંગ કરીને ઈતિહાસ રચ્યો હતો, જે બાદ દેશભરમાંથી અભિનંદનની વર્ષા થઈ હતી. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ લેન્ડિંગ કરનાર ભારત વિશ્વનો પહેલો દેશ બની ગયો છે. દેશના તમામ લોકો ખુશીથી ઝૂમી રહ્યા છે અને એકબીજાને અભિનંદન આપી રહ્યા છે. હવે બાડમેર નિવાસી એનઆરઆઈપૃથ્વીરાજ સિંહ કોલુએ ઈસરોના વૈજ્ઞાનિકોને ૧ કરોડ રૂપિયાનું પ્રોત્સાહન આપવાની જાહેરાત કરી છે. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ભારતીય અવકાશ સંશોધન કેન્દ્રના મહત્વપૂર્ણ મિશન ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગ પર ભારતીય વૈજ્ઞાનિકોની સફળતાને ધ્યાનમાં રાખીને એનઆરઆઈ પૃથ્વીસિંહે આ જાહેરાત કરી છે. જો કે હજુ એ સ્પષ્ટ નથી થયું કે એનઆરઆઈમિશન મૂન સાથે જોડાયેલા તમામ વૈજ્ઞાનિકોને એક કરોડનું ઈનામ આપશે.

ચંદ્રયાન-૩ના સફળ ઉતરાણથી એનઆરઆઈ પૃથ્વીસિંહે કહ્યું કે, માત્ર દેશમાં જ નહીં, વિદેશમાં પણ તમામ ભારતીયોને ગર્વ છે. પૃથ્વીરાજ સિંહની કંપની પ્રકાશ પંપ મધ્ય પૂર્વ (અરબ દેશ)માં છે.

### ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટસમેનની ફિટનેસ પણ હિટ

# વિરાટ કોહલીએ ૧૭.૨ના સ્કોર સાથે યોયો ટેસ્ટ પાસ કરી

। નવી દિલ્હી, તા.૨૫ ।

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ ફરી એકવાર પોતાની ફિટનેસથી બધાના દિલ જીતી લીધા છે. કોહલીએ ફિટનેસ ટેસ્ટમાં ૧૭.૨નો સ્કોર



મેળવ્યો છે. તેણે પોતે ફોટો શેર કરીને આ વિશે માહિતી આપી છે. યોયો ટેસ્ટ બાદ કોહલીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક સેલ્ફી શેર કરી હતી. આ ફોટોમાં તે આરામથી જમીન પર બેઠો છે. આ સાથે કોહલીએ લખ્યું "યોયો ટેસ્ટ પૂર્ણ કરવા માટે ખુશ" આ સાથે કોહલીએ યોયો ટેસ્ટમાં પોતાનો સ્કોર પણ શેર કર્યો હતો. મળેલા અહેવાલો અનુસાર ભારતીય ક્રિકેટ ટીમમાં સ્થાન મેળવવા માટે દરેક ખેલાડીએ યોયો ટેસ્ટમાં ઓછામાં ઓછો ૧૬.૫ સ્કોર કરવો જરૂરી છે. જો આનાથી ઓછો સ્કોર હશે તો ખેલાડીઓ ટીમ ઈન્ડિયાનો ભાગ બની શકશે નહીં. મોહમ્મદ શમી, સંજુ સેમસન અને વરુણ ચક્રવર્તી જેવા ઘણા ખેલાડીઓ યોયો ટેસ્ટમાં નાપાસ થયા છે. યુવરાજ સિંહ, અંબાતી રાયડુ અને સુરેશ રૈના પણ યોયો ટેસ્ટમાં ફેલ થયા હતા. વિરાટ કોહલી હવે એશિયા કપમાં ભારત તરફથી રમતો જોવા મળશે. આ ટૂર્નામેન્ટમાં ટીમ ઈન્ડિયા ૨ સપ્ટેમ્બરે પાકિસ્તાન સામેની મેચથી પોતાના અભિયાનની શરૂઆત કરશે. આ પછી ભારતે ઓસ્ટ્રેલિયા સામે વનડે સિરીઝ રમવાની છે અને ૫ ઓક્ટોબરથી ટીમ ઈન્ડિયા વનડે વર્લ્ડ કપ ૨૦૨૩માં પણ ભાગ લેશે.

# રાખી સાંવત ઉમરહ માટે રવાના થઈ મક્કા, કહ્યું કે ‘બહુ ખુશ નસીબ છું’

### રાખી સાવંતે ૨૦૨૨માં ઇસ્લામ સ્વીકારી લીધો અને પોતાનું નામ પણ બદલીને ફાતિમાહ રાખ્યો

। મુંબઈ, તા.૨૫ ।

બોલીવુડની જાણીતી અને વિવાહસ્પદ હસતી રાખી સાવંત આ વખતે અધ્યાત્મિક યાત્રા પર જવા માટે ફરી એકવાર હેડલાઈન્સ માં છે. ચાલી રહેલા વિવાદો અને તેના ભૂતપૂર્વ પતિ, આદિલ ખાન દુરાની દ્વારા કરવામાં આવેલા ગંભીર આરોગો વચ્ચે, રાખી સાવંત તે શુક્રવારે સવારે ૨૫ ઓગસ્ટના રોજ ઉમરા કરવા માટે સાઉદી અરબિયા જવા રવાના થઈ છે, તેમની ઘણા મહિનાઓથી વ્યક્ત કરેલી ઈચ્છા પૂરી કરી છે.

ગયા વર્ષે આદિલ ખાન દોરાની સાથે લગ્ન કર્યા પછી ઈસ્લામિક લગ્ન સંભારમ દરમિયાન તેમણે ઇસ્લામ સ્વીકાર્યો હતો અને નામ પણ બદલીને ફાતિમાં રાખ્યું હતું.

**રાખી સાવંત તેમની ઉમરા યાત્રા પર નીકળી ગયા**

શુક્રવારે સવારે પોપ્યુલર બોલીવુડ પાપારાજી એકાઉન્ટ વીરલ ભયાની દ્વારા રાખીનો instagram પર વીડિયો શેર કરવામાં આવ્યો હતો. અને તે હિજાબ પહેરેલી જોઈ શકાય છે. રાખીએ પોતાની ભાવનાઓ વ્યક્ત કરતા કહ્યું કે અસ્સલામુ અલયકુમ. ‘મેં બહુત ખુશ નસીબ હું’ જો આજ મેં પહેલી બાર ઉમરાજા રહી હું ઔર મેરા બુલાવવા આ ગયા હૈ મેં ઈતની ખુશ હું આપ સબ મુજે દુઆ મે યાદ રખે. હું બધા માટે પ્રાર્થના કરીશ કે હું ખૂબ ભાગ્યશાળી છું અને આજે પહેલી વાર ઉમરાહ માટે જઈ રહી છું અને મને આમંત્રણ આપવામાં આવ્યું છે ખૂબ જ ખુશ છું.



કૃપા કરીને મને તમારી પ્રાર્થનામાં યાદ રાખજો હું દરેક માટે પ્રાર્થના કરીશ.

પાછલા વર્ષમાં રાખી સાવંતે જીવન માટે તેના ઈસ્લામિક પરિવર્તન અને આદિલખાન દોરાની સાથે લગ્નથી લઈને તેના ભૂતપૂર્વ પતિ દ્વારા તેના પર લગાવવામાં આવેલ આરોગોને કારણે તાજેતરના ઉથલપાથલ ની ઘટનાઓ જોવા મળી છે.

૧૦ મિલિયન થી વધુ ફોલોવર ધરાવતી રાખીને instagram એકાઉન્ટ હવે અનુ ઉપલબ્ધ હોવા નું જણાય છે તેણે પેપ્સ ને કહ્યું મારી પાસે એક્સેસ નથી, આદિલ અને રાષ્ટ્રીય એ મારું એકાઉન્ટ હેક કરી લીધું છે તેઓ મને ખાવા કે સુવા નથી દેતા હું ઘરે જાઉં છું અને તેઓ મને ત્રાસ આપતા રહે છે

### આફ્રિકન દેશમાં કટ્ટરવાદીઓનો આતંક જારી

# નાઈજીરિયામાં કટ્ટરવાદીઓએ ૪૨ મહિલાઓનું અપહરણ કર્યું

### મહિલાઓ લાકડા ભેગા કરી રહી ત્યારે કટ્ટરવાદીઓનો હુમલો, મહિલાઓને છોડવા ૫૦૦૦૦ નાયરાની માગણી

। બોર્નો, તા.૨૫ ।

આફ્રિકન દેશ નાઈજીરિયામાં કટ્ટરવાદી સંગઠનો છાશવારે આતક મચાવતા રહે છે. હવે નાઈજીરિયાના બોર્નો નામના રાજ્યમાં કટ્ટરવાદીઓએ હુમલો કરીને ૪૨ મહિલાઓનુ અપહરણ કરીને હાહાકાર મચાવી દીધો છે. સ્થાનિક લોકોએ મીડિયાને આ જાણકારી આપતા કહ્યુ હતુ કે, આ મહિલાઓ ગ્રામ્ય વિસ્તારમાં લાકડા ભેગા કરી રહી ત્યારે કટ્ટરવાદીઓએ હુમલો કર્યો હતો. આ સ્થળ આતંકી સંગઠન બોકો હરામનો ગઢ મનાય છે. જે છેલ્લા ૨૪ વર્ષથી નાઈજીરિયાના અમુક વિસ્તારમાં સક્રિય છે. જેમનુ અપહરણ કરાયુ છે તે મહિલાઓ રાહત છાવણીમાં રહે છે અને લાકડા વેચીને પોતાનુ ગુજરાન ચલાવે છે. સ્થાનિક વહિવટીતંત્રનુ કહેવુ છે કે, મંગળવારે બનેલી ઘટનાની જાણકારી બુધવારે મોડી રાત્રે મળી હતી. આ મહિલાઓ હજી પણ કટ્ટરવાદીઓના કબ્જામાં છે. દરેક મહિલાને છોડવા માટે તેમણે ૫૦૦૦૦ નાયરા (નાઈજીરિયન ચલણ)ની માંગણી કરી છે.

### મહારાષ્ટ્રના વિદર્ભ વિસ્તારમાંથી આંકડો સામે આવ્યો

# મહારાષ્ટ્રના યવતમાલમાં ૮૨ દિવસમાં ૮૨ ખેડૂતોએ આત્મહત્યા કરી

। યવતમાલ, તા.૨૫ ।

આખો દેશ ચંદ્રયાન-૩ની સફળતાને ઉમળકાભેર આવકારી રહ્યો છે. ભારતે હવે ચંદ્ર પર ડગ માંડી દીધા છે. ભારતની આ મોટી સિદ્ધિ વચ્ચે પૂર્વી મહારાષ્ટ્રના વિદર્ભ વિસ્તારમાંથી એક ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે. યવતમાલ જિલ્લામાં ૧ જૂનથી પ્રતિદિન લગભગ એક ખેડૂત આત્મહત્યા કરી રહ્યો છે. આ જાણકારી સામાજિક કાર્યકર્તાઓએ બુધવારે આપી હતી. વિદર્ભ જન આંદોલન સમિતિના અધ્યક્ષ કિશોર તિવારીએ ચેતવણી આપતા કહ્યું કે, કૃષિ સંકટથી દેશમાં સૌથી વધુ પ્રભાવિત યવતમાલમાં ૧ જૂનથી અત્યાર સુધીમાં ૮૨ ખેડૂતોએ નિરાશ થઈને આ પગલું ભર્યું છે. જે લોકસભા ચૂંટણી પહેલા સરકાર માટે નિરાશાજનક સ્થિતિનો સંકેત છે. તિવારીએ જણાવ્યું કે, આટલું જ નહીં ૧ જાન્યુઆરીથી વિદર્ભ વિસ્તારના ૧૦ જિલ્લામાં અનેક મહિલાઓ સહિત ઓછામાં ઓછા ૧,૫૬૭એ જીવન ટૂંકાવ્યું છે. જેઓ વિભિન્ન પ્રકારની પ્રાકૃતિક કે માનવ સર્જિત સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા. વિદર્ભના કૃષિ સંકટના પહેલી વખત જનતા સામે આવ્યા બાદ ૮ મહિનાના આ આંકડા છેલ્લા ૨૫ વર્ષોમાં એક નવો રેકોર્ડ છે. તેમણે જણાવ્યું કે, આ ઘટનાક્રમ વડાપ્રધાન મોદીની ઘોષણાના થોડા જ દિવસો બાદ આવ્યા છે કે, ભારતે છેલ્લા ૯ વર્ષમાં રેકોર્ડ કૃષિ વિકાસ પ્રાપ્ત કર્યો છે. તિવારીએ જણાવ્યું કે, જો આ ત્રાસદી માત્ર એક જ રાજ્યના એક જ જિલ્લા અને એક પ્રદેશની છે તો દેશના અન્ય ક્ષેત્રો અને રાજ્યોના આંકડામાં તેનાથી પણ વધુ ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે. તેમણે પુનરાવર્તન કર્યું કે, ખેતીની કિંમત, પાક અને લોનના મુખ્ય મુદ્દાઓ પર કેન્દ્ર સરકાર દ્વારા હજુ સુધી ધ્યાન આપવામાં નથી આવ્યું. જેણે સમગ્ર ભારતમાં ખાસ કરીને મહારાષ્ટ્રમાં સામાન્ય ખેડૂતોને અસર કરી છે.

# પાંચ વર્ષમાં મેડિકલ ફૂગાવો વધી ૧૪ ટકાથી વધુ પર પહોંચ્યો

### ૨૦૧૮માં સરેરાશ મેડિકલ ઈન્સ્યોરન્સ ક્લેમ ૨૪,૫૬૯ રૂપિયા હતો, જે ૨૦૨૨માં વધીને ૬૪,૧૩૫ રૂપિયા થયો

। નવી દિલ્હી, તા.૨૫ ।

દિવસેને દિવસે રોજીંદી જરૂરી ચીજવસ્તુઓના વધતા ભાવે સામાન્ય લોકો પર મોંઘવારીનો બોજ વધાર્યો છે. તેના ઉપર, કોવિડ સમયગાળાથી, હોસ્પિટલમાં પણ સારવાર મોંઘી થઈ ગઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં હોસ્પિટલમાં દાખલ થયા બાદ સારવાર પાછળનો ખર્ચ બમણા દરે વધ્યો છે. એક તરફ જ્યાં મોંઘવારી દર ૭ ટકાની આસપાસ છે ત્યાં મેડિકલ ફુગાવો ૧૪ ટકાથી વધુના દરે વધી રહ્યો છે. એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૧૮માં ચેપી રોગોની સારવાર માટે સરેરાશ મેડિકલ ઈન્સ્યોરન્સ ક્લેમ ૨૪,૫૬૯ રૂપિયા હતો, જે ૨૦૨૨માં વધીને ૬૪,૧૩૫ રૂપિયા થઈ ગયો છે. એટલે કે ૫ વર્ષમાં આ રોગની સારવારનો ખર્ચ ૧૬૦ ટકા મોંઘો થઈ ગયો છે. મુંબઈ જેવા મેગાસિટીમાં પાંચ વર્ષમાં આ ખર્ચ રૂ. ૩૦,૦૦૦ થી વધીને રૂ. ૮૦,૦૦૦ થયો છે.

શ્વસન રોગોની સારવાર માટેનો વર્ષ ૨૦૧૮માં સરેરાશ ખર્ચ ૪૮,૪૫૨ રૂપિયા હતો જે વધીને ૨૦૨૨માં ૯૪,૨૪૫ રૂપિયા થઈ ગયો છે.

## UWWએ ડબલ્યુએફઆઈનું સભ્યપદ સસ્પેન્ડ કરી દીધું

। નવી દિલ્હી, તા.૨૫ ।

ભારતના કુસ્તી પ્રેમીઓ માટે એક ખરાબ સમાચાર છે. યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા(ડબલ્યુએફઆઈ)નું સભ્યપદ સસ્પેન્ડ કરી દીધું છે. ભારતીય કુસ્તી ખેલાડીઓ માટે આ એક મોટો ઝટકો માનવામાં આવે છે. યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગે ૩૦ મેના રોજ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાને એક પત્ર લખીને કહ્યું હતું કે જો આગામી ૪૫ દિવસમાં રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા માટે કોઈ ચૂંટણી નહીં થાય.

**વિશેષ** લોકોને પોષણયુક્ત અનાજ-પાક મળે, ખેડૂતોની આવક વધે, લોકો તંદુરસ્ત બને તે માટેનું નવજાગરણ અભિયાન છે પ્રાકૃતિક ખેતી

# ફેમિલી ડોકટરની જેમ પરિવારોને પ્રાકૃતિક ખેતી કરતા ફેમિલી ફાર્મર માટે આહ્વાન કરતા રાજયપાલ આચાર્ય દેવવ્રતજી

કેળની ખેતી કરતા ખેડૂતો માટે કેળના અવશેષોનો નિકાલ કરવા માટેની સમસ્યાને આવકવૃદ્ધિની સંભાવનામાં બદલવાનું કામ ગુજકોમાસોલના માધ્યમથી કરવામાં આવ્યું છે એમ ગુજરાતના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું. ભરૂચના વગુસણા ખાતે ગુજકોમાસોલના ગુજકો ગ્રીન બનાના ફાયબર પ્રોજેકટના શુભારંભ સમારંભમાં ખેડૂતોને સંબોધતાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, કેળના થડનો અહીંતહીં નિકાલ કરવામાં આવે તો તે પર્યાવરણને દૂષિત કરી માનવ સ્વાસ્થ્યને વિપરિત અસર કરે છે. ગુજકોમાસોલ દ્વારા શરૂ કરવામાં આવેલા આ પ્રોજેકટથી જેને આપણે વેસ્ટ ગણી ફેંકી દઈએ છીએ એ વેસ્ટમાંથી ફાઈબર મેળવી કાપડ, કાગળ જેવી વસ્તુ બનાવવામાં આવે છે. તેમાંથી નિકળતા પ્રવાહીમાંથી પ્રવાહી ખાતર, મધ્યગરના ભાગમાંથી પૌષ્ટિક કેન્ડી તેમજ બાકી બચતા અવશેષમાંથી અળસિયાનું ખાતર બનાવવામાં આવે છે.



દેશના પ્રધાનમંત્રી અને તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને તત્કાલિન કૃષિમંત્રી શ્રી દિલીપ ભાઈ સંઘાણીએ આ પ્રોજેકટના સંશોધનનો નવસારી કૃષિ યુનિવર્સીટીમાંથી પ્રારંભ કરાવ્યો હતો. ગુજકોમાસોલે ખૂબ જ રસ લઈને આ પ્રોજેકટને શરૂ કરતાં કેળની ખેતી કરતા ખેડૂતો માટે આવકવૃદ્ધિના નવા સ્રોત ઉભા થશે એમ રાજયપાલશ્રીએ જણાવ્યું હતું. ખેડૂતોને અનુરોધ કરતાં તેમણે જણાવ્યું હતું કે, ગુજકોમાસોલ દ્વારા શરૂ કરવામાં આવેલા આ તાલીમ કેન્દ્રમાં કેળની ખેતી કરતા ખેડૂતો તાલીમબદ્ધ થઈ વ્યક્તિગત કે સામૂહિક રીતે રાસ્પાડોર મશીન વસાવી કેળના અવશેષોના નિકાલનું કઠિન ગણાતું કામ સરળતાથી પાર પાડી શકાશે. તેમણે કપિલ મુનિનું વાકય ટાંકતાં કહ્યું કે, આ દુનિયામાં કોઈ ચલ અચલ વસ્તુ એવી નથી કે જેનો બીજો કોઈ ઉપયોગ થતો ન હોય.

પ્રગતિશીલ ખેડૂતોને શીખ આપતાં તેમણે જણાવ્યું હતું કે, મહાન માણસ એ છે જે પોતાના જ્ઞાનનો ઉપયોગ કરી પરોપકાર અને લોકકલ્યાણના કામો કરતો હોય. આવા જ માણસો ઈતિહાસ રચીને અમર થતા હોય છે. અહીં બેઠેલા તમામ પ્રગતિશીલ ખેડૂતો પણ તેમના જ્ઞાનનો ઉપયોગ કરી એક ખેડૂત બીજા પચ્ચીસ ખેડૂતોને જોડીને આ પ્રોજેકટ થકી આર્થિક સમૃદ્ધિ તરફ દોરીને તેમની જવાબદારીનું નિર્વહન કરી અન્ય ખેડૂતોની પણ આવકવૃદ્ધિ થાય તે માટે પ્રવૃત્ત થવા તેમણે આહ્વન કર્યું હતું. આ પ્રસંગે રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિ સાથે જોડાઈને દેશને પોષણયુક્ત અનાજ-પાક મળે, ખેડૂતોની આવક વધે, લોકો તંદુરસ્ત બને તે માટેના પ્રયત્નો અને અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે.

વધતા જતા ગ્લોબલ વોર્મિંગની નકારાત્મક અસરો, ઘટી રહેલાં કૃષિ ઉત્પાદન તેમજ સ્વાસ્થ્યપ્રદ જીવન માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર અસરકારક ઉપાય છે. જેમ પ્રત્યેક પરિવાર પાસે એક ફેમિલી ડૉક્ટર હોય છે, તેમ પ્રત્યેક પરિવાર એક પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂત સાથે જોડાય અને દરેક પરિવાર સાથે પોતાનો ફેમિલી ફાર્મર હોય એવું આહ્વાન રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આપ્યું હતું. તેમણે ઉમેર્યું કે, જે રીતે જંગલનાં વૃક્ષોને કુદરતી રીતે જ પોષણ મળે છે, ત્યાં કોઈ પ્રકારના ખાતર વિના જ આપોઆપ ફળ આવી જાય છે. પ્રાકૃતિક ખેતીમાં પણ જીવામૃત અને ઘન જીવામૃત આધારિત કુદરતી પદ્ધતિ દ્વારા ખેતી પોષણક્ષમ તો બને જ છે, ખેડૂતોનો ખર્ચ પણ શૂન્ય થઈ જાય છે.

**રક્ષાબંધનના પર્વ નિમિત્તે GSRTCનું વિશેષ આયોજન**

# GSRTC દ્વારા ૫૦૦ બસો રક્ષાબંધનના દિવસે વધારાની મુકવામાં આવશે



## અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા ઉપરાંત મહત્વના બસ સ્ટેન્ડ પરથી સૌરાષ્ટ્ર તરફ મધ્ય ગુજરાત તરફ મુસાફરનો ધસારો વધારે જોવા મળતો હોય છે

| ગાંધીનગર,તા.૨૫ |

રક્ષાબંધનના તહેવારને લઈને ગુજરાત વાહન વ્યવહાર વિભાગ સજ્જ બન્યું છે. રક્ષાબંધનને લઈને GSRTC દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. તહેવારને કારણે બસમાં ભીડને જોતા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ૫૦૦ બસો રક્ષાબંધનના દિવસે વધારાની મુકવામાં આવશે. જે રાજ્યભરમાં ૨૦૦૦થી વધુ ટ્રીપ લેશે. ગત વર્ષે રક્ષાબંધનના દિવસે ૪૦૦ બસોની ૧૫૦૦ ટ્રીપની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વધારાની બસ ૨૮થી ૯ સપ્ટેમ્બર સુધી સેવા આપશે. આ સાથે જો કોઈ ગ્રુપ ફરવા માટે બુકીંગ કરાવશે તો તે માટેની પણ સુવિધા GSRTC આપશે. રક્ષાબંધનના તહેવાર દરમિયાન વધારાની બસોના સંચાલન થકી એસટી નિગમ અંદાજે ૮૦ લાખથી વધુનો લક્ષ્યાંક રાખી રહ્યું છે. ગયા વર્ષે રક્ષાબંધનના તહેવાર દરમિયાન ૫૦૦ જેટલી વધારાની બસ થકી ૨૦૦૦ જેટલી ટ્રીપનું સંચાલન કરવામાં આવ્યું હતું. જેનાથી નિગમને ૮૦ લાખની આવક થઈ હતી. મોટા શહેરો એટલે કે અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા ઉપરાંત મહત્વના બસ સ્ટેન્ડ પરથી સૌરાષ્ટ્ર તરફ મધ્ય ગુજરાત તરફ મુસાફરનો ધસારો વધારે જોવા મળતો હોય છે. ચાલુ વર્ષે રક્ષાબંધનના તહેવાર દરમિયાન રજાનો માહોલ છે. ત્યારે લોકો વતન તરફ પણ નાના-મોટા ફરવાના અથવા તો યાત્રાધામ જવા માટે એસ. ટી બસનો ઉપયોગ કરતા હોય છે. દર વર્ષે શ્રાવણ પૂર્ણિમાના દિવસે રક્ષાબંધનનો શુભ તહેવાર ઉજવવામાં આવે છે. આ વર્ષે રક્ષાબંધન ૩૦ અને ૩૧ ઓગસ્ટ ૨૦૨૩ બંનેના રોજ ઉજવવામાં આવશે. હિન્દુ ધર્મમાં રક્ષાબંધન પર્વ પર શુભ મુહૂર્ત જોઈને જ ભાઈના કાંડા પર રાખડી બાંધવામાં આવે છે. રાખડી બાંધવી એ માત્ર એક રિવાજ નથી પણ ભાઈ અને બહેન વચ્ચેના અતૂટ સંબંધનું પ્રતીક છે.

**ન્યૂઝ બ્રિફ**

### સુરતના માંગરોળ તાલુકામાં લમ્પી વાયરસે ઉથલો માર્યો

| સુરત,તા.૨૫ |

ગુજરાતમાં ફરી એકવાર લમ્પી વાયરસની એન્ટ્રી થતાં ચિંતાનો માહોલ બન્યો છે. વિગતો મુજબ સુરતમાં લમ્પી વાયરસને કારણે એકસાથે ૧૫ પશુઓના મોત થયા છે. જેને લઈ હવે સ્થાનિક આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. આ તરફ પશુ ચિકિત્સકની ટીમ દ્વારા વેક્સિનેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. સુરત જિલ્લામાં લમ્પી વાયરસનો કહેર જોવા મળી રહ્યો છે. વિગતો મુજબ માંગરોળ તાલુકામાં લંપી વાયરસના કેસમાં વધારો થયો છે. આ સાથે ડેગડીયા, વેરાકુઈ ગામમાં પશુઓમાં લંપી વાયરસ વકર્યો છે. જેને લઈ હવે પશુપાલન વિભાગ દ્વારા માંગરોળ તાલુકાના ગામોમાં સરવે શરૂ કરાયો છે. સુરત જિલ્લમાં લમ્પી વાયરસના કહેર વચ્ચે હવે સ્થાનિક આરોગ્ય તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. પશુ ચિકિત્સકની ટીમ દ્વારા કામગીરી શરૂ કરાઈ છે. જેમાં ખાસ કરીને સંબંધિત વિસ્તારોમાં વેક્સિનેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે.

### અઠવાલાઈન્સ વિસ્તારમાં પ્રાંત અધિકારીના ઘરે ગેસ સિલિન્ડર ફાટ્યો

| સુરત,તા.૨૫ |

સુરતના અઠવાલાઈન્સ વિસ્તારમાં આજે વહેલી સવારે જ પ્રાંત અધિકારીના ઘરે ગેસનો ગેસ સિલિન્ડર ફાટ્યો હોવાની ઘટના સામે આવી છે. જેમાં પ્રાંત અધિકારી સહિત તેમની પત્ની અને પુત્રને ગંભીર ઈજા પહોંચી છે. સુરતના અઠવાલાઈન્સ વિસ્તારમાં આજે વહેલી સવારે જ પ્રાંત અધિકારીના ઘરે ગેસનો ગેસ સિલિન્ડર ફાટ્યો હોવાની ઘટના સામે આવી છે. જેમાં પ્રાંત અધિકારી સહિત તેમની પત્ની અને પુત્રને ગંભીર ઈજા પહોંચી છે. ઘરમાં ગેસનો ગેસ સિલિન્ડર ફાટી જતા કિચનની દીવાલ પણ તૂટી ગઈ, આસપાસના રૂમની દીવાલોમાં તિરાડ પડી ગઈ હતી. આખા ઘરનો સામાન વેરવિખેર થઈ ગયો.જો કે બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે ઘરની દીવાલો સાથે તેની ટાઈલ્સ પણ નીકળીને બહાર આવી ગઈ હતી.

### સાવલીમાં વિદ્યાર્થીઓ પાસે શિક્ષકોએ શાળામાં સફાઈ કરાવી

| વડોદરા,તા.૨૫ |

વડોદરાના સાવલી તાલુકાના વિટોજ પ્રાથમિક શાળાને તાળાબંધી કરી દીધી હતી. પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ પાસે સાફ સફાઈ કરાવાતી હોવાને લઈ રોષે ભરાયેલા વાલીઓ શાળામાં પહોંચ્યા હતા અને શાળાને તાળા બંધી કરી હતી. વડોદરાના સાવલી તાલુકાના વિટોજ ગામમાં ગ્રામજનો રોષે ભરાયા હતા અને પ્રાથમિક શાળાને તાળાબંધી કરી દીધી હતી. પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ પાસે સાફ સફાઈ કરાવાતી હોવાને લઈ રોષે ભરાયેલા વાલીઓ શાળામાં પહોંચ્યા હતા અને શાળાને તાળા બંધી કરી દીધી હતી. વિટોજ પ્રાથમિક શાળામાં વાલીઓએ તાળાબંધી કરી દીધી હતી અને વિદ્યાર્થીઓને શિક્ષણકાર્યથી દૂર રાખીને વિરોધ નોંધાવ્યા હતા. તાળા બંધીને પગલે તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘના પદાધિકારીઓ પણ શાળાએ દોડી આવ્યા હતા.

**હર્ષ સંઘવીએ જિનલને વતન લાવવા કરી મદદ**

# પોર્ટુગલમાં ફસાયેલા વડોદરાની જિનલ વર્મા ગુજરાત પરત ફર્યા

**પતિ દ્વારા માનસિક-શારીરિક હેરાનગતી કરાતી હતી, એટલું જ નહીં આરોપી પતિએ જિનલના પાસપોર્ટ-ડોક્યુમેન્ટ પણ જપ્ત કરી લીધા હોવાની રાવ ઉઠી હતી**

| વડોદરા, તા.૨૫ |

રાજ્ય સરકારના પ્રયાસને પગલે પોર્ટુગલમાં ફસાયેલા વડોદરાની જિનલ વર્મા હેમખેમ રીતે ગુજરાત પરત ફરી છે. સરકારની મદદથી જિનલ વર્મા ગુજરાત સહીસલામત પહોચતા તેમને વીડિયો સંદેશ મારફતે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને તેમના અંગત સચિવ સહિતનાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. મહત્વનું છે કે જિનલ વર્મા તેના પતિ સાથે પોર્ટુગલમાં વસવાટ કરતા હતા. આ દરમિયાન પતિ દ્વારા માનસિક-શારીરિક હેરાનગતી કરાતી હતી. એટલું જ નહીં આરોપી પતિએ જિનલના પાસપોર્ટ-ડોક્યુમેન્ટ પણ જપ્ત કરી લીધા હોવાની રાવ ઉઠી





હતી અને જિનલ વર્મા પોર્ટુગલમાં રાહુલ વર્માની નજરકેદમાં હતા.

પોતે ખૂબ મુશ્કેલીમાં હોવાની જિનલે પોતાના પિતાને જાણ કરી હતી. બાદમાં તેણીના પિતા દ્વારા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીને રજૂઆત કરી જિનલને પરત વતન લાવવા ગૃહ રાજ્ય મંત્રી સમક્ષ માંગ ઉઠાવી હતી. જેને લઈને સરકારે બાબતની ગંભીરતાને ધ્યાને લઈને તાબડતોબ કાર્યવાહી હાથ ધરી હતી. રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક ગૃહ અને એનઆરજીના નેતૃત્વ હેઠળ આ અંગેની અરજી પોર્ટુગલ ખાતે આવેલી ભારતની એલચી કચેરીને અને ભારત સરકારના વિદેશ મંત્રાલયને ઘટતી કાર્યવાહી કરવાના હેતુસર મોકલવામાં આવી હતી. ત્યારબાદ પોર્ટુગલ ખાતેની ભારતની એલચી કચેરીએ આ મામલે હકારાત્મક દાખવી તેમણે કાર્યવાહી હાથ ધરી હતી. જેની રજૂઆતના યશપરિણામ સ્વરૂપે દીકરી ઘરે પરત ફરી છે. આથી પરિવારમાં પણ હર્ષનો દરિયો ઉભરાયો હતો અને લાગણીસભર દ્રશ્યો જોવા મળ્યા હતાં. જેમણે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

**પોલીસ વિભાગમાં ખળભળાટ મચી**

## અમદાવાદમાં પોલીસ કર્મચારીએ વેપારીનું અપહરણ કરી ૫૫ લાખની લૂંટ ચલાવી

**આકાશ પટેલ વિરુદ્ધ અપહણ, લૂંટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે આકાશ પટેલ હાલમાં ફરાર છે**

| અમદાવાદ,તા.૨૫ |

અમદાવાદમાં પોલીસ કર્મચારીએ જ વેપારીનું અપહરણ કરી ૫૫ લાખની લૂંટ ચલાવ્યાના આરોપ લાગતા પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. મળતી જાણકારી અનુસાર, ગોલ્ડન ટ્રિપ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના માલિક સંજયભાઈ પટેલે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે શહેરના સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી આકાશ પટેલ અને તેના ચાર સાગરીતોએ અપ હરણ કરી ૫૫ લાખ રૂપિયાની લૂંટ ચલાવી હતી. આકાશ પટેલ વિરુદ્ધ અપહણ, લૂંટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આકાશ પટેલ હાલમાં ફરાર છે. આ કેસમાં પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી હતી. પોતાની ફરિયાદમાં સંજયભાઈ પટેલે કહ્યું હતું કે ૧૮ ઓગસ્ટના રોજ આકાશ પટેલ સહિત ચાર લોકોએ તેમનું અપહરણ કર્યું હતું અને ધમકી આપીને ૫૫ લાખ રૂપિયા લૂંટી લીધા હતા. જોકે બાદમાં આકાશ પટેલે ૩૦ લાખ રૂપિયા પરત કર્યા હતા જ્યારે ૨૫ લાખ રૂપિયા પાછા આપ્યા નહોતા. સાબરમતી પોલીસ સ્ટેશનમા ફરજ બજાવતા પોલીસ કર્મી આકાશ પટેલ અને તેના ચાર સાગરીતો સામે સોલા પોલીસ સ્ટેશનમા ગુનો નોંધાયો હતો. અગાઉ પણ આકાશ પટેલ સામે દિનેશ ઠક્કર નામના વેપારીએ આનંદનગર પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવી છે. આકાશ પટેલે અગાઉ દિનેશ ઠક્કર પાસેથી કારની લે વેચના નામે રૂપિયા પડાવ્યા હતા. બીજી તરફ સુરતમાં પણ યુવકોને માર મારવાના કેસમાં પુણા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.કે.પટેલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પુણા વિસ્તારમાં ૩ યુવકને માર મારવાના કેસમાં પુણા ઁજૈં એ.કે.પટેલને સસ્પેન્ડ કરાયા હતા. આ કેસની તપાસ સારોલી પીઆઈ દેસાઈને સોંપવામાં આવી છે. પીએસઆઈ એ.કે.પટેલ ઘટના વખતે પોઈન્ટ પર હાજર હતા.

**યાદીમાં વિશ્વભરની અજાયબીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો**

## ધોળાવીરાની વૈશ્વિક સ્તરે લેવાઈ નોંધ, વર્લ્ડ એટલાસની યાદીમાં સ્થાન મળ્યું

**આ યાદીમાં ગુજરાતનું ધોળાવીરા સહિત વિશ્વના અન્ય હેરિટેજ સ્થળોનો સમાવેશ થાય છે**

| અમદાવાદ, તા.૨૫ |

ભૂગોળની માહિતી આપતી જાણીતી વેબસાઈટ વર્લ્ડએટલેસે તાજેતરમાં જ અજાયબીઓની યાદી જાહેર કરી છે. આ યાદીમાં ધોળાવીરાને વર્લ્ડ એટલાસ અજાયબીઓમાં સ્થાન મળ્યુ છે. આ યાદીમાં વિશ્વભરની અજાયબીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.ભૂગોળની માહિતી આપતી જાણીતી વેબસાઈટ વર્લ્ડએટલેસે તાજેતરમાં જ અજાયબીઓની યાદી જાહેર કરી છે. આ યાદીમાં ધોળાવીરાને વર્લ્ડ એટલાસ અજાયબીઓમાં સ્થાન મળ્યુ છે.આ યાદીમાં વિશ્વભરની અજાયબીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.આ યાદીમાં ગુજરાતનું ધોળાવીરા સહિત વિશ્વના અન્ય હેરિટેજ સ્થળોનો સમાવેશ થાય છે. જેમાં પાકિસ્તાનું મોહેંજો-દરો, ચીનની જાણીતી દિવાલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગ્રીસમાં આવેલુ ડાયોનિસસનું થિયેટરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

**અમદાવાદમાં ટ્રાફિક નિયમ તોડનારાઓ સાવધાન**

## અમદાવાદમા એક જ મહિનાની અંદર ૧,૪૪૨ વાહનો જપ્ત કરાયા

**ઇસ્કોન બ્રિજ અકસ્માત બાદ ૧ મહિનામાં કેસ કરીને ૪૭ લાખથી વધુની રિકવરી કરવામાં આવી છે**

| અમદાવાદ, તા.૨૫ |

અમદાવાદ ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસ બાદ હવે પોલીસ તંત્ર કડક કાર્યવાહી કરી રહ્યો છે. શહેરના અનેક વિસ્તારોમાં પોલીસ દ્વારા ડ્રાઈવનું આયોજન કરી દંડની વસૂલાત કરવામાં આવી રહી છે. આ દરમિયાન સમાચાર સામે આવ્યા છે કે, પોલીસ દ્વારા માત્ર એક મહિનામાં ૧૪૪૨ વાહન ચાલકો પાસેથી ૪૭.૬૦ લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે. અમદાવાદમાં વિવિધ વિસ્તારમાં પોલીસ દ્વારા ડ્રાઈવ યોજી વાહનચાલકોને દંડ કરવાની સાથે અનેક વાહન જપ્ત કરવામાં આવી રહ્યા છે. જોકે શહેરના પશ્ચિમ વિસ્તારમાં સૌથી વધુ વાહનચાલકો સામે કેસ કરવામાં આવ્યા હતા. જોકે અલગ-અલગ ગુનાઓ નોંધી અનેક વાહનો પણ પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યા હતા. આ સાથે હજી પણ જપ્ત કરેલ વાહનચાલક સામે RTO દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. વિગતો મુજબ ૨૧ જુલાઈથી ૨૦ ઓગસ્ટ સુધી ૧ મહિના દરમિયાન RTOમાં ૧,૪૪૨ વાહન જપ્ત કરવામાં આવ્યા હતા.

**વડોદરામાં પ્રેમિકાને ઈમ્પ્રેસ કરવા યુવકનો અજીબ તુક્કો**

## પ્રેમિકાને ઈમ્પ્રેસ કરવા યુવક નકલી પાયલોટ બની ગયો

| વડોદરા, તા.૨૫ |

પ્રેમિકાને ઈમ્પ્રેસ કરવા યુવકો વિવિધ પ્રકારની યુક્તિઓ અજમાવતા હોય છે. ઘણીવાર તો કાયદાનું પણ ઉલ્લંઘન કરી બેશે છે. આવી જ ઘટના હાલમાં સામે આવી છે વડોદરા ખાતે. અહીં ગર્લફ્રેન્ડને ઈમ્પ્રેસ કરવા યુવક નકલી પાયલોટ બની ગયો હતો. સોમવારે રાત્રે દિલ્હી જતી ફલાઈટમાં પાયલોટની ઓળખ આપી યુનિફોર્મમાં બોર્ડિંગ પાસ સાથે ૨૦ વર્ષીય યુવક ઝડપાયો હતો. મુંબઈના વિલે પારલે ખાતે રહેતા ૨૦ વર્ષીય રક્ષિત મંગેલાની પોલીસે ધરપકડ કરતા ચકચાર મચી જવા પામી છે.

**અમદાવાદથી મુંબઇ રેલવેને લઈ મહત્વના સમાચાર**

## અમદાવાદ-મુંબઈ વચ્ચેની ટ્રેન ૨૬ ઓગષ્ટથી ૨૮ ઓગષ્ટ સુધીની ટ્રેન રદ

**સુરતના ઉધનામાં ટેકનીકલ કારણોસર ટ્રેન વ્યવહારને અસર પહોંચી છે**

| અમદાવાદ,તા.૨૫ |

અમદાવાદ થી મુંબઈ જતી કેટલીક ટ્રેનને રદ કરવાની ફરજ પડી છે. સુરતના ઉધનામાં ટેકનીકલ કારણોસર ટ્રેન વ્યવહારને અસર પહોંચી છે. જેને લઈ અમદાવાદ-મુંબઈ વચ્ચેની કેટલીક ટ્રેનને રદ કરવાની જરુર પડી છે.

અમદાવાદ થી મુંબઈ જતી કેટલીક ટ્રેનને રદ કરવાની ફરજ પડી છે. સુરતના ઉધનામાં ટેકનીકલ કારણોસર ટ્રેન વ્યવહારને અસર પહોંચી છે. જેને લઈ અમદાવાદ-મુંબઈ વચ્ચેની કેટલીક ટ્રેનને રદ કરવાની જરુર પડી છે. ૨૬ ઓગષ્ટથી ૨૮ ઓગષ્ટ સુધીની ટ્રેનને રદ કરવાની ફરજ પડી છે. કેટલીક ટ્રેનને ડાયવર્ટ કરવાની ફરજ પડી છે, તો કેટલીક ટ્રેનને રી-શેડ્યૂલ કરવામાં આવી છે. આમ અમદાવાદ થી મુંબઈ વચ્ચેના રેલવે મુસાફરોને થોડીક સમસ્યાઓ સર્જાશે. અમદાવાદ રેલવે દ્વારા આ અંગેની જાણકારી મુસાફરોને માટે જારી કરવામાં આવી છે. અમદાવાદ રેલવેના પીઆરઓએ આ અંગેની જાણકારી આપતા કહ્યુ કે કેટલીક ટ્રેનો પ્રભાવિત થઈ છે. આ અંગેની યાદી પણ રેલવે દ્વારા જારી કરવામાં આવી છે. મુસાફરોને ઓછી અગવડતા રહે એ માટેનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**સોલા સિવિલને વિશેષ સુવિધા ઉપલબ્ધ કરાવવાનો આપ્યો નિર્દેશ**

## દુષ્કર્મ પીડિતાને ૨૬ સપ્તાહના ગર્ભના ગર્ભપાતની મંજૂરી

| અમદાવાદ, તા.૨૫ |

ગર્ભપાતને લઇ સુપ્રીમકોર્ટના અવલોકન બાદ ગુજરાત હાઇકોર્ટે મંજૂરી આપી છે. દુષ્કર્મ પીડિતાને ગર્ભપાતની ગુજરાત હાઇકોર્ટે મંજૂરી આપી છે. ૨૨ વર્ષની પીડિતાના ૨૬ સપ્તાહના ગર્ભને ગર્ભપાતની મંજૂરી આપી છે. અત્રે જણાવી દઈએ કે, મેડિકલ બોર્ડના રિપોર્ટ બાદ ગુજરાત હાઇકોર્ટે મંજૂરી આપી છે. મેડિકલ રિપોર્ટમાં વિશેષ સુવિધા સાથે ગર્ભપાતની મંજૂરી આપવા ઉલ્લેખ કરાયો છે. રિપોર્ટના આધારે સોલા સિવિલ હોસ્પિટલને વિશેષ સુવિધા ઉપલબ્ધ કરાવવા ગુજરાત હાઇકોર્ટે નિર્દેશ આપ્યો છે. ૨૮મી ઓગસ્ટ સુધીમાં સોલા હોસ્પિટલમાં ગર્ભપાત કરાવવા મંજૂરી આપી છે. અગાઉ સુરતની દુષ્કર્મ પીડિતાને હાઈકોર્ટે ૨૬ સપ્તાહનો ગર્ભપાત કરવાની મંજૂરી આપી હતી. યુવતી ગર્ભવતી થઈ ગઈ હોવાથી પરિવાર દ્વારા યુવતીનો ગર્ભપાત કરાવવા હાઇકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં ૨૩ વર્ષીય પીડિતા માનસિક અસ્થિર હોવાનો ઉલ્લેખ કરાયો હતો. ઉપરાંત અરજીમાં યુવતીના પિતાની પણ માનસિક સ્થિતિ સારી ન હોવાનો ઉલ્લેખ હતો. ૨૩ વર્ષીય પીડિતા પર પિતાના મિત્રએ દુષ્કર્મ આચર્યુ હતું. તેનાથી તેને ગર્ભ રહી ગયો હતો. હાઇકોર્ટે તબીબોના રિપોર્ટના આધારે સગીરના ગર્ભપાત કરાવવા મંજૂરી આપી હતી.

## નવસારીમાં બુટલેગર અને PSIની જુગલબંધી

| નવસારી, તા.૨૫ |

ગુજરાતમાં દારૂબંધી વચ્ચે અનેક વાર દારૂ પકડાતો હોય છે. જોકે તમે ક્યારેય એવું જોયું છે કે, કોઈ ડાયરામાં PSI પર બુટલેગર પૈસા ઉડાડતા હોય ? આવી જ એક ઘટના નવસારીથી સામે આવી છે. વાત જાણે એમ છે કે, અગાઉ નવસારીમાં અને હાલ સુરતમાં ફરજ બજાવતા PSI એક ડાયરામાં ભાગ લેવા નવસારી પહોંચ્યા હતા. જ્યાં તેમની પર બુટલેગરોએ પૈસાનો વરસાદ કર્યો હતો. નવસારીમાં નવસારીમાં ડાયરામાં બુટલેગર સાથે પોલીસની સંડોવણી હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, નવસારી શહેરમાં સાંઇ મંદિરના લાભાર્થે એક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે આ ડાયરામાં અગાઉ નવસારીમાં ફરજ બજાવી ચૂકેલ અને હાલ સુરતમાં PSI તરીકે ફરજ બજાવતાં એસ.એફ. ગોસ્વામી સ્ટેજ પર બુટલેગર સાથે દેખાતા ચકચાર



મચી ગઈ છે. બુટલેગરોએ PSI પર ઉડાડ્યા પૈસા સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ વિડીયોમાં PSI સાથે બુટલેગર લાલો, દીપક ઉર્ફે બાબાએ રૂપિયા ઉડાવ્યા હતા. આ સાથે લિસ્ટેડ બુટલેગર લાલો પટેલ PSIનો વીડિયો ઉતારતો નજરે પડ્યો છે. આ તરફ હવે આ વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં PSI અને બુટલેગરની જુગલબંધી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨